PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 2, Year: 71, May 2026, Pages: 52, Price Rs. 7.00



**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ**

**કાર્યવાહક સમિતિની ચુંટણી તા. ૦૭ જુન ૨૦૨૬ વિગતવાર માહિતી પાના નં. ૭ પર આપેલ છે.**

આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

|| શ્રી પરમાત્માય નમઃ ||

## શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી ના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨ / ૦૯૮૨૫૪ ૧૪૪૭૦
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ. સ. ૧૯૦૬ રજી નં. - ૧૭૪૪
Tust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**
૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
સેન્ટ્રલ સિનેમાની પાછળ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ઓફીસ ફોન : ૨૩૮૭ ૮૪૭૬
મોબાઈલ : ૯૮૨૦૦ ૭૮૭૭૨

## ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ (૧૨ - મહિના) માં કરેલ કાર્યની યાદી

મોટા જીવો / નાના જીવો
તથા
બકરીને અભયદાન - ૨૫૪૯

ઘાસચારો - ૮૩૮૪૦ કિલો
ગોળ - ૩૬૯૦ કિલો

| | | |
|---|---|---|
| Bank Name | : | AXIS BANK LTD. |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 921010033621820 |
| IFSC | : | UTIB0002274 |
| Branch | : | Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name | : | BANK OF INDIA |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 000120100001219 |
| IFSC | : | BKID0000001 |
| Branch | : | (Mumbai Main Br.) |

SCAN QR CODE FOR PAY

દાન એજ સફળ જીવન

લી. ટ્રસ્ટીગણ


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


Advt.

## BIO-DATA

# DHARMIL PIYUSH GOPANI



| | | |
|---|---|---|
| Date of Birth | : | 16th August 1997 (Rajkot), 11:23 am |
| Height | : | 5'11" |
| Native Place | : | Botad |
| Religion | : | Zalawadi Vishashrimali Sthankwasi Jain |

### CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Mob. No. | : | 7303206202 |
| Mail id | : | dharmilgopani16@gmail.com |
| Instagram id | : | dharmilgopani |
| Address | : | 903, Shree Radhe Darshan C.H.S,<br>Hemukalani Cr. Road 2, Kandivali (W),<br>Mumbai – 400067. |

### EDUCATION & PROFESSION

| | | |
|---|---|---|
| Educational Details | : | B.E. Mechanical Engineering |
| Occupation | : | Sales Manager<br>Manupatra Information Solutions Pvt Ltd. |

### FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Piyush Hasmukhlal Gopani (9820681160)<br>Business – Piyush Trading Corporation, Mumbai - 400002<br>Distributors & Dealers in Electrical Goods. |
| Mother | : | Rajul Piyush Gopani (9930752404) (Homemaker) |
| Brother (Younger) | : | Jinesh Piyush Gopani<br>Working at S&P Global, Pursuing CFA. |
| Kaka / Kaki | : | Rajesh H. Gopani (9820696554) / Purvi Rajesh Gopani<br>B-1901, Sai Elegance, Iraniwadi 3, Kandivali (W), Mumbai – 67. |
| Fiya | : | Pragna H. Gopani |
| Grand Parents | : | Late Shri Hasmukhlal Kalidas Gopani<br>Late Smt. Arunaben Hasmukhlal Gopani |

### MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Nana | : | Prof. Gunvantray Chandulal Shah (Rajkot) |
| Nani | : | Smt. Prafullaben Gunvantray Shah |
| Mama | : | Prof. Devang Gunvantray Shah (Rajkot) (9427253007) |
| Masa | : | Bhavin Kanubhai Sanghani (Gondal) (9824801041) |

### REFERENCES

| | | |
|---|---|---|
| Pravinchandra Kantilal Shah | (Ghatkopar) | (9869640429) |
| Arvindbhai Chhotalal Gopani | (Borivali) | (9323274167) |
| Sureshbhai Manilal Shah | (Ghatkopar) | (9821206623) |

Advt.


hs INTERNATIONAL
એચ.એસ. ઈન્ટરનેશનલ રજૂ કરે
નિંબૂ રસ
Nimboo Ras
100% Pure & Natural
શુદ્ધ અને કુદરતી નિંબુ રસ કન્સન્ટ્રેટ
મુંબઈ સ્થિત એચ.એસ. ઈન્ટરનેશનલ પ્રથમ વખત ભારતમાં લાવ્યું છે
નિંબુ રસ – શુદ્ધ અને કુદરતી નિંબુ રસ કન્સન્ટ્રેટ,
જે પેટન્ટેડ નિંબુ આકારની બોટલમાં ઉપલબ્ધ છે.
મુખ્ય વિશેષતાઓ
99.99% શુદ્ધ નિંબુ રસ.
ખાંડ, પાણી કે કૃત્રિમ સ્વાદ ઉમેરાયેલ નથી.
પેટન્ટેડ નિંબુ આકારની બોટલ.
વિવિધ કદમાં ઉપલબ્ધ: 14 નિંબુ, 30 નિંબુ અને 100 નિંબુના સમકક્ષ.
ઉપલબ્ધતા
• Amazon અને Flipkart પર સરળતાથી ઉપલબ્ધ.
• QR કોડ સ્કેન કરો અથવા Nimboo Ras શોધીને ખરીદી કરો.
amazon
Flipkart
થોક ખરીદી
થોક ઓર્ડર માટે કૃપા કરીને સીધા એચ.એસ. ઈન્ટરનેશનલનો સંપર્ક કરો.
નિંબુ રસ દરેક ટીપામાં અસલી નિંબુની તાજગી આપે છે, જે ઘર, રેસ્ટોરન્ટ અને કેટરિંગ સેવાઓ માટે અનુકુળ છે.
14 નિંબુના સમકક્ષ
30 નિંબુના સમકક્ષ
100 નિંબુના સમકક્ષ
Lemon Juice Concentrate
સંપર્ક નંબર
7021208380
Mail :
sales@hsinternational22.com
Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

મે ૨૦૨૬

વર્ષ : ૭૧ : : અંક : ૨

: તંત્રી :

શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ

: મુદ્રક અને પ્રકાશક :

શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ

: પ્રકાશન સ્થાન :

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪

: ફક્ત પત્રિકાનું લવાજમ :

ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*


# યાદો

પ્રભાતે ઘંટીએ દળણા દળાય,
ચુલેને સગડીએ ભોજનિયા થાય.
વહેલી સવારે નદીને કાંઠે,
માથે બેડાં લઈ વિરડાની વાટે.

નદીના નીરમાં પગને ઝબોળતા,
રેતીમાં રૂડાં પગલા રે પાડતા.
નણંદની મીઠી વાતો તે વાટે,
ભર રે બજારે ઘૂંઘટની સાથે.

ખુલ્લા આકાશને ખુલ્લી આ ધરતી,
સૈહરની સાથે મસ્તી રે માણતા.
વિરડાના પાણીથી બેડાં છલકાવતા,
ઘરના પાણિયારે એ રે ચમકતા.
માથે મેલાં કપડાંના પોટલા,
નદીને કાંઠે ઉજળા રે કરતા.
રેતીના પટમાં એરે સૂકવતા,
ઘરે આવી રોટલા ખાતા,

આવા તે કામની સૂઝ રે ન્હોતી,
સમતા, હિંમતને હૈયે રે રાખી.
સમયને પારખી હસીને કરતી ,
હૈયે ભરી આતો જીવન ઝરમર.
કુવાના પાણી સીંચવા રે અઘરા,
પિયુ પરદેશ અને, હૈયે રે શમણા.
સાસુ સસરાના આશિષ શું પામતા,
દિયર, નણંદીના હેત રે મળતા.
જીવન પલટાણા ને રહી ગઈ વાતો
આતો જીવનની હૈયે ભરી યાદો



– વિમળાબેન ધીરૂભાઈ શાહ

# 'મોટી બહેને ઓરડો ઓઢ્યો છે'

ગુણવંત બરવાળિયા

પ્રધાને સડકના કિનારે એક સૂતેલી વ્યક્તિને જોઈ. કોઈ સારા ઘરની વ્યક્તિ હોય તેવું લાગતું હતું. આજુબાજુ ઊભેલ કેટલાક ગામલોકોને પૂછ્યું કે, 'આ કોણ સૂતું છે?' લોકોએ કહ્યું કે, 'અહીં કોઈ સૂતું નથી, પરંતુ આ મૃતદેહ છે.' તો પ્રધાનકહે, 'તેને અહીંથી તેના ઘરે પહોંચાડવું જોઈએ.' લોકો કહે, 'આ વ્યક્તિ બરાબર ન હતી.' કોઈ કહે, એનું ચારિત્ર્ય બરાબર ન હતું, તો કોઈ કહે, એ નશાખોર હતો. પ્રધાન કહે, 'એ ગમે તેવો હોય, એક ઈન્સાનના મૃતદેહને અંતિમસંસ્કાર મળે તે આપણું કર્તવ્ય છે.' પણ કોઈ તેને ઉપાડવા આગળ ન આવ્યું. પ્રધાન અને સાથે આવેલ શ્રેષ્ઠીઓ એ મૃતદેહને તેના ઘરે લઈ ગયા. મૃતદેહ ઘરે આવતાં તેની પત્ની, પુત્ર અને પુત્રી રડવા લાગ્યાં. પ્રધાને તેમને સાંત્વના આપી અને કહ્યું કે, 'સડકકિનારે તેનો મૃતદેહ પડ્યા હતો પરંતુ તેને ઊંચકવા કોઈ તૈયાર ન હતું. બધા કહે, આ માણસ બરાબર ન હતો.'

પત્ની કહે, 'થોડા સમયથી તેને છાતીમાં દુઃખાવો રહેતો હતો. ડૉક્ટરને બતાવવા બધા રિપોર્ટ કાઢ્યા પછી ડૉક્ટરે કહ્યું, તમારું હૃદય ઘણું નબળું છે, હવે શ્રમ બિલકુલ ઓછો કરો ને આરામ વધારે, પણ તે ન માન્યા. વહેલી સવારથી જ કામ લાગી જતા. મારા પતિ બધી રીતે સારા હતા. કોઈ વ્યસન ન હતું, ચારિત્ર્ય પણ નિર્મળ. જીવદયા તેના હાડેહાડમા. પારકી છઠ્ઠીના જાગતલ હતા, પણ લોકો તો જેવું જુએ તેવું વિચારે. પ્રધાન કહે, બહેન, 'લોકો શું જુએ અને વિચારે આ વિધાન સમજાતું નથી. તેની પત્ની કહે, એ દર અઠવાડિયે એક વાર દારૂના પીઠામાં જાય. દારૂના બે ગ્લાસ ખરીદે અને ત્યાં જ ઢોળી નાખે. મને ઘરે આવીને કહે કે, આજે એક-બે વ્યક્તિને દારૂ નહીં મળે, તે નશાથી વંચિત રહેશે તેનો મને આનંદ.'

થોડા દિવસ થયા ત્યાં ગણિકાગૃહમાં જાય. પૂરી રાતના તેને પૈસા ચૂકવીને તુરંત ઘરે આવી જાય ને પેલીને કહે કે, આજે તારે વેશ્યાવૃત્તિથી મુક્તિ લેવાની ને ભજન કરવાનું ને આરામ કરવાનો ને મને ઘરે આવીને કહે કે, 'આજે બે-ત્રણ યુવાનો વ્યભિચારથી બચશે.

એક દિવસ બાજુના ગામડામાં ઉઘરાણી કરવા એક ઘરે ગયા. મને કહે, હું જે ઘરે ગયો ત્યાં બહાર એક દીકરી બેઠી હતી. મેં તેને કહ્યું કે, મોટીબહેન ક્યાં છે? તે મને કહે કે, મોટીબહેને ઓરડા ઓઢ્યો છે. તમારે થોડી વાર વાટ જોવી પડશે. હું અંદર જાઉં પછી થોડી વાર પછી મોટીબહેન બહાર આવશે. મેં પૂછ્યું, ઓરડો ઓઢ્યો એટલે શું કોઈ પૂજાની વિધિ કરી રહ્યાં છે? તો તે કહે, ના કાકા. અમારા બે વચ્ચે ઉપરનો કમખો ને ઓઢણી એક જ છે, મારે બહાર જવાનું હોય ત્યારે હું એ પહેરીને બહાર નીકળું ત્યારે એ ઓરડો બંધ કરીને અંદર કામ કરે ને પછી હું પાછી આવું ત્યારે તેને એ કપડાં આપી દઉં. એ અંદર ગઈ અને તુર્ત હું ઉઘરાણી કર્યા વગર બહાર નીકળી ગયો કે આ સ્થિતિમાં હું તેની પાસે શું પૈસા માગું?

પછી તો અઠવાડિયે - પંદર દિવસે અલગ અલગ ગામડામાં જવાનું થાય તો ત્રણ-ચાર જોડી કપડાની, ત્રણ-ચાર પોટલી બનાવે એ જરૂરિયાતવાળા ઘરે સાઈકલ પર જઈને પોટલીઓ પહોંચાડે. એ કહેતા કે, મેં વાંચેલું કે ગાંધીબાપુએ જાણ્યું કે 'કેટલીક બહેનો અર્ધનગ્ન અવસ્થામાં રહે છે, ત્યારથી તેમણે શરીર ઉપરનાં પહેરણનો ત્યાગ કર્યો ને માત્ર પોતડી પહેરતા' તો આપણે તો આપણાથી થાય એટલું કરીએ. મને કેટલાક ગામના બૈરા કહેતા કે, તારો ધણી ગામડાનાં બૈરાને કપડાં આપે છે, ધ્યાન રાખજે. પણ મનેતો બધી ખબર જ હતી.

તેને નિયમ કે, દર મહિને કસાઈખાને જતી એક ગાય અને બળદને છોડાવીને પાંજરાપોળમાં મૂકે. ગાયો માટે અલગ બચત કરે અને અમે દર ખીહરે - મકરસંક્રાંતે પાંજરાપોળમાં ગાયોને ગોળ ખવરાવીને અને બચત પાંજરાપોળ કે ગૌશાળામાં જમા કરાવીએ.

હું ઘણી વાર એને કહેતી કે, બીજું બધું તો ઠીક પણ તમે કોઠે ને પીઠે જાવ છો ને જ્યારે તમે મરશો ને ત્યારે તમારી નનામી માટે ડાઘુઓ પણ નહીં મળે, તે કહે ઉપરવાળો બધું જ જુએ છે. મારા જીવનના સંતોષ માટે હું બધું કરું છું. તારી હૈયતીમાં હું જઈશ. તું જોજે, મારી અંતિમયાત્રા પ્રધાન અને આગેવાનો જેવા શ્રેષ્ઠીવર્યો કાઢશે. પ્રધાન સાથે આવેલ એક આગેવાને કહ્યું કે, 'હા બહેન, તે સંપૂર્ણ સત્ય કહી ગયા. આ આપણા પ્રધાન છે અને સાથે ગામના આગેવાનો ને શ્રેષ્ઠીવર્યો છે. સહુ મળીને તેના અંતિમસંસ્કાર કરીશું.'

શ્રદ્ધાંજલિ આપતા પ્રધાને કહ્યું કે, 'આ વ્યક્તિ માનવતાના મંદિરનો પૂજારી હતો. તેણે તેના જીવનમાં જીવદયાની જ્યોત જગાવી હતી. ઉચ્ચગતિમાં ગયેલ આ આત્મા આપણા સૌ માટે પ્રેરક બની ગયો.'

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

## કાર્યવાહક સમિતિના ૨૧ સભ્યોની ચૂંટણી

**ચૂંટણી તારીખ : રવિવાર, ૦૭-૦૬-૨૦૨૬**
**ચૂંટણીનું સ્થળ : શ્રી અમુલખ અમીચંદ હાઈસ્કુલ,**
**રફી અહમદ કિડવાઈ રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯.**
**સમય : સવારે ૦૯.૦૦ કલાકથી બપોરે ૪.૦૦ કલાક સુધી**

**સભ્ય ભાઈ-બહેન,**

ઉપરોક્ત સંસ્થાની કાર્યવાહક સમિતિના ૨૧ સભ્યોની ચૂંટણી તા. ૦૭-૦૬-૨૦૨૬ ને **રવિવારે સવારે ૧૦-૦૦ થી ૪-૦૦ સુધીજ** શ્રી અમુલખ અમીચંદ હાઈસ્કુલ, રફી અહમદ કીડવાઈ રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯, સ્થળે યોજવામાં આવી છે તો સંસ્થાના સર્વ સભ્યોએ આ સમય દરમ્યાન મતદાન કરવા વિનંતી છે.

- ચૂંટણી માટેના મતદાતાઓના નિયમો તથા ઉમેદવારો માટેના નિયમો નીચે આ પ્રમાણે છે :
- આ ચૂંટણી માટે **શ્રી દીલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ**ની મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરી છે. તથા **શ્રી નરેશભાઈ ત્રંબકલાલ શાહ** અને **શ્રી નિમેષભાઈ નવિનચંદ્ર શાહ**ની મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.
- 'ઝાલાવાડી સભા'ના દરેક સભ્યોને ચૂંટણી માટે અલગ સૂચનાપત્ર મોકલાતો નથી. પણ માસિક પત્રિકા દ્વારા માહિતી આપવામાં આવે છે તેની નોંધ લેવા વિનંતી.

### ઉમેદવારો માટેના નિયમો

(૧) ચૂંટણી અધિકારીનો નિર્ણય દરેક બાબતમાં સર્વેને બંધનકર્તા રહેશે. તેમજ ચૂંટણી અધિકારીએ આપેલ દરેક સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૨) ચૂંટણીનું પરિણામ આખરી ગણાશે અને ચૂંટણી પરિણામ જાહેર થયા પછી ફરી મતગણતરી recounting કરવા માટે ઉમેદવારના સ્વખર્ચે ચુંટણી કમિશ્નર નક્કી કરે તે સમય મુજબ કરવામાં આવશે.

(૩) ઝાલાવાડી સભા (મુંબઈ) ના LM તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી 'સભ્ય હોય તે જ' ઉમેદવારી નોંધાવી શકશે. (એટલે કે ૩૦-૧૧-૨૦૨૫ વાર્ષિક સભ્યએ લવાજમ રિન્યુ કરાવ્યું હોય તે સભ્ય) અને જેઓ ચૂંટણીના દિવસ પહેલા બે વર્ષથી સંસ્થાનું સભ્યપદ (લવાજમ ભરેલ) હોય તે સભ્ય ઉમેદવારી નોંધાવી શકશે. YM Valid upto 31-3-2026.

(૪) **ઉમેદવારી પત્રક મેળવવાની તારીખ :** ઉમેદવારે લેખિત અરજી કરીને સભાએ નિયત કરેલું ઉમેદવારી પત્રક સંસ્થાના કાર્યાલયના કામકાજના સમયે તા. ૦૨-૦૫-૨૦૨૬ થી તા. ૦૯-૦૫-૨૦૨૬ સુધી રૂા. ૧૦૦/- આપી પ્રાપ્ત કરવાનું રહેશે. (રવિવાર તથા રજાના દિવસ સિવાય). ઉમેદવાર 'ઝાલાવાડી સભા'-મુંબઈ ના સભ્ય હોવા જરૂરી છે.

(૫) **ઉમેદવારી નોંધાવવાની તારીખ :** તા. ૦૨-૦૫-૨૦૨૬ થી તા. ૦૯-૦૫-૨૦૨૬ સુધી ઝાલાવાડી સભાના કાર્યાલયે ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવવાની રહેશે તથા તેની રસીદ મેળવી લેવાની રહેશે. ઉમેદરવારી પત્ર સાથે રૂા. ૫૦૦૦/- કાર્યવાહક સમિતિ માટે ભરવાના રહેશે જે પરત આપવામાં આવશે નહીં. [Non Refundable Amount]

(૬) દરેક ઉમેદવારે પોતાના પાસપોર્ટ સાઈઝના લેટેસ્ટ ત્રણ ફોટા ઉમેદવારી પત્રક સાથે આપવાના રહેશે. (નાના-મોટા ફોટા ચાલશે નહી)

(૭) **ઉમદેવારી પત્રકની ચકાસણીની તારીખ :** તા. ૧૧-૦૫-૨૦૨૬ ના રોજ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે. અધુરી માહિતી વાળા ઉમેદવારી પત્રક તથા સભાના ચુંટણી અંગેના નિતીનિયમ મુજબ હોવું જરૂરી છે. તે મુજબ ઉમેદવારી પત્રક નહી હોય તો ચકાસણી દરમ્યાન રદ કરવામાં આવશે.

(૮) **ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ :** તા. ૧૪-૦૫-૨૦૨૬ સુધી સાંજે ૫.૦૦ કલાકે સુધી જ સભાના કાર્યાલયે નિયત કરેલા અરજી ફોર્મ ભરીને ઉમેદવાર પોતે ઉમેદવારી પાછી ખેંચી શકશે.

**ચુંટણીમાં ઉભા રહેલ ઉમેદવારોના (Final List) નામો તા. ૧૪-૦૫-૨૦૨૬ ના રોજ સાંજે ૫.૦૦ વાગે સભાની ઓફિસમાં મુકવામાં આવશે.**

**કાર્યાલયનો સમય :** સવારે ૧૧-૦૦ થી સાંજે ૬-૦૦ સુધી (રવિવાર તથા રજાના દિવસ સિવાય)

- સભાના કાર્યાલયમાં ઉમેદવારી નોંધાવતા પહેલાં ઉમેદવારી પત્રકની અને ઉમેદવારી પાછી ખેંચતાં પહેલાં નિયત કરેલાં અરજી ફોર્મની copy **ચૂંટણી અધિકારી શ્રી નરેશભાઈ ત્રંબકલાલ શાહ**ને WhatsApp. No.77382 27447 ઉપર મોકલવાનું રહેશે.
- અત્રે ઉમેદવારો માટે પ્રાથમિક -Primary નિયમો આચાર-સંહિતા આપવામાં આવેલ છે. - વિસ્તૃત વિગત ઉમેદવારી પત્રકમાં રહેશે.
- ચૂંટણી અધિકારીના ઉપરોક્ત દર્શાવેલા નિયમો/ચૂંટણી સ્થળ તારીખ અને સમયમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર રહેશે.
- ઉપરોક્ત દરેક નિયમ ચૂંટણીલક્ષી કાર્યવાહી પારદર્શક બને તથા ચૂંટણી અધિકારીને સહાયરૂપ બને તે માટે રાખવામાં આવેલ છે.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# કારોબારી સમિતિની ચૂંટણી

## સભાના સભ્યોને નમ્ર વિનંતી

મે ૨૦૨૬ની સભાની પત્રિકામાં સભાના કારોબારી સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો છે. આ ચૂંટણી રવિવાર તા. ૦૭ જુન ૨૦૨૬ ના રોજ યોજાશે. તે અંગેની અન્ય જરૂરી વિગતો આ પત્રિકામાં આપવામાં આવી છે. આપણાં સૌનો સામાન્ય અનુભવ એવો છે કે સભાના સભ્યોનો માત્ર અમુક વર્ગ જ પોતાનો કીમતી મત આપવા આગળ આવ્યા છે. મતદાતા તરીકે સભ્યો તેમને મળેલ મતાધિકારનો ઉપયોગ કરવો જ જોઈએ. મતદાન એક અધિકાર છે તો સાથે એક ફર્જ પણ છે. આ જાહેર પરિપત્ર દ્વારા આપ સૌ સભ્યોને આપનો કીમતી મત આપવા માટે ચૂંટણીના સ્થળે પધારવા અમારી નમ્ર આગ્રહભરી વિનંતી છે.

આ અપીલ કોઈ ચોક્કસ ઉમેદવાર કે ગ્રુપ (પેનલ) ઓફ (ઉમેદવારને) મત આપવા માટે નથી. આ અપીલ માત્ર ને માત્ર તમારો મત આપવા માટે ચોક્કસથી પધારવા માટે છે. તમને મનગમતા ઉમેદવારને, તમને જેની શક્તિ અને સમજણ પર ભરોસો હોય એવા ઉમેદવારને, મત આપવા માટે છે કે જે આ એકસોવીસ વરસ જૂની સંસ્થાને પ્રગતિના અને સમાજહિતના વધુ ને વધુ કાર્યો કરવાના પંથે આગળ લઈ જવામાં પીઠબળ પૂરું પાડી શકે.

આપ સર્વેને વિદિત છે તેમ સભાએ તેના અસ્તિત્વના સૌથી વધુ વરસોમાં સમાજસેવાના (અને) સભ્યોના ઉત્કર્ષનાં વિવિધ કામો કર્યા છે જે આપ સૌ સભ્યોના, અને ઑફિસ બેરર્સના સાથ સહકાર કે ટીમ વર્ક સિવાય શક્ય ન બન્યું હોત.

દેશમાં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. નાગરિકો અને મતદાતાઓ જાગૃત બન્યા છે એનું પ્રતિબિંબ ૨૦૧૪થી માંડીને આજસુધી યોજાયેલ વિવિધ સ્તરની ચૂંટણીઓ (લોકસભા હોય, રાજ્યોની વિધાનસભા હોય કે મ્યુનિસિપલ કોર્પોરેશન્સ હોય) માં ઉત્તરોત્તર વધતી જતી મતદાનની ટકાવારીમાં પડેલ છે.

જેમ દેશ માટે જરૂરી છે તેમ સમૃદ્ધ તંદુરસ્ત સમાજના નિર્માણ માટે પણ આવી જ સતર્કતા અને જાગૃતિની જરૂર છે. કોઈપણ સંસ્થા (સામાજિક કે ધાર્મિક) માટે સભ્યો તેના પ્રાણ સમાન છે. સંયુક્ત રીતે સભ્યો પોતાની વિવેકબુદ્ધિ વાપરીને પોતાના કીમતી મત દ્વારા આ સંસ્થાના ઉત્થાનમાં પોતાનો અમૂલ્ય ફાળો આપી શકે છે.

સભાનો પાયો નખાયો ત્યારથી અત્યાર સુધી રહી ચૂકેલા હોદ્દેદારોની સેવાઓને અમે બીરદાવીએ છીએ. અનેક રીતે સભાના ઉત્કર્ષમાં તમારું યોગદાન આપી શકો. યોગ્ય ઉમેદવારને મતદાન એ તમારું સભા માટેનું સૌથી મોટું યોગદાન છે.

આપના વેકેશનના પ્રોગ્રામમાં પણ શક્ય હોય તે રીતે યોગ્ય ફેરફાર કરી આપનું મતદાન જરૂર કરશો. આપના સાથ સહકારની અમને ખાત્રી છે કે અમે સભાને સક્ષમ ટીમ (કારોબારી સમિતિ) આપવાની સભાએ અમને સોંપેલ ફરજ સફળ બનાવીશું.

દેશના નાગરિકો જાગૃત બનશે તો સભાના સભ્યો કેમ નહીં? સભાના સભ્યોમાં અમને વિશ્વાસ અને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો (આપ) જોરદાર જવાબ આપી મતપેટીઓ તમારા અમૂલ્ય મતોથી છલકાવી દેશો.

આવો, સાથે મળીને સભા માટે સિદ્ધિના સોપાનો સર કરવામાં સહભાગી બનીએ.

**ચૂંટણી કમિશનર : શ્રી દીલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ**

**મદદનીશ ચૂંટણી અધિકારી : શ્રી નરેશભાઈ ત્રંબકલાલ શાહ અને શ્રી નિમેષભાઈ નવિનચંદ્ર શાહ**

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ

**૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ
# કાર્યવાહક સમિતિના ૨૧ સભ્યોની ચૂંટણી

**ચૂંટણી તારીખ** : **રવિવાર, ૦૭-૦૬-૨૦૨૬**
**ચૂંટણીનું સ્થળ** : **શ્રી અમુલખ અમીચંદ હાઈસ્કુલ, રફી અહમદ કિડવાઈ રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯.**
**મતદાન સમય** : **સવારે ૯.૦૦ કલાકથી બપોરે ૪.૦૦ કલાક સુધી**

## મતદારો તથા ઉમેદવારો માટે આચારસંહિતા તથા માહિતી

**સભ્ય ભાઈ-બહેન,**

ઉપરોક્ત સંસ્થાની કાર્યવાહક સમિતિના ૨૧ સભ્યોની ચૂંટણી યોજવામાં આવી છે તો સંસ્થાના સર્વે સભ્યોએ આ સમય દરમ્યાન મતદાન કરી જવા વિનંતી છે. સ્થળ, તારીખ, સમય ઉપર પ્રમાણે છે.

આ ચૂંટણી માટે **શ્રી દીલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ**ની મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરી છે. તથા **શ્રી નરેશભાઈ ત્રંબકલાલ શાહ** અને **શ્રી નિમેષભાઈ નવિનચંદ્ર શાહ**ની મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

**ચૂંટણીના નિયમો નીચે પ્રમાણે છેઃ**

૧) તા. ૩૦-૧૧-૨૦૨૫ પહેલાથી સંસ્થાના સભ્યપદનું લવાજમ ભરેલા સભાના સભ્ય હશે તેવા સભ્ય જ (વાર્ષિક કે આજીવન) મત આપી શકશે. વાર્ષિક સભ્યે તા. ૧-૪-૨૦૨૬ થી ૩૧-૦૩-૨૦૨૭ ના વર્ષનું લવાજમ ભરેલું હોવું જોઈએ.

૨) ઝાલાવાડી સભા (મુંબઈ) ના LM તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી 'સભ્ય હોય તે જ' ઉમેદવારી નોંધાવી શકશે. (એટલે કે ૩૦-૧૧-૨૦૨૫ વાર્ષિક સભ્યએ લવાજમ રિન્યુ કરાવ્યું હોય તે સભ્ય) અને જેઓ ચૂંટણીના દિવસ પહેલા બે વર્ષથી સંસ્થાનું સભ્યપદ (લવાજમ ભરેલ) હોય તે સભ્ય ઉમેદવારી નોંધાવી શકશે. YM Valid upto 31-3-2026.

૩) **ઉમેદવારી પત્રક મેળવવાની તારીખ :** ઉમેદવારે લેખિત અરજી કરીને સભાએ નિયત કરેલું ઉમેદવારી પત્રક સંસ્થાના કાર્યાલયના કામકાજના સમયે તા. ૦૨-૦૫-૨૦૨૬ થી તા. ૦૯-૦૫-૨૦૨૬ સુધી રૂા. ૧૦૦/- આપી પ્રાપ્ત કરવાનું રહેશે. (રવિવાર તથા રજાના દિવસ સિવાય). ઉમેદવાર 'ઝાલાવાડી સભા'-મુંબઈ ના સભ્ય હોવા જરૂરી છે.

૪) કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી માટે મતદારે ૨૧ મત ફરજિયાત આપવાના રહેશે. ૨૧ મતથી વધારે કે ઓછા મત આપનારનું મતપત્રક રદ થશે.

૫) સભ્યે પોતે જાતે જ મત આપવા આવવું પડશે. તેમના વતી બીજા કોઈપણ મત આપી શકશે નહિ.

૬) મતદારે પોતાનું મેમ્બરશીપ કાર્ડ (નવું) અવશ્ય સાથે લાવવું જરૂરી છે તથા ફોટાવાળું ઓળખપત્ર, પેન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, ઈલેક્શન કાર્ડ અથવા પાસપોર્ટ અવશ્ય સાથે લાવવું.

૭) કોઈપણ ઉમેદવાર કે અન્ય કોઈ વ્યક્તિ ચૂંટણી અંગે અખબારમાં નિવેદન કે જાહેરખબર આપી શકશે નહીં અને ચૂંટણીના સ્થળ ઉપર કે ચૂંટણી અધિકારીએ નક્કી કરેલ ચૂંટણી સ્થળની સીમાની અંદર ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

૮) ચૂંટણી અધિકારીનો નિર્ણય દરેક બાબતમાં સર્વને બંધનકર્તા રહેશે. તેમ જ ચૂંટણી અધિકારીએ આપેલ દરેક સૂચનાનું પાલન કરવાનું રહેશે.

૯) ચૂંટણીનું પરિણામ આખરી ગણાશે અને ચૂંટણી પરિણામ જાહેર થયા પછી ફરી મતદાન ગણતરી રિકાઉન્ટીંગ કરવા માટે ઉમેદવારના સ્વખર્ચે ચૂંટણી કમિશનર નક્કી કરે તે સમય મુજબ કરવામાં આવશે.

૧૦) **ન્યાયી પંચ :** ન્યાયી પંચ તરીકે શ્રી અજયભાઈ નગીનદાસ ખંધાર અને શ્રી જિતેનભાઈ ઇંદુલાલ ખાટડિયાની નિમણૂક કરવામાં આવી છે. આ ન્યાયી પંચ ચૂંટણી પછી ઊભી થતી તકરારનો નિકાલ કરશે. ચૂંટણી પરિણામ આવ્યા પછી તરતના સાત દિવસની અંદર લેખિત ફરિયાદ પંચને કરવાની રહેશે. ન્યાયી પંચનો ચુકાદો અંતિમ અને બધાને બંધનકર્તા રહેશે અને કોઈ કોર્ટનો સહારો લઈ શકશે નહીં.

૧૧) ચૂંટણી સ્થળે કોઈ મિટીંગ રાખી નથી તેથી દરેક સભ્ય-મતદારે પોતાનું મતપત્રક મેળવી, ગુપ્ત મતદાન કરી ચૂંટણી સ્થળેથી નીકળી જવાનું રહેશે.

૧૨) ઉમેદવારોને મતગણત્રીનું કામ પૂરું થયા પછી પરિણામ આપવામાં આવશે ત્યા સુધી શાંતિ જાળવી સહકાર આપવા વિનંતી

**ઉપરોક્ત આચારસંહિતાનું પાલન કરવું તે દરેક સભ્યની પવિત્ર ફરજ છે.**

# ''મા'' ની મમતા



ચંદ્રેશ દોશી - ચંદ્ર

**પૂ**જ્ય ગુરુવરનું માતૃહૃદય આલેખનને અનુસંધાનમાં રાખી માતૃવંદનાનું લેખન કરવાનો નમ્ર પ્રયાસ. માનાં હૃદયને માપી શકાય ?

એ અસ્ખલિત પ્રેમને ખાળી શકાય !

વાત્સલ્યતાનો વીરડો કહો કે સ્નેહની સરિતા, મા એ મા એની આગળ બીજા બધા વગડાના વા જ લેખાય. ભૂતકાળમાં જૈન ગ્રંથોમાં ગુરુદેવ પૂજનમઃ સૂત્ર નાનું પણ અર્થ અતિ મહાન.

આપણે જે ઘરમાં વાસ - નિવાસ કરીએ છીએ, એ ઘરને નંદનવન બનાવવા લીલુંછમ હરિયાળુ રાખવા, આડોશી પાડોશી સ્નેહી સ્વજનો સાથે અમીયલ વહેવાર સાથે આધ્યાત્મિક વિકાસમાં પણ જેનો મહત્તમ ફાળો છે એવી ગુણીયલ મા એટલે ગુરુદેવ પૂજનમઃની પ્રથમ ગુરુ, ત્યારબાદ લૌકિક જ્ઞાન દાતાર વિદ્યાગુરુ ને લોકોત્તર - આધ્યાત્મિક જ્ઞાન આપનાર સદ્ ગુરુદેવ. આ દરેક કોઠા પાર કરવા માનવ જન્મનાં અવતરણ માટે કૂખની જરૂર પડે એટલે માનો ઉપકાર મહાન! એને પરોપકારી કહેવામાં જરાય

અતિશયોક્તિ નહીં લાગે, ને એટલે જ માના મહિમાની વાત કાંઈક ન્યારી નિરાળી છે.

માનવને જન્મ આપનાર આવી પરોપકારી માતા માટે કહી શકાય કે માતા પહેલાં છે, માનવનો જન્મ પછી છે.

જો જન્મ આપનાર માતા જ ના હોય તો કાંઈ જ નથી, માટે પુણ્યોદયે માનવ ભવ મળ્યો છે, તો

માનવનાં આ ભવમાં કોઈને માન - પાન - પદ - પ્રતિષ્ઠા - પદવી - સન્માન - સત્તા - સંપત્તિ કે સંતતિ, તો કોઈને ગાડી - બંગલા ને કોઈને ઝૂંપડી કે ફૂટપાથ રહેવાને મળે કે ના મળે પણ આ દરેકેદરેકને જન્મદાત્રી મા તો મળી જ છે.

માને પણ આ ધરતી ઉપર અવતરણ માટે માની કૂખની જરૂર પડી છે.

મમતાળુ માતાની માતૃવંદના અક્ષરોમાં કેવી રીતે આલેખાય ?

ગ્રંથની રચના કરવામાં પાનાં ઓછા પડે ! એ અસ્ખલિત અવર્ણનીય અજર અમર પ્રેમ માટે અતિશયોક્તિ પણ નહીં લેખાય.

### ક્ષણ બની

બે ઘડી તું ઘર બની, ઉંબર બની, આંગણ બની;
કંકણે રણકી ઊઠી, સિંદૂરે સોહાગણ બની.

સ્વપ્ન જેવું યાદ તારું ઘૂંઘટે ઢાંક્યું વદન;
કેડીએથી તું વહી ચાલી ઝીણી રણઝણ બની.

રેતમાં જળના ચરણ રે કેટલું ચાલી શકે ?
આખરે થાકી નદી રણમાં ઠરી ગૈ રણ બની.

જે કદી સ્વપ્નેભર્યા વિસ્તૃત સમય જેવી હતી,
એ સમેટાતી સમેટાતી હવે એક ક્ષણ બની.

**કિસન સોસા**

''માતૃવંદના'' એ ગરીબ હોય કે ધનવાન, ભણેલો હોય કે અભણ, નાનો હોય કે મોટો, ભાઈ હોય કે બેન, જૈન હોય કે જૈનેતર દરેકેદરેકને આ વિષય સ્પર્શે સ્પર્શે ને સ્પર્શે જ !

ગમે તેવા હોય ગુણીજન, પણ માના તો હંમેશા રહેવાનાં ઋણીજન !

બાળપણમાં જમીન ઉપર નહીં, જે પગ ઉપર સુવડાવી અંગોઉપાંગને મજબૂત બનાવવા માલિશ કરી સ્નાન કરાવેલ છે એને ગંગાસ્નાનથી ઓછું કેમ લેખાય ? છતાંય એનું આ જન્મે ઋણ ચૂકવવાને અસમર્થ આપણે માતૃવંદનાનાં મહિમાને નત મસ્તકે કરીએ પ્રણામ !

હેતાળ, હોંશીલા, હુંફાળા, હસમુખા એવી હસુમતીમાને ''ચંદ્ર'' કરે વંદન વારંવાર...

એને ચામડીનાં પગરખા બનાવીને પહેરાવું તોય એકેય દિશાએથી એમની તોલે ના આવી શકાય છતાંય, એમનાં અમીયલ આશિષની અમૃતધારા પામતાં રહીશું એનું કાગળ - કલમ ને કાળજુ બનશે પ્રમાણ.

માનાં હેતની વાત એટલે આકાશ ને પાતાળનાં અંતર જેવી વાત જેને કાળજા અને કલમથી કેવી રીતે આલેખાય ? કાળજાની વાતો સંપૂર્ણ પણે કલમથી કંડારવી મુશ્કેલ છે, જ્યારે કલમથી લખાયેલ વાતો આંખોથી વાંચી શકાય પણ કાળજાની વાત અંતરથી જ સમજાય કારણ એની સાથે નાળનો સંબંધ છે એટલે જ પ્રેરણાપુંજ, પ્રેમની પરબડી ને અમૃતમય ઝરણું એવી ''મા'' જ શ્વાસ - ઉચ્છવાસ, જેનાં સંસ્કાર સભર વારસાનો આચાર ને વિચાર પામી કરતાં રહીએ માની સેવા એજ સાચું ધન.

''માતૃવંદના એજ સેવા ને એજ જ્ઞાનસભર જીવન.'' ❖❖❖

# સપનાં ઠાંસોઠાંસ ભરેલો ફુગ્ગો માણસ, જીવવાનો આભાસ ભરેલો ફુગ્ગો માણસ

ડૉ. શરદ ઠાકર

શહેરના 'પોશ' વિસ્તારમાં આવેલા રંગબહાર બંગલામાં ભરબપોરે પંખા ઉપર લટકી જઈને ભવતીએ આત્મહત્યા કરી લીધી એના ખબર જેણે-જેણે જાણ્યા એના મોંમાંથી એક જ પ્રતિભાવ સરી પડ્યો : 'પૂર્વેશભાઈની હથેળીમાંથી ભાગ્યરેખા ભૂંસાઈ ગઈ. આ જે કંઈ હતું એ બધું ભવતીને કારણે હતું.'

વાત સાચી હતી. પૂર્વેશ પરીખ પોતે પણ આ વાક્ય દર વરસે કે બે વરસે ધ્રુવપંક્તિની જેમ બોલતો આવ્યો હતો. છેલ્લાં સાત વરસની એની કારકિર્દીનું એ તકિયાકલામ હતું. કંઈક પણ સારું બનતું અને પૂર્વેશ એનો જશ પત્નીને આપતો.

જોતજોતાંમાં તો બંગલાની બહાર ટોળું ભેગું થઈ ગયું. કોઈએ મોટેથી પૂછ્યું: 'પૂર્વેશભાઈ કેમ દેખાતા નથી ? બહારગામ ગયા છે કે શું ?'

સવાલ ટોળામાં ફેલાઈ ગયો અને થોડી વારમાં જવાબ દઈને પડઘાની જેમ પાછો ફર્યો : 'પૂર્વેશભાઈની ઑફિસનો ફોન લાગતો નથી. પોલીસવાળાએ માણસ દોડાવ્યો છે. હમણાં આવતા જ હશે.'

પછી જે કંઈ પ્રશ્નો પુછાયા એમાં પૂછપરછ ઓછી હતી, પંચાત વધારે હતી.

'તમને શું લાગે છે ? બાઈએ આપઘાત શા માટે કર્યો હશે ?'

'સીધી વાત છે; છોકરાં નહોતાં થતાં એનો આઘાત વળી ! બૈરાંઓને બીજું શું હોય ?'

'પણ બાળક ન હોય એનો આઘાત તો પુરુષનેય લાગે ને ?'

'હા, એ વાત પણ સાચી ! તો પછી બે જણાં વચ્ચે ઝઘડો ચાલતો હશે...'

'ઝઘડો ચાલતો હશે કે ચાલતો હતો ?'

'તમે તો યાર પોલીસખાતામાં હોવા જોઈતા હતા ! બહુ પડપૂછ કરો છો.' જવાબ આપનાર પાસે ખુલાસાઓ ખૂટી પડ્યા એટલે એણે ખિજાઈને છાશિયું કર્યું : 'પાક્કી માહિતી જોઈતી હોય તો બંગલામાં લાશ પડી છે એને જીવતી કરો અને પછી એને જ પૂછો...'



પણ સવાલ એ હતો કે આમાં લાશને પૂછવા જેવો સવાલ જ કયાં હતો ? આખું શહેર જાણતું હતું કે ભવતીને કોઈ વાતનું દુઃખ ન હતું. પૂર્વેશ સાથે એ પ્રેમ કરીને પરણી હતી અને પૂર્વેશ પણ એને પ્રેમ કરતાં કરતાં જ જીવી રહ્યો હતો. આજે પણ એને પૂછો તો પૂર્વેશ એ જ વાક્ય બોલી ઊઠશે, જે એણે સાત વરસ પહેલાં ભવતીને કહ્યું હતું. 'ભવતી, આ બધું તારે કારણે છે.'

એ વખતે એ કૉલેજના છેલ્લા વરસમાં ભવતીની સાથે ભણતો હતો. પૂર્વેશની ખોપરી ભરેલી હતી, પણ ખિસ્સું ખાલીખમ હતું. પરીક્ષા માટે ફૉર્મ ભરવાના પૈસા ક્યાંથી કાઢવા એની ફિકરમાં એ કૉલેજના મેદાનમાં ટહેલી રહ્યો હતો, ત્યાં અચાનક એના કાન ઉપર ભવતીનો મીઠો સ્વર અથડાયો :

'એક્સક્યુઝ મી, આ તમારી પેન છે ?'

પૂર્વેશે જોયું અને પેનને ઓળખી : 'હા, મારી જ છે. તમને ક્યાંથી જડી ?'

'નીચે જમીન પરથી.'

'થેન્ક યુ.' કહીને પૂર્વેશે પેન લઈ લીધી અને પેન્ટના ખિસ્સામાં મૂકી. ગણતરીનો ક્ષણોમાં જ 'ટપ' દઈને અવાજ આવ્યો. પેન ફરીથી નીચે જમીન ઉપર પડી.

ભવતી ખડખડાટ હસી પડી : 'પૂર્વેશ, તમારું ખિસ્સું ફાટેલું લાગે છે. સારું છે કેઆ તો પેન છે, બાકી પૈસા મૂક્યા હોત તો એ પણ...'

'ન પડી ગયા હોત !' પૂર્વેશે ભવતીની જીભ ઉપર સરકી રહેલી શક્યતાને અધવચ્ચે જ અટકાવી દીધી: 'જો મારી પાસે પૈસા હોત તો પેન્ટનું ખિસ્સું ફાટેલું ન હોત અને મારે આમ પરીક્ષામા ડ્રોપ લેવાનો વિચાર ન કરવો પડતો હોત !'

'શું કહ્યું તમે ? તમે પરીક્ષામાં નથી બેસવાના ? પૈસા નથી એટલે ? તમે શેઠ અવિનાશ ચોક્સીનું નામ સાંભળ્યું છે ?'

'ના, કોણ છે એ... ?'

'આ શહેરના કરોડપતિ નંબર વન છે. હજારો રૂપિયા વિદ્યાર્થીઓના ચોપડા, ફી અને સ્કૉલરશિપ માટે આપે છે. તમે એમની પાસે કેમ નથી જતા ?'

'પણ એ માટે હું બહુ મોડો છું અને બીજું કારણ એ કે શેઠસાહેબ સાથે મારે કોઈ પરિચય નથી. એ મને ફીના પૈસા આપવાની ના પાડી દે તો...'

'તમે કોશિશ તો કરી જુઓ, ના નહીં પાડે !' ભવતીએ પ્રોત્સાહન આપ્યું. પૂર્વેશે કોશિશ કરી અને શેઠજીએ પૈસા આપ્યા પણ ખરા, ના ન પાડી. બીજે દિવસે પૂર્વેશે ફૉર્મ ભરી દીધું. દોઢ મહિના પછી જ્યારે પરીક્ષાનું બહાર પડ્યું, ત્યારે પૂર્વેશ પ્રથમ નંબરે પાસ જાહેર થયો.

એ વખતે ભવતી એને અભિનંદન આપવા માટે આવી. પૂર્વેશે જિંદગીમાં પહેલી વાર આ વાક્ય કહ્યું : 'આ જે કંઈ છે એ તમારા કારણે છે !'

'આમાં મને જશ શા માટે આપો છો ? જે કંઈ કર્યું એ શેઠશ્રી અવિનાશ ચોક્સીએ...'

'ભવતી, હું જાણું છું કે શેઠ અવિનાશ ચોક્સી તમારા પિતાશ્રી થાય છે. જે દિવસે હું આર્થિક સહાય માટે શેઠજીના બંગલે ગયો હતો, ત્યારે જ મેં ડ્રોઈંગરૂમની દીવાલ ઉપર લટકતી બાપ-દીકરીની છબી જોઈ લીધી હતી.'

અને ભવતી મીઠાશથી વરસી પડી હતી. એ પછી પપ્પાની કંપનીમાં પૂર્વેશને નોકરી પણ ભવતીએ જ અપાવી હતી. નોકરીનો પહેલો પગાર જ્યારે હાથમાં આવ્યો, ત્યારે પૂર્વેશ જે બોલી નહોતો શક્યો એ વાક્ય એની આંખની ભીનાશ બોલી રહી હતી : 'ભવતી, આ બધું તારા કારણે જ છે.'

હા, વાક્યમાં સહેજ અમથો ફેરફાર થયો હતો. 'તમારા'ની જગ્યાએ 'તારા' ગોઠવાઈ ગયું હતું. ધીમે ધીમે આ પરિવર્તન સંબોધનમાંથી સરકીને હૈયા સુધી પહોંચી ગયું. શેઠ અવિનાશભાઈની અનુભવી નજરમાંથી કશું પણ બાકાત નહોતું; કંપનીમાં નોકરી કરતા એક નવયુવાન કર્મચારીના પગારવધારા માટે વારંવાર સૂચન કરતી દીકરી, વારતહેવારે એના માટે વાનગી મોકલાવતી દીકરી, ક્યારેક પૂર્વેશ નોકરી ઉપર ગેરહાજર હોય તો એની તબિયતના સમાચાર જાણવા માટે સતત પૃચ્છા કરતી દીકરી... ! જમાનાના ખાધેલ વેપારી માણસને એ સમજતાં વાર ન લાગી કે આ નાની-નાની ઘટનાઓનો સરવાળો કરવામાં આવે તો જે જવાબ મળે એ અઢી અક્ષરનો થવા જાય છે.

શેઠજી પણ અત્યાર સુધીમાં પૂર્વેશને પરખી ચૂક્યા હતા. આવો મહેનતુ અને પ્રામાણિક જુવાન ભવતી માટે ધનવાન કુટુંબમાંથી નહીં મળે એ વાત એમના ગળે ઊતરી ગઈ. અને એક દિવસ ભવતી 'કુમારી ચોક્સી' મટીને 'શ્રીમતી પરીખ' બની ગઈ.

લગ્ન પછી લગભગ દર છ મહિને પૂર્વેશ પ્રગતિનું એક-એક પગથિયું સર કરતો ગયો. રહેવા માટે અદ્યતન સગવડોથી સજ્જ નવો, વિશાળ બંગલો હતો, લેટેસ્ટ મોડેલની કાર હતી, કંપનીમાં શેઠસાહેબ પછી બીજા ક્રમની સત્તા ધરાવતો હોદ્દો હતો અને બદલામાં કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આટલા જ શબ્દો હતા : 'ભવતી, આ બધું માત્ર તારા કારણે છે !'

આવા પતિને જ્યારે પોલીસ દ્વારા પત્નીના મૃત્યુના સમાચાર મળ્યા, ત્યારે એની હાલત થઈ એ માટે શબ્દકોશ નાનો પડે. એની છાતીમાં દસ રિક્ટર સ્કેલ જેવડો મોટો હૃદયકંપ ઊઠ્યો. પ્રથમ વીસેક મિનિટ તો એને છુટ્ટા મોંએ રડવા દેવો પડ્યો. પછી એ માત્ર એક જ વાક્ય બોલી શક્યો : 'અશક્ય ! ભવતી આત્મહત્યા કરે એ વાત હું માની શકતો નથી. તમે લોકો પૂરી તપાસ તો...'

બંગલે આવીને પણ પૂર્વેશે એ જ રટણ ચાલુ રાખ્યું. ઈન્સ્પેક્ટર ચૌધરીસાહેબને જીદપૂર્વક વિનંતી કરી : 'તમે બરાબર તપાસ કરો. ભવતીનું મૃત્યુ એ આત્મહત્યાન હોઈ શકે. સ્વેચ્છાએ મરવા માટે એની પાસે કંઈ કારણ જ ન હતું. તમે ઝીણવટથી...'

'યસ, યુ આર રાઈટ, પૂર્વેશ !' ઈન્સ્પેક્ટર ચૌધરીએ એને છાનો રાખ્યો : 'અમે પણ આ જ શંકાના આધારે આગળ વધી રહ્યા છીએ. તમારાં પત્નીના અવસાનને લગભગ બે કલાક જેવો સમય થયો હોવો જોઈએ.' પછી ઈન્સ્પેક્ટર ચૌધરીએ પોતાની રિસ્ટ વૉચમાં જોયું અને બબડ્યા : 'કમબખ્ત બંધ પડી ગઈ છે. રામસિંગ, તારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?' એમણે હવલદારને સમય પૂછ્યો.

હવલદારે સલામ સાથે સમય જણાવ્યો: 'સવા ત્રણ વાગ્યા છે, સર ! પણ મારી ઘડિયાળ દસ મિનિટ મોડી છે.'

'તો એને અડધી ચા પિવડાવો, રામસિંગ ! મિ. પૂર્વેશ, તમારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?'

પૂર્વેશે ડાબા હાથના કાંડા તરફ જોયું. ખમીસની બાંય જરા ઊંચી કરી, પણ ત્યાં ઘડિયાળ ન હતી : 'સૉરી ઈન્સ્પેક્ટર મારી ઘડિયાળ રિપેરિંગ માટે આપી છે, પણ હું જ્યારે ઑફિસેથી અહીં આવવા માટે નીકળ્યો, ત્યારે ત્રણ વાગી ને પાંચ મિનિટ થઈ હતી. દસ મિનિટનો રસ્તો ગણો અને દસ મિનિટ બીજી ગણો તો અત્યારે ત્રણની ઉપર પચીસ મિનિટ થવા આવી હશે.'

'ધેટ્સ ફાઈન ! થેનક યુ, મિ. પૂર્વેશ ! અમને એવું જાણવા મળ્યું છે કે બપોરના

દોઢેકના સુમારે જ્યારે બંગલામાં તમારાં પત્ની એકલાં જ હતાં ત્યારે... પાછળના દરવાજા પાસે રિક્ષા આવીને ઊભી રહી હતી. અને એમાંથી કોઈ દાઢી-મૂછધારી અજાણી વ્યક્તિ ઊતરીને રસોડાના પ્રવેશદ્વાર મારફતે બંગલામાં ગઈ હતી. તમે આવી કોઈ વ્યક્તિને ઓળખો છો ખરા ?'

પૂર્વેશ વિચારમાં ડૂબી ગયો : ના ચૌધરીસાહેબ ! પણ તમને શું લાગે છે ?'

'આમાં સવાલ લાગવાનો નથી, હોવાનો છે.' ઈન્સ્પેક્ટર ચૌધરીએ ચીરૂડ સળગાવી : 'એ અજાણી વ્યક્તિએ એકાંતનો લાભ લઈને તમારી પત્નીનું ગળું દબાવીને ખૂન કર્યું અને પછી એને સાડીના છેડાથી બાંધીને પંખા સાથે લટકાવી દીધી. ખૂનને આત્મહત્યામાં ખપાવવાની વ્યર્થ કોશિશ ! પણ દરેક ખૂની ક્યાંક, કશીક ભૂલ તો કરી બેસે છે.'

'વેલ ડન, ઈન્સ્પેક્ટર !' પૂર્વેશનો ચહેરો ખીલી ઊઠ્યો : 'તો તો ખૂની પકડાતાં વાર નહીં લાગે, કેમ ?'

'વાર ક્યાંથી લાગવાની હતી, પૂર્વેશ ? એમ સમજો કે ખૂની લગભગ પકડાઈ ચૂક્યો છે !' ચૌધરીસાહેબે કમરામાં ચારેબાજુ નજર ઘુમાવી : 'બપોરનો સમય. ઘરમાં તમારાં પત્નીનું એકલા હોવું અને રસોડાના પાછલા પ્રવેશદ્વારેથી કોઈ અજાણી વ્યક્તિનું બંગલામાં ઘૂસવું; આટલી હકીકત જ અમને ઘણું બધું કહી જાય છે. એ વ્યક્તિ અજાણી નહોતી, ઘરની ક્ષણેક્ષણ વિશે એની પાસે માહિતી હતી. દાઢી-મૂછનો ગેટઅપ અને ઓવરકોટ એ પોતાની જાતને કોઈ ઓળખી ન જાય એ માટેનું આવરણ હતું. મતલબ કે ખૂની અત્યંત જાણીતી વ્યક્તિ છે. ભવતીનું ગળું દાબવા માટે એની પાસે કોઈ કારણ હોવું જોઈએ; મોટિવ... ! એ 'મોટિવ' ગમે તે હોઈ શકે છે; જેમ કે સંતાનનો અભાવ... કે પછી બીજી કોઈ સ્ત્રી સાથે પ્રેમનું ચક્કર...'

'વ્હોટ ડુ યુ મીન, ઈન્સ્પેક્ટર ? તમે મારી તરફ શંકા...' પૂર્વેશ ઊભો થવા ગયો, પણ ઈન્સ્પેક્ટર ચૌધરીએ એને ઈશારાથી જ બેસાડી દીધો.

'આ તો માત્ર 'થિયરી' છે, મિ. પૂર્વેશ ! વાસ્તવમાં શું થયું હશે એ આપણે ક્યાં જાણીએ છીએ. પણ એક-બે વાતો સ્પષ્ટ છે. ખૂની જ્યારે ભવતીનું ગળું દબાવી રહ્યો હશે, ત્યારે ભવતીએ બચવા માટે જબરદસ્ત ધમપછાડા માર્યા હશે. તમારી પત્નીની જમણી હથેળીમાં ખૂનીના શરીર પરની કોઈ તીક્ષ્ણ વસ્તુ વાગી જતાં લોહીની ટશર ફૂટી નીકળવાનાં ચિહ્નો મોજૂદ છે. અમને ભવતીની બંધ હથેળીમાંથી એ ચીજ પણ મળી આવી છે...'

'એ... શું છે ?'

'ઘડિયાળના પટ્ટામાં ભરાવેલી સ્ટીલની આડી સળી ! મતલબ કે ખૂનીની ઘડિયાળનો પટ્ટો તૂટી ગયો હોવો જોઈએ... ! મિ. પૂર્વેશ, ઊભા થવાની કોશિશ ન કરશો. તમે ચારે બાજુથી ઘેરાઈ ચૂક્યા છો. અત્યાર સુધીમાં તમારી ઑફિસમાંથી મારા માણસોએ બનાવટી દાઢી-મૂછ અને ઓવરકોટ પણ શોધી કાઢ્યાં હશે અને તમારા ટેબલના ડ્રોઅરમાંથી તૂટેલા પટ્ટાવાળી તમારી 'રિસ્ટ-વૉચ' પણ ! તમારો ફોન બગડી જવાનું કારણ પણ હું કલ્પી શકું છું; તમને ભવતીના મૃત્યુના સમાચાર મળે ત્યાં સુધીમાં તમે આ બધી ચીજોનો નિકાલ કરી નાખવા માગતા હતા, પણ મિ. પૂર્વેશ, અપરાધ ક્યારેય ફળતો નથી. ક્રાઈમ નેવર પેયઝ !'

'આ બધો તમારો તર્ક છે, ઈન્સ્પેક્ટર ! તમારી પાસે મારી વિરુદ્ધ કોઈ નક્કર પુરાવો નથી, કોઈ સાક્ષી નથી, કોઈ...' પૂર્વેશ પેંતરો બદલવા ગયો, પણ એ જ વખતે એની ઑફિસમાં તપાસ કરવા ગયેલી પોલીસની ટુકડી ત્યાં આવી પહોંચી. સબ-ઈન્સ્પેક્ટર જોષીએ સમાચાર આપ્યા એ પૂર્વેસ માટે મોતના સમાચાર નીકળ્યા.

'સર ! પૂર્વેશની ઑફિસમાંથી દાઢી-મૂછ અને ઓવરકોટ હાથ લાગ્યાં છે. ઘડિયાળ પણ મળી આવી છે. એની રૂપાળી સેક્રેટરી પરાગીએ પૂર્વેશ સાથેના એના પ્રેમના ચક્કરને કબૂલી લીધું છે. મિ. પૂર્વેશને પ્રથમથી જ એમની પત્ની ગમતી નહોતી. ભવતીની લાગણીને એણે માત્ર પ્રગતીનું માધ્યમ બનાવીને વટાવી ખાધી. એમાં વળી સંતાનની ભૂખ ન સંતોષાઈ. એમણે એક કાંકરે ત્રણ પક્ષી મારવાનો નિર્ણય કર્યો; ભવતી, સંતાન અને પ્રેમિકા... !'

ઈન્સ્પેક્ટર ચૌધરી હસ્યા : 'શાયરે સાચું જ કહ્યું છે કે 'અય મહોબ્બત ! તેરે અંજામ પે રોના આયા.' મિ. પૂર્વેશ, તમારા માટે હવે ફાંસીનો ફંદો નિશ્ચિત જ છે, પણ લટકી જતાં પહેલાં એક વાતનો જવાબ આપશો ? તમને માટીમાંથી ઊંચકીને મહેલમાં બેસાડનાર અને અઢળક પ્રેમ ઢોળનાર ભવતીએ કયો અપરાધ કર્યો હતો ? કયા કારણે તમે એને માટીમાં મેળવી દીધી ?'

'પૂર્વેશ ચૂપ રહ્યો. એક બળબળતી નજરે એણે પોલીસો વચ્ચે ઘેરાયેલી રૂપાળી અને નટખટ સેક્રેટરી પરાગી સામે જોયું. એ ચૂપ હતો, પણ એની નજર બોલી રહી હતી : 'આ બધું તારા કારણે છે, પરાગી !'

❖❖❖

## કેવી રીતે

એ એક કરુણતા છે કે સ્ત્રીની પાસેથી
કેવી રીતે કામ લેવું તે કુંવારા સિવાય
બીજું કોઈ જાણતું નથી હોતું.

**જોર્જ કોલમેન**

## જૂન ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૫-૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**જૂન ૨૦૨૬ ના અંક માટે કુલ ૫ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.**

**રવિવારે તકલીફ ન આપવી.**

**સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

**Colour Page ની જાહેરખબર રાહ ન જોતા તરતજ મોકલાવો.**

**ફક્ત ૧૨/૧૬/૨૦ પાનાં જ લેવામાં આવે છે.**

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યા બંધ છે, તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવો હોય તો વોટ્સએપ નં. 88508 30865 પર જુનુ/નવું સરનામું - મેમ્બરશીપ નં. અથવા અન્ય વિગત ફક્ત વોટ્સએપ પર જ મોકલવી. ફોન કરવો નહી.**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- ધાંગધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર -ઈસ્ટ) કિંજલ ઋષભ શાહની મેરેજ (નવમી એનિવર્સરી) નિમિત્તે હઃ નેહાબેન નલીનભાઈ શાહ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

### સભાની ઑફિસ

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>**શ્રી નિરવભાઈ શાહ**<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | ડોનેશન - ફંડ<br>મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>સ્કુલ-કૉલેજ ફી<br>લોનાવલા<br>**શ્રી મિલનભાઈ**<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# અપેક્ષાઓના તાણાવાણા

**ભૂપત વડોદરિયા**

બ્રિટનના સમર્થ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની નવલકથા 'ડોમ્બી ઍન્ડ સન'માં એક માણસના ઘેર પુત્ર જન્મે છે, તો તે માને છે કે ભગવાને તેને 'ડોમ્બી ઍન્ડ સન'ની કંપની ચલાવવા જ મોકલ્યો છે. પિતાએ પુત્ર ઉપર કલ્પનાની ઈમારતો ઊભી કરવા માંડી હોય છે. પણ બાળક લાંબું જીવતો નથી ! પિતાએ આ અલ્પાયુ પુત્ર પર જ બધો 'પ્રેમ' ઢોળ્યા કર્યો હોય છે અને પ્રેમાળ પુત્રીની સતત ઉપેક્ષા કરી હોય છે. નથી એને પુત્રીનો પ્રેમ મળતો, નથી પુત્રનું 'સુખ' મળતું.

દરેક માબાપને તેમનાં સંતાનોની ચિંતા થાય, તેમને સુખી જોવા તે ઇચ્છે એ બધું બરાબર છે. પણ માબાપ તેમના સંતાનને વધુમાં વધુ તો પ્રેમ અને શુભેચ્છાઓનો જ વારસો આપી શકે. પુત્ર કે પુત્રીની ચિંતા કરવાનો હક્ક માબાપને છે. તેમના સ્વતંત્ર જીવનના અધિકારનો પાવર ઑફ એટર્ની લખાવી લેવાનો અધિકાર તેમને નથી. માબાપનું કહ્યું નહીં માનીને કદાચ તેઓ દુઃખી પણ થઈ શકે છે. પણ તેમને પોતાના જ નિર્ણયના કારણે આવી પડેલાં દુઃખ કે પીડા વેઠવાનો અધિકાર વાપરવો છે. તેને તમારું તૈયાર સુખ બક્ષિસરૂપે નથી જોઈતું. તમે જે કિંમત તમારી કલ્પનાના સુખની આંકો છો તે જ કિંમત તે ન પણ આંકતો હોય ! તેને પોતાની કલ્પના મુજબનું સુખ જાતે જ કમાવું છે. તમે માનો છો કે તમારો અનુભવ બહુ કીમતી ખજાનો છે, દીકરો માને છે કે એનો પોતાનો બિનઅનુભવ અપાર શક્યતાઓનું એક અસીમ મેદાન છે !

આપણે લોહીની સગાઈને 'ડિવાઈન રાઈટ ઑફ પેરેન્ટ્સ' રૂપે જોઈએ છીએ. પણ લોહીની તમામ સગાઈઓને લાગણી વડે ફરી કમાવી પડે છે. કોઈ સંતાનનાં માબાપ હોવું એ એક અકસ્માત છે. તેને પ્રેમ દ્વારા 'પ્રાપ્ત' કરીને આપણે માબાપ તરીકેની આપણી લાયકાત સિદ્ધ કરવી પડે છે. ઈંગ્લૅન્ડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલની મા સૌંદર્યવતી હતી, સંસ્કારી હતી, પણ તે ચર્ચિલને પ્રેમ આપી ના શકી. ચર્ચિલના ખંડમાં



ટેબલ ઉપર એક આયાની તસવીર જ રહેતી, જેણે ચર્ચિલને પ્રેમ આપ્યો હતો. અબ્રાહમ લિંકનને માતાનો સાચો પ્રેમ પાલક માતા પાસેથી જ મળ્યો હતો. લોહીની સગાઈનું મૂલ્ય જરાય ઓછું નથી. પણ સંતાનોને મિલકત ગણીને તમે તેને ચાહતાં હશો તો એ પ્રેમ સાચા લોહીની સગાઈનો ચમત્કાર નહીં સર્જી શકે. તમે જ્યારે સંતાનને એક સ્વતંત્ર સ્વમાની વ્યક્તિનો દરજ્જો આપીને ચાહો ત્યારે એ પ્રેમમાં તમને સાચા લોહીનો ધબકાર દેખાશે. લોહીના કુદરતી ખેંચાણને તમારે એકમેકની સાચી સમજણ અને સહાનુભૂતિના આકર્ષણમાં ફેરવવું પડે છે. જ્યારે આવું થાય છે ત્યારે પિતા અને પુત્રનાં અલગ અલગ સદ્‌ભાગ્ય અને દુર્ભાગ્યની અનેક ઊથલપાથલો વચ્ચે પણ પેલો પ્રેમ અકબંધ રહે છે.

માનવજીવન એવું છે કે નિઃસ્વાર્થમાં નિઃસ્વાર્થ પ્રેમમાં પણ પરસ્પરની અપેક્ષાઓના સૂક્ષ્મ તાણાવાણા મોજૂદ હોય જ છે. તેમાં કશું ખોટું પણ નથી અને શરમાવા જેવું પણ નથી. યાદ રાખવા જેવું એટલું જ છે કે પિતાની 'યોગ્યતા' માપવા માટે પુત્ર પ્રેમનો માપદંડ જ વાપરે એવી અપેક્ષા જેમ પિતાની હોય છે, તેમ પુત્રની અપેક્ષા પણ એ જ રહેવાની કે પિતા પુત્રની 'યોગ્યતા' માટે પણ પ્રેમનો માપદંડ જ વાપરે.

વિખ્યાત અમેરિકન પત્રકાર-લેખક નોર્મન કઝીન્સ જ્યારે હૃદયરોગના પ્રચંડ હુમલા પછી ઈસ્પિતાલમાં પોતાની એ રાતને જિંદગીની છેલ્લી રાત ગણી રહ્યા હતા, ત્યારે તેમને તેમના પિતાની મૃત્યુપથારી વેળાની છેલ્લી મુલાકાત યાદ આવી ગઈ.

પિતાએ ઉચ્ચારેલા શબ્દો નોર્મન કઝીન્સના કાળજે કોતરાઈ ગયા હતા: ''બેટા, બીજું બધું તો ઠીક, પણ આ છેલ્લી ક્ષણ આવી પહોંચી છે ત્યારે મને થાય છે કે મેં તમને બધાંને પૂરતાં ચાહ્યાં તો છે ને ? હું તમને પૂરતો પ્રેમ આપી શક્યો છું કે નહીં ? એવો પ્રશ્ન મને થયા કરે છે.''

સંતાનો અંગે જ નહીં, મિત્રો, સ્નેહીઓ બધાંના સંબંધોમાં આપણને અંતકાળે જ આવો પ્રશ્ન થાય તેવું બને. એવું પણ બને કે કોઈ મિત્ર કે કોઈ સ્નેહી ઓચિંતી વિદાય લે ત્યારે આવો પ્રશ્ન હૃદયમાં શૂળની જેમ ભોંકાય. માણસનું સદ્‌ભાગ્ય એમાં છે કે પોતાના સ્વજનની ઓચિંતી વિદાયની ક્ષણે કે ખુદ પોતાની વિદાયની ક્ષણે આત્મવિશ્વાસપૂર્વક એવું કહી શકે કે, મેં મારાં સ્વજનોને બરાબર ચાહ્યાં છે; બીજી ઘણી કમી રહી હશે, લાગણીની કમી મેં રહેવા દીધી નથી. માણસે આટલું કર્યું હોય તો મોતની ગમે તેવી વીજળી પડે ત્યારે તે છેક આશ્વાસનરહિત બની જતો નથી.

❖❖❖

# એક મનોવૈજ્ઞાનિક સમસ્યા

ચીમનલાલ ચકુભાઈ શાહ

ગાંધીજીના જ્યેષ્ઠ પુત્ર હરિલાલ અતિ સ્વચ્છંદી અને વ્યસની હતા તે જાણીતી વાત છે. તેમનાં પુત્રવધૂ સરસ્વતીબહેને પોતાના સસરાનાં સંસ્મરણો લખ્યાં છે તેમાં અંતે પ્રશ્ન કર્યો છે, ''ભાઈના (હરિલાલને 'ભાઈ' કહેતા) અધઃપતન માટે કોણ જવાબદાર છે ? વાચક પોતાને યોગ્ય લાગે તે અભિપ્રાય બાંધે.''

આવી પરિસ્થિતિ માટે હરિલાલ પોતે જ જવાબદાર હતા તેવી સામાન્ય માન્યતા છે.

હમણાં, શ્રી ચંદુલાલ દલાલનું લખેલ પુસ્તક 'હરિલાલ ગાંધી' પ્રકટ થયું છે. તેમાં ખૂબ કાળજીપૂર્વક હરિલાલ ગાંધી વિશે મળી શકે તેટલી બધી માહિતી એકત્ર કરી, તેમણે આપી છે. પ્રસ્તાવનામાં ચંદુભાઈએ લખ્યું છે કે ''પુસ્તકમાં હરિલાલનો બચાવ કરવાનો કે કોઈનીય ટીકા કરવાનો પ્રયાસ નથી. પણ તેમનામાં આવેલી વિકૃતિનાં કારણો સમજવાની દૃષ્ટિ રાખી છે...એ વિકૃતિઓ જગજાહેર છે.પણ એમ લાગે છે કે એ વિકૃતિઓ એમની પ્રકૃતિ નહોતી... એમનામાં ગુણો પણ હતા. તેનું, અને એમના જીવન ઉપર જે અંધકારપિછોડો પથરાઈ ગયો છે તેને ચીરીને એ પ્રકૃતિ કયાં બળોને લીધે આવી વિકૃતિ પામી તેનું દર્શન કરાવવાનો અહીં પ્રયત્ન છે.''

ચંદુભાઈએ કોઈ ઉપર દોષારોપણ કર્યું નથી, પણ પ્રસ્તાવનામાં કહ્યું છે : ''વિચારવાનો પ્રશ્ન એ છે કે હરિલાલના પતન માટે ગાંધીજી દોષિત ગણાય ?''

જે મહાપુરુષે લાખો નર-નારીઆએને માટીમાંથી માનવી બનાવ્યાં તેમના જ પુત્ર આવા ચારિત્ર્યહીન કેમ થયા, એ મહાન મનોવૈજ્ઞાનિક સમસ્યા છે.

સરસ્વતીબહેને લખ્યું છે : ''બાપુજીના ચારે પુત્રોમાં એ સૌથી વધુ બુદ્ધિશાળી હતા એમ હું માનું છું. એ બહુ જ વિનોદી, બહુ જ ઉદાર અને પરોણાની બહુ આગતા-સ્વાગતા કરનારા હતા અને છતાં એ દારૂની લતમાં પડેલા હતા. કેમ ? કોણ એના માટે જવાબદાર ગણાય ?''

આ પુસ્તક પ્રત્યે અમદાવાદથી ડૉ. કાન્તિલાલ શાહે મારું ધ્યાન ખેંચ્યું અને એ વિશે હું કાંઈક લખું એવું સૂચન કર્યું. એટલે એ પુસ્તક મગાવી તુરત વાંચી ગયો. એક અતિ અશાંત આત્માની એ જીવનકથા છે. કરુણતાથી ભરપૂર છે. પુસ્તક વાંચતાં કેટલીય વખત મારી આંખમાંથી આંસુ વહ્યાં છે.

વ્યક્તિનું ચારિત્ર્યઘડતર મોટે ભાગે તેની પ્રકૃતિને આધીન હોય છે. પણ બહારના સંજોગો સારી પેઠે ભાગ ભજવે છે. હરિલાલ, ગાંધીજીના પુત્ર ન હોત અને ગાંધીજીએ પોતાના આદર્શો પ્રમાણે હરિલાલનું જીવનઘડતર કરવાનો આગ્રહ રાખ્યો ન હોત, તો સંભવ છે કે હરિલાલનું જીવન જુદા પ્રકારનું હોત. આટલું પતિત કદાચ ન હોત. આમાં દોષ કોઈનો નથી. બે બળવાન પ્રકૃતિઓનો સંઘર્ષ હતો. હરિલાલની પ્રકૃતિમાં આટલી મક્કમતા ન હોત અને ગાંધીજીમાં સત્યનિષ્ઠાને ખાતર પોતનું સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની અને પોતાની સાધનામાં 'સુત, વિત, દારા, શીશ સમરપે' એવી ભાવના ન હોત, તો આવું પરિણામ ન આવત. ગાંધીજી આગળ હરિલાલ ભાંગી પડ્યો અને ઉન્માર્ગે વળ્યો.

હરિલાલ પોતની રીતે પોતાનું જીવનઘડતર કરી શકત. ગાંધીજી તેમને રોકત નહિ, રોકી શકત નહિ. એમ ન થયું તેનું કારણ હરિલાલની પ્રકૃતિ, તેમાં રહેલી ચંચળતા, અસ્થિરતા અને કેટલેક દરજ્જો ગાંધીજીનો ભય.

મહાપુરુષોની સમીપ, તેમની નિશ્રામાં રહેવું સહેલું નથી, બહુ દોહ્યલું છે. ગાંધીજીનો આગ્રહ રહેતો કે તેમની સાથે હોય, તેમનાં નજીકનાં હોય - પત્ની, પુત્રો, સાથીઓ - તેઓ ગાંધીના આદર્શ પ્રમાણે જીવનઘડતર કરે. કોઈની ભૂલ થાય તો પોતે પ્રાયશ્ચિત કરે. આવું નૈતિક દબાણ કેટલીક વખત અસહ્ય થઈ પડે. કેટલાંક શરણે થાય, કેટલાંક વેવલાં થાય, નિસ્તેજ થાય, કેટલાંક દંભી થાય, કેટલાંક ભાંગી પડે; વિરલ વ્યક્તિ ખરેખર મહાન થાય. ગાંધીજી બીજાંઓની ક્ષતિઓ પ્રત્યે ઉદાર હતા, પણ પોતાની નજીકનાં પ્રત્યે અતિ કઠોર થઈ શકતા. મહાપુરુષોનાં હૃદય વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ મૃદુ કહ્યાં છે. ગાંધીજી તેનું એક ઉત્તમ ઉદાહરણ હતા.

હરિલાલનો જન્મ જૂન-૧૮૮૮ માં, ગાંધીજી બેરિસ્ટર થવા વિલાયત ગયા તે પહેલાં થોડા મહિને થયો હતો. આ પુત્રપ્રાપ્તિ વિશે ગાંધીજીએ લખ્યું છે : ''હરિલાલ જે સ્થિતિ આજે ભોગવે છે તેને સારુ હું, અને મારા વિષયભોગમાં બા સંમત થતી હતી એટલે દરજ્જો એ પણ જવાબદાર છે.'' ''તું જ્યારે બાના ઉદરમાં હતો તે વખતે હું નાલાયક હતો એમ માનતો આવ્યો છું, પણ તારા જન્મ પછી ધીમે ધીમે હું પ્રાયશ્ચિત કરતો આવ્યો છું.'' ગાંધીજીએ પોતાનો દોષ બતાવવા જ આ લખ્યું છે. પણ આવું સાંભળી કયા સંતાનને આઘાત ન થાય ? એક રીતે જોઈએ તો, દરેક સંતાનપ્રાપ્તિ, વધતે- ઓછે અંશે,

માબાપની વિષયાસક્તિનું જ પરિણામ છે.

ગાંધીજી ત્રણ વર્ષ વિલાયત રહ્યા. આવીને દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં ૧૯૧૫ સુધી રહ્યા. હરિલાલ રાજકોટ હતા. ગાંધીજીની જાણ વિના મોટાભાઈએ હરિલાલનું સગપણ કર્યું. નાની વયે લગ્ન થાય તે ગાંધીજીને પસંદ ન હતું. સગપણ તોડવા તૈયાર થયા. ૧૯૦૬ના મે માસમાં ગાંધીજીની સંમતિ વિના હરિલાલના લગ્ન થયા. ગાંધીજીએ લખ્યું : ''હરિલાલના લગ્ન ભલે થાય, લગ્ન ન થાય તો પણ ચાલે, કારણ કે આજકાલ કાંઈ નહિ તો એને વિશે એક પુત્ર તરીકે વિચારવાનું મેં બંધ કર્યું છે.'' છેલ્લું વાક્ય શા હેતુથી લખ્યું હશે ? પોતાના લગ્ન પ્રત્યેની પિતાની આવી ઉદાસીનતાથી હરિલાલને શું થયું હશે ?

ત્રણ મહિના પછી હરિલાલ દક્ષિણ આફ્રિકા ગયા. ત્યારે હિન્દીઓની લડત શરૂ થઈ ગઈ હતી. ગાંધીજીનું જીવનપરિવર્તન થયું હતું. ફિનિક્સ આશ્રમની સ્થાપના થઈ હતી. હરિલાલે લડતમાં બહાદુરીથી ઝુકાવ્યું. અનેક વખત જેલ ગયા.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી અતિ ચુસ્તપણે પોતાના આદર્શોનું પાલન કરતા અને પોતાની સાથે રહેવાવાળા એવું જ જીવન જીવે તેનો કડકપણે આગ્રહ રાખતા. અતિશય સાદાઈ, જાતમહેનત, વ્રતપાલન વગેરે આવા જીવનનાં અંગ હતાં. શિક્ષણ સંબંધી ગાંધીજીના ચોક્કસ વિચારો હતા. અક્ષરજ્ઞાન કરતાં ચારિત્ર્ય-ઘડતર વધારે જરૂરનું છે અને આશ્રમજીવન ચારિત્ર્ય-ઘડતરનું ઉત્તમ સાધન છે એમ માનતા. આધુનિક કેળવણી પ્રત્યે અણગમો હતો. હરિલાલને ભારતમાં શિક્ષણ લેવાનો બહુ અવકાશ મળ્યો ન હતો. આફ્રિકામાં પણ ન મળ્યો. આધુનિક શિક્ષણ જરૂરનું છે એવો હરિલાલનો દૃઢ મત હતો. આ કારણે પિતા-પુત્ર વચ્ચે મતભેદનાં બીજ વવાયાં. હરિલાલને ગાંધીજી પેઠે વિલાયત જઈ બૅરિસ્ટર થવું હતું. ડૉ. પ્રાણજીવન મહેતાએ પોતાના ખર્ચે તેમ કરવા તત્પરતા બતાવી. હરિલાલને ન મોકલતાં, ગાંધીજીએ તેમના ભત્રીજા છગનલાલ ગાંધીને મોકલ્યા. હરિલાલને આઘાત થયો. આ દરમિયાન લડત ચાલુ હતી. ગાંધીજીને વખતો-વખત જેલ જવાનું થતું. તેમનો બધો સમય લગભગ જાહેર જીવનમાં જતો. હરિલાલનો અસંતોષ વધતો જતો હતો. અસંતોષ તો બીજાઓને પણ હતો, પણ બીજા સહન કરતા. હરિલાલથી સહન ન થયું. છેવટે મે, ૧૯૧૧માં કોઈની જાણ વિના, ગૃહત્યાગ કર્યો. ગાંધીજીના આગ્રહથી પાછા આવ્યા. પિતા-પુત્ર વચ્ચે ખૂબ ચર્ચા થઈ. હરિલાલના ગળે કાંઈ ન ઊતર્યું. છેવટ ગાંધીજી તેમને હિન્દ મોકલવા સંમત થયા. સ્ટેશને વળાવવા ગયા. ગાડી ઊપડતાં ગદ્‌ગદ્ કંઠે કહ્યું : ''બાપે તમારું કાંઈ બગાડ્યું છે તેમ લાગતું હોય તો એને માફ કરજો.'' હિન્દમાં હરિલાલના ખર્ચ માટે ગાંધીજીએ વ્યવસ્થા કરી તે વ્યવસ્થા ૧૯૧૫ સુધી ચાલી. હરિલાલની ઉંમર આ વખતે ૨૩ વર્ષની હતી. બે બાળકોના પિતા થયા હતા.

હિન્દ આવી, શિક્ષણ લેવા અમદાવાદ હાઈસ્કૂલમાં દાખલ થયા. ત્રણ વખત મેટ્રિકની પરીક્ષામાં નાપાસ થયા. ૨૩-૨૪ વર્ષે મેટ્રિકના અભ્યાસ માટે બેસતાં શરમ લાગી. ગાંધીજી સાથે થોડો પત્રવ્યવહાર થતો, પણ રોષ અને નિરાશા ઓછાં નહોતાં થયાં. સતત નાણાભીડ તો હતી જ. ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકા છોડી ગાંધીજી કાયમ માટે હિન્દ આવ્યા ત્યારે હરિલાલ માતા-પિતાને મળ્યા, થોડું સાથે ફર્યા. કસ્તૂરબા માટે હરિલાલને અનહદ પ્રેમ હતો. ગાંધીજીએ કસ્તૂરબાને પણ અન્યાય કર્યા છે તેમ તે માનતા અને જાહેર રીતે કહેતા. ગાંધીજી સાથે ઘણી વાતો થઈ પણ કાંઈ મનમેળ ન થયો. છેવટે ૩૧-૩-૧૫ના રોજ ગાંધીજીને એક અર્ધ-ખુલ્લો લાંબો પત્ર લખ્યો તેમાં બધી હૈયાવરાળ ઠાલવી. તેમાંનો કેટલોક ભાગ (બહુ થોડો) અહીં આપું છું :

''આજે દસ વર્ષ થયાં આપની પાસે મારું રુદન ચાલ્યું આવે છે, પરંતુ ભ્રમરને કીટ કાંઈ વિસાત નથી. મતલબ કે આપે અમારી લાગણીનો કોઈ દિવસ ખ્યાલ જ નથી રાખ્યો...અમે બધા ભાઈઓ પ્રત્યે આપે એક સરકસના રિંગ-માસ્તર અને જાનવરો જેવું જ વર્તન રાખ્યું છે... આપનું (આપની આસપાસનું વાતાવરણ પણ એવું જ બની રહ્યું હોય છે કે આપનાથી નિર્દોષપણે પણ જુદો વિચાર બતાવનાર મૂઓ જ પડ્યો છે. પ્રેમથી નહિ ! પણ હમેશાં આપે અમારી સાથે ક્રોધથી જ વાત કરી છે... આપનું હૃદય વજ્ર જેવું છે. આપનો પ્રેમ... મેં દેખ્યો નથી એટલે શું કહું ?''

''આપનું વિશેષ ધ્યાન ખેંચતા ભૂલી જાઉં છું કે આપે વિલાયત જઈ બેરિસ્ટર થવાની મારી માગણીને તે પાપી કાર્ય છે એમ કહી કાઢી નાખી હતી.''

પત્રમાં બીજી ઘણી વાતો ખૂબ કડવાશથી લખી છે. ફિનિક્સ આશ્રમના જીવનમાં કૃત્રિમતા અને દંભ હતાં એમ કહ્યું છે. વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો, એ પ્રમાણે ગમે તેમ થાય પણ બાપુને રાજી કરો, એ રીતે આશ્રમમાં સૌ વર્તે છે.

આ બનાવ પછી અંતર વધતું જ ગયું. હરિલાલ કોઈ વખત નોકરી કરે, કોઈ વખત વેપાર કરે, ઠેકાણું ન જ પડ્યું. દેવું થયું. સતત નાણાંભીડ રહે. ગાંધીજીને અવારનવાર મળતા. પણ એમ લાગે કે

love-hate relationship હરિલાલને પક્ષે વધતી રહી. દુર્ભાગ્યે, ઑક્ટોબર ૧૯૧૮માં પહેલાં એક પુત્રનું અને અઠવાડિયા પછી પત્નીનું અવસાન થયું. પત્ની પ્રત્યે હરિલાલને ઘણો પ્રેમ હતો. આ અંકુશ જતાં તે નિરંકુશ બન્યા. ચાર નાનાં બાળકો બા-બાપુ પાસે મૂક્યાં, પણ હરિલાલને એ વાત ગમતી નહિ.

ત્યારપછી હરિલાલનું પતન વધતું જ રહ્યું. **विवेकभ्रष्टानाम् भवति विनिपातः शतमुखः** જેવું થયું. બાપુ ધ્યાન રાખતા, અવારનવાર મળતા, પત્રવ્યવહાર થતો, પણ ચારિત્ર્યસ્ખલન બાપુ સહન નહોતા કરી શકતા. એક પ્રસંગે હરિલાલ વિશે બાપુએ કહ્યું : ''હું હરિલાલ પર ધ્યાન નથી આપતો એવી બાની મોટી ફરિયાદ છે; પરંતુ હું મારી રીતે જ ધ્યાન આપી શકું. મારા મનમાં મારો અને પરાયાનો એવો ભેદ નથી. જે મારે રસ્તે ચાલે છે તે મારો છે. બીજે રસ્તે ચાલવાવાળાઓનો હું દ્વેષ ન કરું પણ તેને મદદ પણ ન કરું.''

હરિલાલ દારૂની લતે ચડી ગયા. વ્યભિચારમાં પણ ઊતરી ગયા. બાપુની શિખામણ ચાલુ જ હતી :

''તું ભૂખે મરજે પણ ભિક્ષા ન માગતો; ત સે મરજે પણ દારૂ ન પીતો; નપુંસક થજે પણ વ્યભિચાર ન કરતો.''

હરિલાલના પુત્ર કાન્તિલાલે, પોતાના પિતા પાસે જવા બાપુની રજા માગી. બાપુએ લખ્યું :

''હું માનું છું, એમણે અત્યારે રસ્તો ઊંધો લીધો છે. એ વ્યભિચાર કરે છે. એ વ્યસની થયો છે. પોતાનો ધર્મ ભૂલ્યો છે. તેથી એ પિતા તરીકે અધિકાર ભોગવવા લાયક નથી રહ્યો. એને હું એક પ્રકારનો દર્દી ગણું છું. એનો રોગ શારીરિક નહિ પણ આધ્યાત્મિક છે; અને આધ્યાત્મિક રોગ, શારીરિકના કરતાં ય વધારે ભયંકર હોય છે. તેથી એની પાસે એને ઉત્તેજન આપવાના ઈરાદાથી જવાનો તમારો ધર્મ નથી. પણ એનો ત્યાગ કરવાનો તમારો ધર્મ છે. તમારો, મારો, એના મિત્રોનો, હિતેચ્છુઓનો એની સાથે ધાર્મિક અસહયોગ હોવો જોઈએ.''

હરિલાલ પણ છેલ્લે પાટલે બેઠા. ધર્માન્તર કર્યું. મુસલમાન થયા. વળી હિન્દુ થયા. પૈસા મેળવવાના ઈરાદે આ કર્યું હોય તેમ લાગે છે.

'બા'ના અવસાન સમયે આગાખાન મહેલમાં પહોંચી ગયા. બાપુના અવસાન પછી દિલ્હી પહોંચી ગયા. રખડપટ્ટીનું જીવન થયું. ચીંથરેહાલ ભટકતા. દારૂએ દાટ વાળ્યો. જાત ઉપરનો કાબૂ ગુમાવી બેઠા. ૧૮-૬-૪૮ને શુક્રવારના રોજ મુંબઈની શીવરી હોસ્પિટલમાં અવસાન થયું.

પુત્ર કાન્તિલાલ અને તેમના પત્નીએ બની તેટલી કાળજી કરી, પણ હરિલાલ સ્થિર હતા જ નહિ. કાન્તિલાલે ગાંધીજીની સલાહ અવગણી, આધુનિક કેળવણી લીધો અને ડૉક્ટર થયા. ગાંધીજીની બીજી ઘણી અસર તેમની ઉપર છે.

આ મનોવિશ્લેષણ સમસ્યાનું હાર્દ હરિલાલે પોતે ગાંધીજી ઉપરના ૩૧-૩-૧૫ના પત્રમાં બતાવ્યું છે :

''મારો આખો પત્ર એક જ વાત ઉપર છે અને તે એ કે આપે અમારી નબળાઈની છૂટ મૂકી જ નથી. (આ વાક્ય અંગ્રેજીના અનુવાદ જેવું લાગે છે : You have made no allowance for our weakness.) આપે અમારો અધિકાર જોયો નથી; આપે પાત્ર જોયું નથી. આપની રહેણી અને કરણી બહુ કઠિન છે. હું તેને માટે મને નાલાયક માનું છું. આપને પુત્ર અને બીજા સૌ સમાન છે. બે ગુનેગારમાં પુત્રની સામે અન્યને ગુનેગાર ઠરાવવો આપે વાજબી નથી ધાર્યું. પુત્રે સહન કરવું એ જ ન્યાય છે. છતાં તે, હું કમભાગ્યે સહન નથી કરી શક્યો.''

મહાપુરુષોના જીવનની અને તેમની સાથે રહેવાવાળાની, કદાચ, આ જ કરુણતા હશે.

બધા મહાપુરુષો વિશે એવું નથી હોતું. મહાવીર અને બુદ્ધે ધર્મનો ઉપદેશ આપ્યો, પણ તેના આચરણ સંબંધે બીજાઓ પ્રત્યે કઠોર આગ્રહ ન હતો. ગાંધીજીમાં સુધારકની ધગશ અને અધીરાઈ હતી.

ગાંધીજી માનતા કે હરિલાલ પ્રત્યેનો તેમનો પ્રેમ હરિલાલ પ્રત્યે આવું વલણ રાખવા તેમને પ્રેરતો. હરિલાલ પ્રત્યેના તેમના પ્રેમનો ઊગમ ફરજની ભાવનામાંથી વધારે હતો. ફરજની ભાવના સર્વોપરી હોય ત્યાં પ્રેમની ઉષ્મા કે હૂંફ કાંઈક ઢંકાઈ જાય છે. એવો પ્રેમ પણ કોઈ વખત આકરો થઈ પડે છે અને વિપરીત પ્રત્યાઘાત જન્માવે છે. બીજાને સુધારવાની વૃત્તિ હોય ત્યાં વડપણનો ભાવ રહે છે. તેની દયા આવતી હોય તેમ લાગે. ગાંધીજીમાં આવું ન હતું. પણ હરિલાલને એમ લાગ્યું હશે. ગાંધીજી અને હરિલાલના સંબંધો મનોવિશ્લેષમનો વિષય છે.

આ પુસ્તક વાંચી મને જે વિચારો આવ્યા તે અહીં આપ્યા છે. સંભવ છે કે પૂરી માહિતીને અભાવે આ વિચારો અધૂરા હોય. ખાસ કરી બાપુએ આ પુસ્તક વાંચ્યું હોય તો શું કહે તે જાણવાનું મન થાય. અહીં જે લખ્યું છે તે ટીકા કરવાને ઈરાદે નહિ પણ સમજવા માટે. એમ પણ છે કે જે બન્યું છે તે સંબંધે હરિલાલ કે બાપુ શું કહે છે તે એક વાત છે અને તટસ્થ ભાવે બીજાને શું લાગે છે તે જુદી વાત છે, અને તેમાં જુદા જુદા પ્રતિભાવો થાય તે સ્વાભાવિક છે.

❖❖❖

# ‘હું કોઈની સાથે સંબંધ બગાડતો નથી’

**પ્રતિભા કોટેચા**

*‘માનવીય સંબંધોનું શાસ્ત્ર બાળકને શાળાથી માંડીને યુનિવર્સિટીનાં તમામ અભ્યાસક્રમ દરમિયાન ફરજિયાત શીખવવું જોઈએ.’*

- રાલ્ફવાલ્ડો ઓર્મસન

દર વર્ષે જુનિયર કૉલેજમાં લેવાતી પરીક્ષામાં ગુજરાતી વિષયમાં અમે વિદ્યાર્થીઓને ક્યારેક ‘ગુરુ શિષ્ય વચ્ચેનો સંબંધ’ એવો એક નિબંધ પ્રશ્નપત્રમાં રાખીએ છીએ.

ગુજરાતી વિષયની તેમ જ અન્ય ભાષાઓની વાત કરીએ તો વિદ્યાર્થીઓ સાહિત્યનાં વિવિધ સ્વરૂપો નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, કવિતા વગેરેમાં, માતા-પિતા, ભાઈ-બહેન, દાદા-દાદીમા, મિત્ર-મિત્ર વચ્ચેના સંબંધોના જુદા જુદા રૂપ સ્વરૂપથી થોડાં ઘણાં અંશે માહિતગાર થાય છે. ગુજરાતી વિષય ઉપરાંત સમાજ શાસ્ત્રમાં પણ વિદ્યાર્થીઓને સંબંધનાં સ્વરૂપનો ખ્યાલ આવતો હશે. પરંતુ સંબંધનાં સ્વરૂપનો ખ્યાલ આવતો હશે. પરંતુ સંબંધનાં આ સ્વરૂપની જાણકારી સીમિતમાત્રામાં જ હોઈ શકે. જ્યારે વિદ્યાર્થીઓને આ વિષયમાં ઊંડાણથી માહિતી આપવાની જરૂરિયાત રહેતી હોઈ છે.

લેખકની આ વાત તદ્દન સાચી છે શાળાથી લઈને યુનિવર્સિટી સુધીનાં અભ્યાસક્રમમાં એક વિષય માનવીય સંબંધ તો ફરજિયાત રાખવો જોઈએ. મરજિયાત નહીં.

વિદ્યાર્થી એ કાયમ વિદ્યાર્થી રહેતો નથી. વળી એનું સમગ્ર જીવન માત્ર શાળા, કૉલેજ કે યુનિવર્સિટી પૂરતું સીમિત હોતું નથી. દરેક વ્યક્તિ સમાજમાં જીવે છે. સમાજની બહાર હરગિજ નહીં. એક વિદ્યાર્થીએ સજ્જ વ્યક્તિ બનીને સમાજમાં પ્રવેશ કરવાનો હોય છે.

શાળામાં, કૉલેજમાં તો તેની ભૂલચૂક, અવિવેક, અસભ્ય વર્તન તેનાં શિક્ષકો ઉદારતાથી માફ કરી દેતા હોય છે કે જવા દોનો એ બાળક છે. નાનો છે જ્યારે સમાજમાં તેને વિવિધ સ્થળે જવાનું હોય છે. કામ કરવાનું હોય છે. એમાં એને માનવીય સંબંધની જાણકારીની જરૂર પડવાની સમાજમાં રહેવા માટે સારી રીતે રહેવા માટે સારી રીતે રહેવા માટે જીવન જીવવા માટે તેને સંબંધ વગરચાલવાનું નથી. સંબંધના શાસ્ત્રનાં ઘણા પાઠો ઉપયોગી થઈ રહે.

ઓળખાણને આપણે ‘ખાણ’ કહીએ છીએ તો સંબંધને એક પ્રકારનું ‘ઈન્વેસ્ટમેન્ટ’ કહી શકાય. માણસ સમજણો થાય છે ત્યારથી પૈસો કમાય છે. સંચય કરે છે, પરંતુ પૈસાની સાથે સાથે એક માણસે બીજા માણસો સાથે સંબંધ બાંધવા, સંબંધનો વિકાસ કરવો, સંબંધને નિભાવવા એ એટલું જ જરૂરી છે. કોઈની સાથે સંબંધ બંધાય છે પછી જ આપણને ખ્યાલ આવે છે કે આપણામાં કેટલી સારી માણસાઈ છે.

આપણામાં રહેલા હકારાત્મક ભાવો પ્રેમ, લાગણી, દયા, સહાનુભૂતી, માનવતા વગેરે કેટલા છે. તેમ જ નકારાત્મક ભાવો ગુસ્સો, તિરસ્કાર, ઈર્ષા, અભિમાન વગેરે કેટલી માત્રામાં છે. સંબંધોમાંથી ઘણું શીખવા મળે છે.

માનવીય સંબંધો સારી રીતે સાચવવાથી આપણાં ઘણાં કામ થાય છે. અનિવાર્ય સંજોગામાં મદદ મળી રહે છે જો કે આપણે પણ સારા સંબંધી હોવાની પૂરેપૂરી કોશિશ કરવી રહી. ચિંતક એનન કહે છે, ‘જીવનના વિકટ રસ્તા પર મને ક્યારેય નિષ્ફળતા મળી નથી. હું જ્યાં પણ હોઉં સફળતા મારી વાટ જોઈને ઊભી જ હોય છે તેનું કારણ એ છે કે સંબંધોનું મેં પ્લાનિંગ કર્યું છે.

નાનપણથી સંબંધોનું શાસ્ત્ર સારી રીતે, યોગ્યપણે શીખ્યો ન હોય એ વ્યક્તિ શક્ય છે કે ઑફિસમાં કામ કરવાની જગ્યાએ, આડોશ-પાડોશમાં, સમાજમાં જોઈએ એટલી વિનમ્રતા, સભ્યતા રાખી શકતો નથી. ક્યારેક વર્તનમાં જાણતાં કે અજાણતાં તોછડાઈ કરી દેતો હોય છે. ત્યારે નાની-નાની ભૂલોથી જીવનમાં મોટું નુકસાન સહન કરવાનો વારો આવતો હોય છે.

સંબંધોને બહુ નાજુકાઈથી, સલુકાઈથી સાચવવાનાં હોય છે, ફૂલની જેમ... ક્યારેય સંબંધ પૂરાં કરવાની ઉતાવળ કરવી જોઈએ નહીં. એક સફળ ઉદ્યોગપતિને પૂછવામાં આવ્યું હતું કે... ‘તમારી સફળતાનું રહસ્ય શું છે ? તેમણે જવાબ આપ્યો હતો.’ ‘હું કોઈના સાથે સંબંધ બગાડતો નથી’.

માનવીય સંબંધોનું શાસ્ત્ર શાળા, કૉલેજ, યુનિવર્સિટીમાં શીખવાની સાથે ઘરમાં માતા-પિતાએ પણ પોતાના બાળકોને શીખવવાની જરૂર હોય છે.

સરોજિની જિતેન્દ્રનાં પુસ્તક ‘પિતૃતર્પણ’માં વિજય તેંડુલકર તેની પુત્રી પ્રિયા તેંડુલકરને કહે છે. પ્રિયા બેન ‘તું જ્યાં જાય છે, ત્યાં જે માનવીય સંબંધો બાંધે છે તે મને ખૂબ મહત્ત્વનાં લાગે છે.’

❖❖❖

# જીવનમાં નડતરરુપ સ્વભાવ

**સદ્‌ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી**

**સ્વ** એટલે પોતાનું અને ભાવ એટલે મનનું વલણ ને દેહનો ઢાળો. આ બંને શબ્દો મળીને સ્વભાવ શબ્દ બન્યો છે. સ્વભાવ અનંત પ્રકારના છે. જન્મો જન્મમાં કરેલ કર્મો ને પાડેલ ટેવો એ લાંબે ગાળે રૂઢ સ્વભાવ બની જાય છે. આવા સ્વભાવના જથ્થાને વાસના તરીકે ઓળખીએ છીએ. સ્વભાવ ટાળવાનો ખટકો ન હોય તો એ વાસના વધતી જાય છે.

પોતાના સ્વભાવનું દર્શન તો સત્સંગરૂપી દર્પણમાં થાય છે. જેને સત્સંગ થયો તેને સંતની કૃપા ને કથાવાર્તાથી સ્વભાવ ઓળખાય છે. જે દિવસથી સત્સંગ થયો તે દિવસથી નામું માંડી રાખ્યું હોય ને સ્વભાવ ટાળવા પ્રયાસ કરે તેનો સ્વભાવ ટળે.

છ અબજની વસ્તીમાં કોઈને મતે આમ તો કોઈ નડતર રૂપ નથી માત્ર પોતાના સ્વભાવ જ નડતર રૂપ છે. કોર્ટ, કચેરી, કાવાદાવા, લૂંટફાટ, મારામારી, ખૂન એ સ્વભાવનું પ્રત્યક્ષ પ્રદર્શન છે. એકાંતમાં બેસી રહે તેનો સ્વભાવ ન ટળે. પ્રવૃત્તિ એટલે કે ક્રિયા કરવામાં કોઈ રોકે તો સ્વભાવ જરૂર ઝળકે. અંતર્દષ્ટિ કરે તેને સ્વભાવની ભયંકરતા તુરત દેખાય.

દુનિયામાં બીજા કોર્સ પૂરા કરવા સહેલા હશે પણ સ્વભાવ સુધારવાનો કોર્સ કરવો અઘરો છે.

આપણાં કપડાં ઉપર કોઈ મેલો ડાઘ પડયો હોય તેને જોઈ બીજી વ્યક્તિ સાબુ દઈ પાણીથી સાફ કરી દે તો આપણે તેનો આભાર માનીએ. સ્વભાવ બાબતે આટલું જ જાણવાનું છે. અંતરમાં લાગેલા ડાઘને દૂર કરવામાં કોઈ મદદ કરે તો એ આપણો હિતેચ્છું જ છે.

શરીરનું મેડીકલ ચેક અપ ડોક્ટર પાસે કરાવીએ પણ સ્વભાવોનું ચેક અપ સંતો પાસે કાં પોતે જાતે કરવું પડે. માનવને પોતાના અવગુણ દેખાતા જ નથી. શું એ એની છાતી પર લખ્યા છે કે જેથી તે તુરત દેખાય છે ?

ગુણાતીતાનંદ સ્વામી કહે, ''બીજાના દોષો જોવાનો જેવો આગ્રહ છે તેવો પોતાના દોષ ટાળવાનો આગ્રહ હોય ને બીજાને સમજાવવાનો આગ્રહ છે તેવો પોતાને સમજવાનો આગ્રહ હોય તો સ્વભાવ ટળી જાય.' બીજાનો અવગુણ લેવો એટલે ઉડતો પામો પોતાના પગમાં લેવાની વહોરી લીધેલી ઉપાધિ.

શ્રીજી મહારાજે પાકા હરિભક્તનું લક્ષણ જણાવતાં લખ્યું જે ભગવાનના ભક્તના દોષ તો દેખે જ નહિ. ભોજન જમવા બેઠાને કોળીએ કોળીએ કાંકરી આવે તો કેવું સુખ આવે ? કોળિયામાં જો એકાદ કાંકરી આવે તો પણ ભોજનનો સ્વાદ જતો રહે. એમ અવગુણ લેવાવાળાને સત્સંગનું સુખ ન આવે પણ અવગુણ લેનારને અવગુણ લેવામાં આનંદ આવે છે ને એ જ વાત બીજાને કરે છે ત્યારે એને વધુ આનંદ થાય છે.

સાચા સંત તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે તેમ દેખી પારકા દોષને દાટે, તે જીવોના રૂડા થવા માટે દોષ ઉપર ગુણ અને મહિમાનો સ્પ્રે છાંટો પછી જુઓ કેવી મજા આવે છે ! ખીસ્સામાં ગંદવાડ ભર્યો હોય તો પાસે બેઠેલા બીજાની શી વલે થાય ? અરે પોતાને જ સુખ ન આવે. બીજાના દોષો આપણે મનમાં રાખીએ એ ગંદવાડ ભર્યા જેવું જ છે.

ગ.મ. ના ૧૫મા વચનામૃતમાં કહ્યું છે કે ગમે તેવો કઠણ સ્વભાવ એક વિચાર માત્રે ટળી જાય. એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કે તો પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ, એવો જ કયો વિચાર છે ? શ્રીજી મહારાજ બોલ્યા જે જેમ બાહેર કોઈ પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતુ હોય તેને બગાડી દે અથવા પોતાની મા બેન સામી ગાળો દે તેનો જેમ અતિશય અભાવ આવે છે, અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કે તો પણ અતિશય રાજી થવા છે. તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જો કામક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈર બુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય ન ટળે એવો વિચાર જેને હાથ આવે તો સ્વભાવ ટળે. સ્વભાવ ઉપર શત્રુપણું રાખવું એ શ્રેષ્ઠ વિચાર છે.

ઘણીવાર પોતાની મેળે કે બીજી રીતે તો કઠિન સ્વભાવ જરાય ટળે જ નહીં. એવે પ્રસંગે સત્પુરુષને મન સોપવું પડે તો સ્વભાવ ટળે કારણકે જન્મોજન્મ ખાતર પાણી આપ કર્યું છે તેથી સ્વભાવ તગડાં થઈ ગયાં હોય. કોઈ ટોકે યા વઢે તો તેને પરમ હિતેચ્છુ છે એમ મનાય તો સ્વભાવ ટળે. સ્વભાવ ઉપર શત્રુપણા વગર લાખો વિચાર કરીએ તોય સ્વભાવ નહિ ટળે.

પોતાનો સ્વભાવ જો દુશ્મન દેખાય તો એના પ્રત્યે ભારે નફરત થાય. બીજાએ નહીં પણ મારા બૂરા સ્વભાવે જ મને ફજેત કર્યો એવું હાડોહાડ લાગી આવે ત્યારે સ્વભાવ ઉપર પૂરેપૂરો તિરસ્કાર જાગે ને તો જ સ્વભાવ છૂટે. ફજેતા પાછળ બીજાને નહીં પણ નબળા સ્વભાવને જ કારણભૂત માને તો સ્વભાવ જરૂર ટળે. સ્વભાવ સાથે સોબત નહીં પણ વેર જાગવું જોઈએ.

પીઠા ધાધલ સ્વભાવે ખૂબ ક્રોધી હતા.

ત્યારે એણે વિચાર કર્યો કે હવે હું પીઠો ધાધલ નહીં પણ નિર્માનાનંદ સંત છું. મારે સંતને ક્રોધ કરાય નહીં પણ આવેલ ક્રોધ કરાય નહીં પણ આવેલ ક્રોધને સમાવી દેવો પડે. ક્રોધ તો મારો વેરી છે આમ વિચાર કરી એમણે ક્રોધને દબાવી દીધો.

સમજ જતાં એમણે વિચારણા, પ્રયત્ન અને પ્રભુની પ્રાર્થનાના બળે ભયંકર ક્રોધને જીતી લીધો હતો. પછી કદી એ ક્રોધે ભરાતા નહીં માન-અપમાન જેવા પ્રસંગોએ મનોમન હસી લેતા. પણ ક્રોધને આવવાનો એને કોઈથી જરાય વતાવાય નહીં. એક રાતે પેશાબ કરવા જતાં અંધારામાં ગાડાનું ધોસરું પગે અથડાયું તો ખીજાઈને ધોસરાને બટકું ભર્યું ને એમાં તો પોતાના આગલા બે દાંત પડી ગયા. મોમાં લોહી નીકળ્યું એ વધારામાં. એ પછી પોતાની ભૂલ સમજાણી.

સમય જતાં એ સાધુ થયા. નિર્માનાનંદ સ્વામી નામ પાડ્યું. વૈરાગીઓ સંતોને મારવા દોડયા ત્યારે આ નિર્માનાનંદના અંતરમાં ક્રોધની જરાક ચટકી ચડી આવી અવકાશ રહેવા દેતા નહીં. આમ સ્વભાવ જીતાય.

પોતાનામાં કાંઈ અયોગ્ય સ્વભાવ હોય ન તેને સંતનો સમાગમ કરીને સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવને નાશ થઈ જાય છે.

જે દિવસે થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામુ માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે.

સ્વભાવ ઉપર શત્રુપણું રાખવું તે જ સર્વે વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે.' ❖❖❖

## સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

શ્રી હસમુખરાય હિરાચંદ કામદાર તરફથી
(શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ) રૂા. ૧૦૦૦/-

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **કેનીલ** | **રુત્વી** | | |
| શ્રી અજયભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર (ગોળધાણા પ્રસંગે) પોરબંદર નિવાસી (હાલ - સાંતાક્રુજ) | | | |
| શ્રી જીનેશભાઈ દિપકભાઈ શાહના સુપુત્રી (ગોળધાણા પ્રસંગે) પાટી બોટાદ નિવાસી (હાલ-મુલુંડ) | | ૧૧૩૧ | ૧૧૩૧ |
| **હર્ષ** | **રાધિકા** | | |
| શ્રી પ્રશાંત પ્રવિણભાઈ ગોપાણીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ- કાંદિવલી) | | | |
| શ્રી દિવ્યેશભાઈ શશીકાંતભાઈ સંઘવીની સુપુત્રી ટીંબી નિવાસી (હાલ-ગ્રાંટરોડ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |


**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**

**શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહી)**

Advt.


## વીરાયતનના મહાસાધ્વી પદમશ્રી પૂ. ચંદનાજીને ધીરગુરુદેવની ગુણાંજાલિ



પૂના જિલ્લાના ચાસકમાન ગામે માતા પ્રેમકુંવર અને પિતા માણિકચંદ કટારીયાના ગૃહાંગણે ૨૬-૦૧-૧૯૩૭ના જન્મેલા શકુંતલા અને ૩ ધોરણ સુધી અભ્યાસ કરનારે ૧૪ વર્ષની ઉંમરે નાનાજીના કહેવાથી શ્રમણ સંઘના પૂ. સુમતિકુંવરજી મહાસતીજી પાસે જૈનધર્મની દીક્ષા અંગીકાર કરી સાધ્વી ચંદનાજી એ ૧૨ વર્ષ મૌનની સાધના કરી હતી. ૧૯૬૮માં શ્રમણ સંઘથી મુક્ત બની ઉપાધ્યાય પૂ. અમરમુનિજી મ.સા. ની પરંપરામાં જોડાયા બાદ 'આચાર્ય'ની પદવી આપવામાં આવેલ. ૧૯૭૩માં રાજગીર-બિહારમાં વીરાયતન સંસ્થાની સ્થાપના અને શિક્ષણ, સ્વાસ્થ્ય, માનવસેવામાં જોડાયા હતા. નેત્ર રોગીઓની મફત સેવા, પાલીતાણામાં તીર્થંકર મહાવીર વિદ્યામંદિર વગેરેની સ્થાપના કરેલ. ભારત સરકારે પદ્મશ્રી એવોર્ડ ૨૦૨૨માં અર્પણ કરેલ.

તાઈમાના ઉપનામથી પ્રખ્યાત પૂ. ચંદનાજીનો મંત્ર છે કે - જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં સંસ્કૃતિ, આદર, સંતોષ ગુણ વિદ્યમાન હોય છે. આવા વિદુષી પૂ. ચંદનાજી તા. ૨૨-૦૪-૨૦૨૬ના સવારે ૧૦:૧૫ કલાકે પૂનામાં કાળધર્મ પામ્યા છે. એમ્બી વેલી બિરાજીત પૂ. શ્રી ધીરગુરુદેવે સેવાસાધક આત્માને ગુણાંજાલિ અર્પણ કરેલ. ❖❖❖

# શિક્ષણને સમર્પિત વિરલ વ્યક્તિત્વ- વિનોદિનીબેન શાહ



અપાર આત્મવિશ્વાસ અને અવિશ્રાંત કાર્યનિષ્ઠા થકી સતત ૫૦ વર્ષ સુધી એક જ શાળાના શિક્ષિકા, આચાર્યા, સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીના મંત્રી અને પ્રમુખપદે રહી સુરેન્દ્રનગરની દીકરીઓને સત્ય, પ્રામાણિકતા, નીતિમત્તા અને નેતૃત્વના પાઠ શીખવનારા, કરુણા અને માનવતાના મૂલ્યો થકી જીવનની ઊજળી બાજુઓની અનુભૂતિ કરાવનારા વિનોદિનીબહેન શાહ શિક્ષણ જગતનું ગૌરવ રહ્યા.

વિદ્યાર્થીઓ પ્રત્યેનું અનવરત વહાલ, એમના સર્વાંગી વિકાસ માટેની અઢળક પ્રવૃત્તિઓ, ધ્યેય પૂર્ણતા માટેની દ્રઢતા એ વિનુબેનના વ્યક્તિત્વની વિશેષતા રહી. ૧૯૫૬માં ડૉ.પુરુષોત્તમ દાસ પાટડિયાના અનુદાનથી શરૂ થયેલી શ્રીમતી રંભાબેન પુરુષોત્તમદાસ પાટડિયા ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષિકા તરીકે વિનુબેને પોતાના કાર્યની શરૂઆત કરી. ધગશ, ઉત્સાહ, જ્ઞાનવૈભવ અને વહીવટી કુશળતાનો પરિચય આપ્યો. ફૂલબ્રાઈટ ફેલોશિપ મેળવી અને એક વર્ષ માટે ઈંગ્લેંડની શાળાઓમાં પ્રશિક્ષણ મેળવ્યું. આચાર્યા પદે આરૂઢ થયા. શાળાએ તેમના નેતૃત્વ હેઠળ ખૂબ પ્રગતિ કરી. શૈક્ષણિક ગુણવત્તાએ ગુજરાતભરમાં તેઓ ઝળક્યા. બાળકીઓની શૈક્ષણિક પ્રગતિની સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી આર. પી. પી. ગર્લ્સ હાઈસ્કૂલનું નામ રોશન થયું. સમગ્ર ગુજરાતની પાંચેક હજાર શાળાઓમાં પ્રથમ પાંચમા શાળાનું નામ ઝળહળ્યું. વિનોદિનીબેનને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે નવાજવામાં આવ્યા. ભારત સરકાર તરફથી રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું. શિક્ષણના ક્ષેત્રે વિશ્વમાં જે કાંઈ શ્રેષ્ઠ હોય તે મારી વિદ્યાર્થિનીઓને મળે તેની ખેવના તેમણે જીંદગીભર રાખી. નિવૃત્ત થયા ને સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીના મંત્રી તરીકે અને બાદમાં પ્રમુખ તરીકે જીવનના અંત સુધી કાર્યરત રહ્યા.

ધરતીકંપ થયો ત્યારે શાળાનું મકાન તૂટી પડ્યું. વિનોદિનીબેનના પરિવારે ૨૫ લાખ રૂપિયાનું દાન આપ્યું, સમાજના આગેવાનો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ વહારે આવી ને અદ્યતન શાળાનું નવેસરથી નિર્માણ કર્યું. ગિરિરાજ નામના નાનકડા બંગલામાં આજીવન એકલા રહી ગૌરવશાળી જીવન જીવતા વિનુબેને કોરોના કાળે બંગલો વેચી નાખ્યો અને ફ્લેટમાં રહેવા ગયા. નેવું વર્ષની ઉંમરે પોતાની સર્વકાંઈ આથીપોથી-૧ કરોડ રૂપિયા સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીને અર્પણ કર્યા. સુરેન્દ્રનગર આમ પણ શિક્ષકોની બાબતમાં નસીબદાર છે. બાળપણથી યાદ કરું તો મુક્તાબેન વ્યાસ, દિનાબેન-જયંતભાઈ, તાઈ-નાગજીભાઈ, એસ.કે. શાહ ને વસંતભાઈ દોશી જેવા સાચા કેળવણીકારો અમને મળ્યા જેમણે અમારું ઘડતર કર્યું. પણ વિનુબેનનું આ દાન તો પરાકાષ્ઠા સમું રહ્યુ.

અંગત વાત કરું તો આજે પણ મને અમારા નવમા ધોરણમાં અંગ્રેજી કવિતા ભણાવતા એ આરોહ-અવરોહ સાથે યાદ છે. એમના વ્યક્તિત્વનો ઊંડો પ્રભાવ મારા પર પડ્યો, કદાચ એટલે જ મેં શિક્ષિકા બનવાનું નક્કી કર્યું. મને ફુલબ્રાઈટ ફેલોશિપ મળી, શિક્ષણ અને સંસ્કૃતિના પ્રસાર અર્થે અમેરિકા જવા મળ્યું ત્યારે સહુથી વધુ વિનુબેન ખુશ થયા. શ્રેષ્ઠ શિક્ષિકા તરીકેનો મેયર એવૉર્ડ, રોટરી ક્લબનો પ્રોફેશનલ એચિવમેન્ટ એવૉર્ડ તથા સંત રોહિદાસ આદર્શ શિક્ષક એવૉર્ડ મળ્યો તે પ્રત્યેક વખતે અભિનંદનનો એમનો પત્ર તો આવ્યો જ. મારો સાહિત્યનો શોખ એમને બહુ જ ગમે. હું 'જન્મભૂમિ' માં લખું કે મારા સમાજના મુખપત્રના તંત્રી તરીકે, એમનો સ્નેહભર્યો અવાજ તો રણકે જ. આટલી હૂંફ, આટલી કાળજી મારા જેવી હજારો વિદ્યાર્થિનીઓને આપનાર વિનુબેનને શતશત પ્રણામ. એમની પાસે ભણનારી યુવતિઓ દેશવિદેશમાં અનેક ક્ષેત્રે ઝળહળતી રહી એ જ એમની પ્રસન્નતાનું કારણ બની રહ્યું. અત્યંત પ્રેમાળ, ભાવસભર આંખો, ઊંચી દેહયષ્ટિ અને છલકાતા આત્મવિશ્વાસ સાથે શાળાની લોબીમાં વિનુબેન ફરતા હોય ત્યારે છવાઈ જતી શાંતિને આજે પણ હું શ્વસું છું. એમની અક્ષુણ્ણ યાદશક્તિને કારણે જ પચાસ પચાસ વર્ષ સુધી એ પોતાની વિદ્યાર્થિનીઓ સાથે સંપર્ક રાખી શક્યા.

થોડા દિવસો પહેલા જ તેઓ પડી ગયા અને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ભાઈ એમની ખબર પૂછવા ગયો. મારી સાથે વિડિયો કૉલ પર વાત કરી ત્યારે પણ એટલી જ ઉષ્મા.. પછીના બે જ દિવસમાં ઉજ્જ્વળ જીવનના ધારક વિનુબેન અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા. ..પ્રકાશનો પુંજ અસીમ આકાશમાં રેલાઈ ગયો. ૯૭ વર્ષની સાર્થક જીવનયાત્રા પૂર્ણતાને પામી.

***'મહેકમાં મહેક મળી જાય તો મૃત્યુ ન કહો***
***તેજમાં તેજ ભળી જાય તો મૃત્યુ ન કહો'***

હરીન્દ્ર દવેની આ પંક્તિઓ સાથે વિરમું.

**સંધ્યા શાહ**

**સૌજન્ય : અખંડ આનંદ**

# હાયવૉય !

હરિશ્ચંદ્ર

સુધા સુન્ન થઈને પલંગમાં પડી હતી. એની નજર ટેબલ પરના સુધીરના ફોટા ઉપર પડી. એ મોહક, નિષ્કપટ, આનંદભર્યું હાસ્ય ! એ હાસ્ય પર તો એ ઓવારી ગઈ હતી.

પરંતુ આજે એ હાસ્ય કેટકટલા ભારથી બેવડું વળી ગયું હતું ! કેટકેટલા અર્થો ને સંદર્ભો તેની સાથે જોડાઈ ગયા હતા ! પોતાના ઉપરીની સાથે એ હસતો - જાણે એમ કહેવા કે તમારો પડ્યો બોલ ઝીલવા હું તૈયાર છું. સાથે કામ કરનાર સમકક્ષ સાથીઓ સાથે એ હસતો - જાણે એમ ઠસાવવા કે આપણા વચ્ચે કશી ગળાકાપ સ્પર્ધા નથી. હાથ નીચેના માણસો સાથે એ હસતો - જાણે એમ અસર પાડવા કે તમારી વફાદારીને પાત્ર હું જ છું, તમારી કેરિયર, પ્રમોશન બધું મારી મુઠ્ઠીમાં, આવી જ રીતે તમે મને ''ઑબે'' કરતા રહો. બહાર વેપારીઓ સાથે અને અમલદારો સાથે એ હસતો - જાણે એમને આખા ને આખા પીગળાવી ન દેવા માગતો હોય. અને હમણાં હમણાં તો સુધાનેય એમ લાગવા માંડ્યું હતું કે એ પોતાની સાથેય હસતો ત્યારે એ હાસ્ય પાછળ પણ કાંઈ ને કાંઈ અર્થ રહેતો.

સુધીરનું એ મુક્ત, નિખાલસ હાસ્ય જાણે હવે ખોવાઈ ગયું હતું. બહુ બહુ અર્થો ને ઉદ્દેશોના ભાર નીચે એ દબાઈ ગયું હતું. ફોટાની બાજુમાં ટેબલ ઉપર ઘણાં પુસ્તકો હતાં - 'હસવાની કળા', 'કઈ રીતે લોકો ઉપર તમારી છાપ પાડશો ?', 'સામેવાળાને કેમ જીતશો ?' 'સફળતાનાં શિખરો સર કરવાની જડીબુટ્ટી.' અને આ પુસ્તકોની ભીંસ વચ્ચે સહજ, નૈસર્ગિક હાસ્ય મૂરઝાઈ ચૂક્યું હતું.

સુધીર કહેતો કે આ અનિવાર્ય છે. મેં રેસમાં ઝુકાવ્યું છે. ગમે તેમ કરીને મારે આગળ આવવું જ રહ્યું. નહીં તો બીજા મને હડસેલીને આગળ વધી જશે. અત્યારે બીજું કાંઈ વિચારવાની ફુરસદ નથી. એક વાર મને ટોચે પહોંચી જવા દે. અને આ હાયહાયમાં એને ન ખાવાપીવાનો સમય રહેતો, ન સુધા સાથે પહેલાંની જેમ નિરાંતે બેસવાનો. અઠવાડિયામાં ચાર વાર એ બપોરે જમવા નહોતો આવી શકતો. રાતે પણ ૧૦-૧૧ વાગ્યા સુધી સુધા વાટ જોતી બેસી રહેતી.

થોડા દિવસથી તબિયત નરમ રહેતી હોવાથી સુધા એને દાક્તર પાસે લઈ ગઈ. દાક્તરે ચેતવ્યા. આટલું ઊંચું બ્લડપ્રેશન ખરાની નિશાની છે. કામનો બોજ હળવો કરો. દોડધામ ઓછી કરો. ખાવામાં મીઠું ઓછું......

પરંતુ સુધીરે કહી દીધેલું, 'જોજે, કોઈને વાત કરતી ! ઑફિસમાં બઢતી મળવાની છે. હું અને વર્મા રેસમાં છીએ. અરે, મને કાંઈ નથી થયું.'

એની દોડધામ એવી ને એવી ચાલુ રહી, બલ્કે કાંઈક વધી. સુધાને જુના દિવસો યાદ આવ્યા કરતા. કેવો મોજીલો એનો સ્વભાવ ! કેવી મસ્તી, કેવો ઉમંગ ! ક્યારેક સાવ નિર્જન રસ્તે લાંબે લાંબે સુધી એને ફરવાનું ગમતું, તો ક્યારેક ઠસોઠસ ભીડ વચ્ચે કોઈક ભિખારીના બચ્ચાને ઉઠાવી લઈ તેને મીઠાઈ અપાવતો, તો કોઈક આંધાળાનો હાથ પકડી રસ્તો ઓળંગાવી દેતો. રિક્ષાવાળાના હાથમાં ખુશીથી રૂપિયો વધારાનો પકડાવી દેતો, તો ક્યારેક કોઈ મજૂર સાથે વાતે વળગતો. સુધા ટોકતી તો કહેતો કે 'પોતાના મનમાં આવ્યું તે વિના રોકટોક કરવામાં જે મજા છે, તેવી બીજા કશામાં નથી.' પણ ક્યારે આ આત્મતુષ્ટિ ધીરે ધીરે અહંતુષ્ટિનું સાધન બની ગઈ, ખબર નહીં !

એક સાંજે ઘેર આવતાંવેત ખુરશીમાં ફસડાઈ પડ્યો. પગથી માથા સુધી પરસેવે રેબઝેબ. નિષ્ણાત દાક્તર આવ્યા. કાર્ડિયોગ્રામ લેવાયો. દાક્તરે અલ્ટિમેટમ આપી દીધું, 'આ જ મિનિટે ઈસ્પિતાલમાં દાખલ થઈ જાવ !'

સુધીરનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો. જાણે કોઈ ઘોર કૃત્ય કરતાં પોતે પકડાઈ ગયો ન હોય ! જે વસ્તુ છુપાવી રાખવા માગતો હતો તે હવે છુપાવી શકાશે નહીં. છતાં એણે દાક્તરને કહ્યું, 'કાલે ઑફિસે જવું અનિવાર્ય છે.'

'મારી કેરિયરનો સવાલ છે. કાલ નહીં ને પરમ દિવસ હું ઈસ્પિતાલમાં દાખલ થઈ જઈશ.'

અને એ ઑફિસે ગયો જ. ત્યાં એના હાર્ટ એટેકની વાત પહોંચી ચૂકી હતી. ઉપરીએ એને બોલાવી કહ્યું, 'થોડા દિવસ આરામ કરો. તમારી પરચેઝની ફાઈલ મેં વર્માને સંભાળવા કહ્યું છે, માર્કેટિંગની શર્માને, સેલ્સની.........'

સુધીર પોતાની કેબિનમાં આવ્યો. ટેબલ ખાલીખમ જોઈને એને બહુ ખરાબ લાગ્યું. એણે અંદરથી જૂની જૂની ફાઈલો કાઢી ટેબલ ભરી દીધું. કલાકેક પછી ચપરાસીએ બારણું ખોલ્યું, અને તેનાથી ચીસ નખાઈ ગઈ. ખુરશીમાં સાહેબ છાતી પર હાથ દબાવી માથું ઢાળી નિશ્ચેતન પડયા હતા !


(શ્રી સૂર્યબાલાની હિંદી વાર્તાને આધારે)

❖❖❖






100% વેજ

Hotel
GAUTAM




**ઉનાળાની રજાઓના બુકિંગ માટે સંપર્ક :**

- Mumbai - Tel.: (022) 28839236 / 8229.
  Mob.: +91 8108839236 / 9224002400
- Mahabaleshwar - Tel: (02168) 260588
- Lonavala - Mob.: - +91 9167091570
- Pune - Mob.: +91 9028585409
- Goa - Tel.: (0832) 2416363
- E-mail : hotelgautam@hotmail.com
- Website : www.hotelgautam.com

**અમારી રિસોર્ટ મહાબળેશ્વર અને લોનાવાલામાં પણ છે.**

Advt.

## અબોલ જીવોને સારવાર આપી શાતા આપતું જીવદયાનું અદ્ભુત કાર્ય

# વઢવાણ પાંજરાપોળ ડેલામાં પશુ દવાખાનાનું આધુનીકરણ સાથે લોકાર્પણ

શ્રી મહાવીર સ્વામીનાં પગલાથી પાવન ભૂમિ વઢવાણ ખાતે તારીખ ૮ માર્ચ ૨૦૨૬ રવીવારનાં રોજ સવારે ૯:૦૦ કલાકે વઢવાણ મહાજન પાંજરાપોળમાં આધુનીકરણ સાથે **પુન: નિર્મિત પશુ દવાખાના**નાં પ્રવેશ દ્વારની જમણી બાજુ સ્થાપિત કરેલ **શ્રી સી. યુ. શાહ સાહેબનાં સ્ટેચ્યુ**નું અનાવરણ તેમજ પ્રવેશ દ્વારની ડાબી બાજુ સ્થાપિત કરેલ જીવદયાનાં પ્રતિક **ગાય માતાનાં સ્ટેચ્યુ**નું અનાવરણ કર્યા બાદ આધુનીકરણ સાથે **પુન: નિર્મિત પશુ દવાખાના**નું **માનવ રત્ન શ્રી મધુભાઈ શાહ, શ્રીમતી મિનળબેન શાહ, શ્રી રોહિતભાઈ શાહ**નાં વરદ્ હસ્તે **ઉદ્‌ઘાટન** કરવા સાથે **લોકાર્પણ** કરવામા આવેલ.

આધુનીકરણથી સજ્જ આ **પશુ દવાખાના**માં ઓ.પી.ડી., કન્સલ્ટિંગ ઓફીસ, વેઈટીંગ રૂમ, આઈ.સી.યુ. વિભાગ, ઓપરેશન થીયેટર, લેબોરેટરી, એક્ષરે ડીપાર્ટમેન્ટ, એડમિનિસ્ટ્રેટીવ ઓફિસ વગેરે વિભાગો આવરી લેવામાં આવ્યા છે. રસ્તે રઝળતા બિનવારસી અંધ, અપંગ, બિમાર, લુલા - લંગડા, માંદા પશુઓને સ્વીકારીને આ **પશુ દવાખાના**માં હવે આ નિર્દોષ અબોલ જીવોને તાત્કાલીક ધોરણે વધુ સારી સારવાર મળી રહેશે. અધતન સુવિધાઓથી ઉપલબ્ધ આ પશુ દવાખાનામાં લાવતા કોઈપણ પશુને ઈન્ડોર પેશન્ટ તરીકે દવાખાનામાં એડમીટ કરવું પડે તો તેની મેડિકલ સારવાર, સર્જરી વગેરે બધુ જ સંપૂર્ણ નિશુલ્ક કરવામાં આવે છે. ઘાયલ - માંદા જુદા જુદા પક્ષીઓને રાખવા માટે ત્રણ પક્ષીઘરની અહીયા વ્યવસ્થા છે. વઢવાણ અને ખાખરાથળ વીડ આ બન્ને પાંજરાપોળ થઈને હાલ ૪૨૦૦ જીવ અહિયા આશ્રય લઈ રહયાં છે. વઢવાણ પાંજરાપોળનો કુલ ૯૦ માણસોનો સ્ટાફ છે. જેનો લગભગ વાર્ષિક રૂપિયા આઠ કરોડ ઉપરાંતનો નિભાવ ખર્ચ થાય છે.

આ પ્રસંગે વઢવાણ મિત્ર મંડળ મુંબઈનાં પથદર્શક માનવ રત્ન શ્રી મધુભાઈ શાહ, પ્રમુખ શ્રી જવાહરભાઈ મણીયાર,




**જીવદયાપ્રેમી દાતાશ્રીઓ તથા શ્રી વઢવાણ મિત્ર મંડળ મુંબઈનાં સહયોગ સાથે શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ દ્વારા તારીખ ૮ માર્ચ ૨૦૨૬ રવીવારનાં રોજ પુન: નિર્મિત ''પશુ દવાખાના''નું દાતાશ્રીઓ – શ્રેષ્ઠીશ્રીઓનાં વરદ્ હસ્તે લોકાર્પણ**



મંત્રી શ્રી ઉપેન્દ્રભાઈ શાહ, ખજાનચી શ્રી નરેન્દ્રભાઈ ગાંધી, જીવદયાપ્રેમી દાતાશ્રીઓ શ્રી રાજેશભાઈ વોરા, શ્રી ચંદુભાઈ સંઘવી અને શ્રી વિનોદભાઈ સંઘવી વગેરે ઉપસ્થિત રહયાં હતા. વઢવાણ, સુરેન્દ્રનગર, મુંબઈ તેમજ અન્ય સ્થળોએથી વિવિધ સંસ્થાઓનાં પ્રતિનિધિઓ, જીવદયાપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.

મુરબ્બી શ્રી મધુભાઈ શાહએ પોતાના ઉદાત ભાવો સાથે જણાવેલ કે ખરેખર જયારે કોઈ કાર્ય અંગે મિનળબેન શાહને મળવા માટે ફોન કરીએ ત્યારે હું હેરાન ના થાઉ એટલે ફોનથી જ અમારી જરૂરીયાત જાણીને તેઓ અમને 'હા' કહી દે. આ છે શ્રી સી. યુ. શાહ સાહેબ અને શ્રી સદ્ગુણાબેનનો સંસ્કારોનો વારસો. અને જવાહરભાઈ મણીયાર જયારે પોતે કામ સંભાળે એટલે હુ નિશ્ચિંત થઈ જાઉ. કારણ કે જવાહરભાઈ બહુ નિષ્ઠાથી કામ કરી રહયાં છે.

શ્રી જવાહરભાઈ મણીયારએ જણાવેલ કે અમારી સંસ્થા માટે શ્રી મધુભાઈ અને શ્રીમતી મિનળબેન અમારા બે સ્થંભ છે. તેઓએ મને કયારે ના નથી પાડી. શ્રી મધુભાઈ, શ્રીમતી રેખાબેન, શ્રી નેમિષભાઈ કે શ્રી હિતુભાઈ પાસે જઈએ એટલે તેઓ આગળ વધવાની વાત કરે અને સહયોગી બને. મુંબઈમાં અમારા મંડળ તરફથી ૨૫૦ જરૂરીયાતમંદ પરિવારોને એજ્યુકેશન, મેડિકલ, મેડીસીન, મેડિક્લેઈમ સહાય કરીએ છીએ. અને હવે રહેવા માટે રેન્ટ પણ આપીએ છીએ.

શ્રીમતી મિનળબેન શાહે પોતાના હૃદયભાવો વ્યક્ત કરતા જણાવેલ કે આદરણીય શ્રી મધુભાઈ જયારે જે કહેને તેમાં સહભાગી થવાનો હર્ષ અનેરો હોય છે. કારણ કે સાથે જવાહરભાઈ તો હોય જ. તેઓની કાર્યક્ષમતા બિરદાવવાનો પણ આ એક અનેરો અવસર છે. હું હમેંશા કહુ છું કે શ્રી સી. યુ. શાહ એ માત્ર મારા જ પિતા નથી, તેઓ સમાજ પિતા છે.

**- ઉપેન્દ્રભાઈ શાહ**

## વઢવાણ પાંજરાપોળમાં પશુ દવાખાનાનાં વિવિધ વિભાગોમાં અબોલ જીવો શાતા પામશે આ વિભાગોને યોગદાન આપનારનું નામ આપવામાં આવશે... પુણ્ય કમાવવાની સુંદર તક

વઢવાણ પાંજરાપોળમાં હાલમાં જ આધુનીકરણ સાથે નિમાર્ણ થયેલ **પશુ દવાખાનામાં** આવેલા વિવિધ વિભાગોમાંથી **પ્રવેશ દ્વાર** અને **બીજા ત્રણ વિભાગો** એડમિનિસ્ટ્રેટીવ ઓફીસ, એક્ષરે ડિપાર્ટમેન્ટ, મેડિકલ સ્ટોરને દાતાશ્રીઓનાં નામ આપવાના બાકી છે. આ બધા વિભાગોનાં કાર્યને લઈને અબોલ જીવોની સારવાર થનાર છે. અબોલ જીવો સ્વસ્થ થઈને, સાજા થઈને શાતા પામશે. આ વિભાગોમાંથી જે વિભાગને યોગદાન આપનાર દાતાશ્રીનું નામ તે વિભાગ માટે આપવામાં આવશે. આ માટે જે વિભાગમાં આપ યોગદાન આપી તે વિભાગને આપનું નામ આપવાની, પુણ્ય કમાવવાની તકને ગુમાવશો નહિ.







પ્રથમ પશુ દવાખાનાનાં **પ્રવેશ દ્વાર**ને નામ આપવાની રકમ **રૂ. ૧૫ લાખ** અને બીજા ત્રણ વિભાગોમાંથી દરેક એક વિભાગ લેખે નામ આપવાની રકમ દરેકનાં **રૂ. ૧૦ લાખ** નક્કી કરવામાં આવેલ છે. પુણ્ય કમાવવાનાં આ કાર્યમાં આપનું યોગદાન આપી આ સત્કાર્યમાં સહભાગી બનશો. આપ યોગદાન માટે શ્રી જવાહરભાઈ મણીયાર (મો. ૯૮૬૯૨૧૪૮૬૬) તથા શ્રી પરેશભાઈ શાહ (મો. ૯૮૨૪૪૮૪૬૨૯)નો સંપર્ક કરી શકશો.







WE DELIVER WHAT WE PROMISE !
ammpalholidays@gmail.com
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
Discover The World, The Ammpal Way!
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
MAGNIFICENT ICELAND!
10D
10 DAYS OF MIND-BLOWING EXPERIENCE WITH AMIT SHAH.
REYKJAVIK | AKUREYRI | VIK
REYKHOLT | BORGANES | KEFLAVIK
TOUR DATES
NOV 2nd
KENYA
Experience Africa's Untamed Beauty, Where Nature is at It's Most Majestic.
8 DAYS TOUR BY AMMPAL HOLIDAYS
8D
TOUR DATES
May 21st | June - 4th (Sold Out) | 17th
VEG & JAIN MEALS BY RAJASTHANI CHEF
STAY AT 5 HOTEL
Vietnam Awaits...
Experience Vietnam Like Never Before with Ammpal Holiday on the 11 Days Tour!
11D
TOUR DATES
May 2nd | 24th
June 4th | 17th
• HANOI • HALONG BAY • SAPA • DANANG • HOI AN • HO CHI MINH
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100
Advt.

# વાદળમાં વિજળી ચમકી

સંધ્યા ફુલબહારમાં ખીલી હતી. દુરસુદુર તેનાં કિરણો પ્રકાશ રેલાવી રહ્યા હતા. સુર્યના કિરણોમાં ફુલોનો રંગ આંખે આવી વળગવો હતો. આકાશમાં પંખી ઉડી રહ્યા હતા. વાતાવરણ આહ્લાદક હતું. લોનનું ઘાસ સુર્યના કિરણમાં ચમકી રહ્યું હતું. ઘાસ ઉપર ત્રણ વ્યક્તિઓ બેઠી હતી.

દિપક, જ્યોતિ અને અનિલ. ત્રણે ખુશનુમા હતાં. જ્યોતિ દિપકની બેન હતી. અનિલ દિપકનો મિત્ર હતો.

સુર્ય આથમી ચુક્યો હતો. દુર ક્ષિતિજમાંથી ચંદ્ર બહાર નીકળવાની કોશિશ કરતો હતો. દુર એક દીવો ચમકી રહ્યો હતો. મંદમંદ વહેતો પવન જોર પકડી રહ્યો હતો. જ્યોતિની સાડી અનિલ સાથે ગેલ કરી રહી હતી. ત્રણે ખુશ હતાં.

પવનનું એક જોરદાર ઝાપટું આવ્યું. દુર બળતો દીવો બુઝાઈ ગયો. જાણે વાતાવરણ ગમગીન બને તેની નિશાની ન દેતો હોય ? દિપકે કહ્યું, ''અનિલે દિપક બુઝાવી દીધો અને તેની સાથે જ્યોતિ પણ બુઝાઈ ચુકી.''

દિપકના આ શબ્દો આનંદમાં ગમ પેદા કર્યો. પ્રકૃતિએ પણ પોતાનું સ્વરૂપ બદલવા માંડ્યું. પવન જોરદાર ફુંકાઈ રહ્યો હતો. ચંદ્ર પુરેપુરો ખીલ્યો હતો પણ જાણે જીવનની શરૂઆત હોય તેમ માદક (ફિક્કો) જણાતો હતો. વાતાવરણ નિસ્તેજ લાગતું હતું. ત્રણેયે ઘર તરફ પ્રયાણ આરંભ્યુ. રસ્તામાં કશી વાતચીત ન કરતાં ત્રણે ઘેર પહોંચ્યા. દિપકને આવતીકાલે બહારગામ જવાનું હોઈ બધાં કામમાં પડયા. પણ શાંત.

ફરી ખુશનુમા સવાર પડ્યું. રાતની ગમગીની ચાલી ગઈ હતી. બધેય આનંદ હતો. દિપકના જવાનો સમય નજીક આવી રહ્યો હતો.

ત્રણેય સ્ટેશન ગયાં. ગાડી આવી. હવે દિપક જ્યોતિ અને અનિલથી દુર જઈ રહ્યો હતો. તે હવે ક્યારે આવશે તે નક્કી નહોતું. પણ જ્યોતિના લગ્નમાં જરૂર આવવાનો હતો. ગાડી ઉપડી. દિપકે બન્નેની વિદાય લીધી. ફરી વાતાવરણ ગમગીન બન્યું.

દિપક ગયો, જ્યોતિની સંભાળ અનિલને સોંપતો ગયો હતો એટલે અનિલ દરરોજ જ્યોતિની ખબર કાઢતો. તેઓ બેસતાં બહુ સમય પણ બહુ જ શાંત. જાણે દિપક વિના રોશની ન હોય.



અનિલે આ ગમગીન વાતાવરણથી કંટાળી એક દિવસે કહ્યું. જ્યોતિ આપણે ફરવા જઈશું ?'' વગર આનાકાનીએ જ્યોતિ તૈયાર થઈ. તે પણ આ ગમગીન વાતાવરણથી કંટાળી હતી.

મુંગા મુંગા જ બન્ને જણ ચાલ્યા. તેઓ એક ટેકરી ઉપર આવી ચડયા. ટેકરીના પેટાળમાં એક ગુફા જેવો ખાડો દેખાતો હતો. સાવ પેટાળમાં નહિ પણ સ્હેજ ઉંચે. તે ગુફાના મુખ ઉપર ઉભા રહી બન્નેએ દુર દુર નજર નાખી કુદરત ને જોઈ. કુદરત હસતી હતી. જ્યોતિએ અનિલ સામે જોયું. બન્નેના હોઠ પર સ્મિત ફરકી ગયું. અને બીજી જ ક્ષણે એક જોરદાર પવનનું ઝાપટું આવ્યું અને જ્યોતિની સાડી અનિલના મુખ પર ઢંકાઈ ગઈ.

જ્યોતિનો લાલ પ્રદેશ ખુલ્લો થયો. એમાંથી ડોકિયા કરતું યૌવન અનિલને પલાળી ગયું. તેણે જ્યોતિની ગરદનની આસ-પાસ પોતાના હાથ વીંટાળ્યા.

યુવાન અને યુવતિ, એકાંત અને શાંતિ

જ્યોતિએ પણ ધીરેથી અનિલના મુખ ઉપરથી સાડી ખસેડી અને તેના ઓષ્ઠ પર પોતાના ઓષ્ઠ મુકી દીધા. બન્ને એકમેકમાં સમાઈ ગયા. અને સૂરજદેવતા પણ તેમને જોવા ઉંચું ડોકું કરીને જાણે શરમાઈ ગયો હોય તેમ લાલચોળ મુખ કરી ક્ષિતિજ પાછળ સંતાઈ ગયો.

બન્ને ઉઠ્યાં, રાત્રિ શાંત હતી. તેઓ પણ શાંત વદને ઘરે ગયા. અનિલ જ્યોતિને ઘર સુધી મુકવા ગયો. છુટા પડતી વખતે બન્નેએ એકમેકની સામે જોયું. બન્નેના આંખ અને ઓષ્ઠ પર સ્મિત રમી રહ્યું હતું.

તે રાત્રે જ્યોતિ બહુ જ ખુશ હતી. તેણે પોતાના પ્રેમની વાત દિપકને લખી. તેને ખાત્રી હતી કે દિપક મ્હારો વ્હાલ સોયો ભાઈ આ જાણી ખુશ થશે અને ખરેખર દિપક પણ આ જાણી ખુશ થયો. અને દિપકે તેમને કાગળ પણ લખ્યો.

**પ્રિય જ્યોતિ અને અનિલ,**

જ્યોતિનો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. જ્યોતિ અનિલમય અને અનિલ જ્યોતિમય બની ચુક્યા છો. હું તમને થોડું કહીશ કે તમે બન્ને અતંત્ર નહિ, પરતંત્ર નહિ, સ્વતંત્ર નહિ એવું જે જીવન આજે જીવો છો તે જીવનમાં ઉતારજો. પતિ અને પત્ની એકવાર પણ ઝઘડે છે તોય એમના હૃદયો ફરીને એક નથી થતાં. મિત્રો અનેકવાર ઝઘડે છે તોય ફરીને એક બને છે. મિત્રો બનીને રહેશો. જીવન સાથી

બનીને રહેશો તો તમારું જીવન સફળ થશે. તો તમે સુખી થશો, સંતોષી થશો. તો તમારું જીવન વહેતા ઝરણા જેવું કલકલતા આલ્હાદ સમું બનશે.

**તમારો હિતેચ્છુ દિપક**

જ્યોતિએ કાગળ અનિલને બતાવ્યો. બન્ને વાંચીને ખુશ થયા. હવે બન્નેને એકાંત ગમતું હતું. હવે એકાંતમાં તેમને વાતાવરણ ગમગીન નહિ પણ ખુશનુમા લાગતું હતું. હવે બન્ને સાથે ફરતાં, આમ પ્રેમના બી વવાઈ ગયા. હવે આનંદમાં દિવસ પસાર થઈ જતો અને તેમને હવે દિવસ પણ નાનો લાગતો.

બી વાવીએ તો છોડ થાય. છોડમાંથી ફુલ થાય અને ફુલમાં થી ફળ. કુદરતનો ક્રમ આ રીતે ચાલ્યો આવે છે. જ્યોતિ માતા બનવાની હતી. તે દિવસે સાંજે બન્ને ફરવા ગયા.

જ્યોતિએ કહ્યું, 'અનિલ હવે આપણે લગ્ન કરી લઈએ તો ?'

અનિલે જવાબ આપ્યો, 'હમણાં શી ઉતાવળ છે.'

પછી જ્યોતિએ માતા બનવાની વાત કહી અને અનિલે તેને પોતાના બાહુમા સમાવી લીધી.

જ્યોતિ આથી બહુ લજ્જાઈ ગઈ. તે કયાંય સુધી મુંગી બેસી રહી. પછી તેને ફરીને અનિલને તે જ પ્રશ્ન કર્યો.

અનિલે કહ્યું, 'હું કાલે મારી માની રજા લઈ લઈશ.'

અનિલને તો એમજ હતું કે માતાની સંમતિ સ્હેજવારમાં મળી જશે. પમ એ બની ન શક્યું. બીજાની વાત હોત કે બીજી વાત હોત તો મા એ જરૂર ખુશી બતાવી હોત પણ આમાં તો એમને એક એક આશા - ભવિષ્યની યોજનાનો નાશ થતો લાગ્યો. જ્યોતિ જાણે તેમની દુશ્મન હોય અને અનિલને પોતાની પાસેથી ખુંચવી લેતી હોય તેમ લાગ્યું. જ્યોતિ સાથે લગ્ન કરવાની સાફ ના સુનાવી દીધી. અનિલની બેન વચ્ચે આવી પણ મા નો ગુસ્સો અને તાપ એ ન જીરવી શકી.

અનિલ સમજતો હતો કે જ્યોતિ સાધારણ છે. તેથી મા ના પાડતી હતી. પણ તેને મા ને કહી દીધું તમે મને નમાવવા માંગો છો પણ... પણ... તમે મને ખોઈ બેસશો.

મા એ માન્યુ કે પુત્રનો ગુસ્સો થોડા દિવસમાં શાંત થઈ જશે અને અનિલ સામે જ થોડાં દિવસમાં શાંત થઈ ગયો. પણ એ તો અંગારા ઉપર રાખ વળી હતી, અંદરથી બળતી હતી - ધીખતી હતી.

જ્યોતિને વાતની જ્યારે ખબર પડી ત્યારે તેણે અનિલને માત્ર એટલું જ કહ્યું, 'મેં નહોતું કહ્યું આ નહિ બને.'

અનિલને આ શબ્દો હાડોહાડ વ્યાપી ગયા. તેણે જ્યોતિ સાથે નાસી જવાની ને છેવટ સુધી સાથ આપવાની તૈયારી બતાવી.

પણ આ વાતની તેની માતાને ખબર પડી ગઈ. તેણે અનિલ પાસે બહુ રોક્કળ અને કાલાંવાલાં કર્યા, અંતે અનિલ આ દંભીપ્રેમ પાસે હાર્યો તે ન તો જ્યોતિ સાથે નાશી જઈ શક્યો કે ન જ્યોતિને મળવા જઈ શક્યો.

જ્યોતિએ અનિલની રાહ જોઈ પણ વ્યર્થ. તેને ખાત્રી થઈ કે અનિલ હવે નહિ આવે.

જ્યોતિના મનની જે અવસ્થા હતી. તેનું વર્ણન કરવું અશકય છે કારણ કે મહાસાગરના તોફાનમાં કોઈ નાનકડું નાવડું સપડાઈ ગયુ હોય એવી એની સ્થિતિ હતી. પ્રચંડ મોજાંઓ અને પવનના તોફાનો તેને અહીંથી તહી ફંગોળતા હતાં. તેનું માતૃત્વ તેને ડંખી રહ્યું હતું.

અને તે દિવસે જ્યોતિને લાગ્યું કે અનિલે પોતાની જીવન નૌકાનાં સઢ-સુકાન કાપી નાખ્યાં છે. એટલું જ નહિ પણ હલેસાં યે નદીના નીરમા પધરાવી દીધાં છે.

આ તરફ અનિલનો ઉશ્કેરાટ શમી ગયો હતો. અંતરના ઓરડામાં જાણે ન્યાય દેવતાની કચેરી ભરાતી હતી. અનિલ આરોપીના પીંજરામાં ઉભો હતો. દેવતા એને પુછતા હતાં, શાંતિથી અને પ્રેમથી. એની પાસે કાંઈ દંડ ન હતો. આસપાસ સંગીનધારીઓનો પહેરોય ન હતો. ન્યાય દેવતાની આંખે પાટાય ન હતાં. ઉઘાડી આંખોમાંથી પ્રેમ અને સહાનુભુતિના શિતળ-મધુર કિરણો વેરાતાં હતાં. તે અનિલને પુછી રહ્યાં હતાં. અનિલ તે નિર્દોષ બાળાને કયાંયની ન રાખી અને અનલ ધ્રુજી ઉઠ્યો, ભય પામી ઉઠ્યો અને બેભાન બની ગયો. સાચેજ અનિલ ચીસ પાડી ઉઠ્યો અને બેભાન બની ગયો.

જ્યોતિએ પોતાની દુઃખદ વાત દિપકને લખી અને દિપક પોતાની વ્હાલી-પ્રેમાળ બેનને દુઃખમાંથી ઉગારવા માટે આવ્યો. તે જ્યોતિને પુષ્કળ ચાહતો હતો બન્ને મળ્યા. જ્યોતિ ખુબ રડી. દિપકે તેને સાંત્વન આપ્યું અને દુઃખી જ્યોતિના ચહેરા સામું જોયું અને તેને પેલાં શબ્દો યાદ આવ્યાં. શું ? અનિલ દિપક જ્યોતિને બુઝાવી નાખશે ? અને દિપક તરંગોમાં ચઢ્યો.

અનિલની સગાઈ થઈ રહી હતી ત્યાં દિપક અનિલને ત્યાં જઈ ચઢ્યો. તેણે અનિલને પુછ્યું, 'શું, અનિલ તારી સગાઈ થાય છે ?' અનિલનો ચહેરો ફિક્કો પડી ગયો અને તે નીચું જોઈ ગયો. બધાં અનિલ તરફ જોઈ રહ્યાં.

દિપકે અનિલને કહ્યું, 'અનિલ !' નીચું ન જો વિચાર કર. જ્યોતિ શું તારા વગર રહી શકશે ? તું ચશું જ્યોતિ વગર રહી શકીશ ? શું જ્યોતિના આંસુ અને નિઃશ્વાસ તને સુખ અને ચેનથી રહેવા દેશે ? જ્યોતિના બાળકને કોઈ પુછશે કે તારો પિતા કોણ ?

તો તે અને જ્યોતિ શું જવાબ દેશે. વિચાર કર. જ્યોતિની આહ તને જલાવી દેશે. જ્યોતિના આંસુ તને ડુબાવી દેશે. તું બીજી વ્યક્તિ સાથે સુખી નહિ થઈ શકે. તું મારો મિત્ર છે. જ્યોતી મારી બેન છે. હું તમારા બન્નેના જીવન માટે કહું છું કે તું જ્યોતિને અપનાવી લે.

અને અનિલ દિપક સાથે જવા તૈયાર થયો. તેની માતાએ રોકવા પ્રયત્ન કર્યા પણ વ્યર્થ. ત્યારે તેણે છેલ્લો ઉપાય અજમાવ્યો. તેણે કહ્યું, 'અનિલ! તું જો જ્યોતિને અપનાવીશ તો હું ઝેર ખાઈને મરી જઈશ.' અનિલ અટકી ગયો. તે મુંઝાઈ ગયો. તેને એક તરફ મિત્ર, પ્રેયસી અને ભાવિ બાળક ખેંચી રહ્યા હતા જ્યોર બીજી તરફ માત ખેંચી રહી હતી. તે વ્યાકુળ થઈ ગયો.

ત્યારે દિપકે તેની માતાને કહ્યું, 'શું તમારો પુત્ર બીજી સ્ત્રીને પરણી સુખી થઈ શકશે ? શું તમે તેની દુર્દશા જોઈ સુખચૈનથી રહી શકશો ? પૈસા માટે શા સારું પુત્રની જીંદગી બરબાદ કરો છો. માતા પુત્રને સુખી કરે પણ એક નિર્દોષ પ્રેમાળ બ્હેનનું જીવન કયો ભાઈ બરબાદ થવા દે. આટલું કહી દિપક ત્યાં અટકી ગયો.'

ભસ્મમાં જાણે આગ પ્રગટી અને તણખો થયો.

અનિલની માતાની મુખરેખાઓ બદલાવા લાગી. દિપકે શાંતિથી કહ્યું. 'જો મારી બેન સુખી નહિ રહે તો અનિલ પણ સુખી ક્યાંથી રહી શકશે. તેનું કાળજુ તેને કકોરી ખાશે. જ્યોતિની મુર્તિ તેને પાગલ બનાવી દેશે. તેને ડંખી રહેશે. અને તેનું બાળક...'

હાસી રહેલો પવન, ચાલતાં જળ, સમુદ્ર મોજાંઓ, મરી રહેલાં માણસો, પલટાતી ઋતુઓ એ સઘળાં જ બતાવે છે કે દુનિયામાં કાંઈ જ સ્થિર નથી અને હોઈ શકે પણ નહિ. અનિલની માતાના વિચાર બદલાવ્યા. તેનું માતૃહૃદય પીગળ્યું. તેણે અનિલને જ્યોતિ સાથે લગ્ન કરવાની સંમતિ આપી.

અનિલ જ્યોતિના લગ્ન થયાં. વાતાવરણમાં ખુશનુમા આવી. જ્યોતિનો ફિક્કો અને નિસ્તેજ ચહેરો ચમક્યા લાગ્યો.

દિપકે કહ્યું, 'વાદળમાં વિજળી ચમકી.'

**મોકલનાર : વિનોદભાઈ ગોપાણી**

# યોગ્ય આવડત

**નીલેશ મહેતા**



**એ**ક રાજાને ત્રણ પુત્રો હતા. રાજાને મૂંઝવણ હતી કે રાજગાદી કોને સોંપવી ? એક દિવસ રાજાએ ત્રણ પુત્રો બોલાવીને કહ્યું 'હું જાત્રા કરવા જાઉં છું. પાછા ફરતાં લગભગ વર્ષ જેવું થઈ જશે. હું તમને ત્રણેને એક-એક અનામત સાચવવા આપું છું. તેને સાચવજો. હું પાછો આવું ત્યારે મને અનામત પરત આપવાની. તેમ કહી રાજાએ એક સરખી ત્રણ પોટલીઓ ત્રણે રાજકુમારને આપી અને રાજા તો જાત્રા કરવા રવાના થયા. પછી મોટા રાજકુમારે પોટલી હાથમાં લઈ તેને આમ તેમ ફેરવી જોઈ, કંઈ ખબર પડી નહીં. તેથી તેને પોટલી તિજોરીમાં મૂકી દીધી. બીજા નંબરના રાજકુમારે પોટલી ખોલી જોયું તો પોટલીમાં બીજ હતાં. તેણે બજારમાં જઈએ બીજ વેચી દીધાં. જે પૈસા આવ્યા તે તિજોરીમાં મૂકી દીધા. પછી વિચાર્યું જ્યારે પિતાજી કહેશે ત્યારે બજારમાંથી નવાં બીજ લાવી આપી દઈશ. સૌથી નાના રાજકુમારે પોટલી ખોલી જોયું. તેમાં પણ બીજ હતાં તેને ખેડૂતને બોલાવીને પૂછ્યું કે આ કોનાં બીજ છે. 'ખેડૂતે કહ્યું આ બીજ તો પુષ્પોનાં છે. પછી મજૂરોને બોલાવી મહેલની એક જગ્યા સાફ કરાવી. ખેતીલાયક જમીન બનાવી, ખાતર નાખી, તે બીજ વાવી દીધાં. તેનું જતન કરવા માટે યોગ્ય માણસોની નિમણૂક કરી દીધી અને પોતે પણ તેમની ઉપર યોગ્ય નજર રાખતો હતો. રાજા પોતાની જાત્રા પૂરી કરી આવ્યા. બીજે દિવસે તેમણે સૌથી મોટા રાજકુમારને કહ્યું, 'લાવો મારી અનામત.' મોટા રાજકુમારે તિજોરી ખોલી પોટલી રાજાને આપી દીધી. રાજાએ પોટલી ખોલી તો બીજ સડી ગયાં હતાં, તેથી હવે તે કોઈ કામનાં નહોતાં. બીજા રાજકુમારને બોલાવી રાજાએ કહ્યું. ત્યારે તેને કહ્યું, 'હું થોડીવારમાં આવું છું.' તેમ કહી તે બજારમાંથી નવાં બીજ ખરીદી લાવી પોટલી રાજાને પરત કરી. રાજાએ પોટલી ખોલી જોયું તો બીજ જેવાં આપ્યાં હતાં તેવાં જ હતાં. પછી સૌથી નાના રાજકુમારે કહ્યું : ત્યારે તેણે કહ્યું : ચાલો મારી સાથે, બધા રાજકુમાર સાથે ગયા. નાના રાજકુમારે સુંદર બગીચો ફૂલોની ખુશબૂથી મહેંકી રહ્યો હતો. અનેક પક્ષીનો કલરવ થઈ રહ્યો. પતંગિયાંઓ ઊડાઊડ કરી રહ્યાં હતાં. નાના રાજકુમારે કહ્યું, 'આ છે આપની અનામત' રાજા ખુશ થઈ ગયા અને રાજગાદી આપી.

જીવનમાં પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવા જોઈએ. ભવિષ્ય સફળ બનાવવા માટે યોગ્ય મેનેજમેન્ટ કરવું જોઈએ. તમે યોગ્ય મહેનત કરેલી નહીં હોય તો તમને તે ભવિષ્યમાં નુકસાનકારક બની રહેશે. યોગ્ય દિશામાં કરેલો પુરુષાર્થ હંમેશાં રંગ લાવે છે. ❖❖❖

# ઉષસ્તિ ઋષિની કથા

**સ્વામી સચ્ચિદાનંદ**

**પ**હેલાં દુષ્કાળ બહુ પડતા. દુષ્કાળ તો આજે પણ પડે છે, પણ આપણે નદીઓ ઉપર બંધ બાંધીને,, નહેરો કાઢીને, પાતાળકૂવા કરીને, ચેકડેમ બાંધીને, ટપકપદ્ધતિવાળી સિંચાઈ કરીને તથા વિલાયતી ખાતર, ટ્રેક્ટર, નવાંનવાં સુધારેલાં બિયારણો શોધીને, દવાઓ છાંટીને અન્ન-ઉત્પાદન અનેકગણું વધારીને હવે લગભગ દુષ્કાળમુક્તિ પ્રાપ્ત કરી લીધી છે. હવે અન્ન વિના કોઈ પગ ઘસીઘસીને મરી જતું નથી. આ વિજ્ઞાનનું અને વિકાસનું મોટું જમાપાસું છે. પણ જ્યારે આમાંનું કશું જ ન હતું ત્યારે માત્ર વરસાદ-આધારિત જ ખેતી હતી અને ઉત્પાદન બહુ ઓછું થતું હતું. ત્યારે ઘણા લોકો ભૂખે મરતા હતા. ત્યારની દુ:ખમય પરિસ્થિતિની તુલનામાં આજની પરિસ્થિતિ ઘણી સારી કહેવાય. વસ્તીવધારો અનેકગણો થયો હોવા છતાં લોકો હવે અન્ન વિના ટળવળતા નથી. આપણે પ્રાચીનકાળની એક બ્રાહ્મણની કથા જોઈશું.

**મટચીહતેષુ કુરુષ્વાટિક્યા સહ જાયયોષસ્તિર્હ ચાક્રાયણ ઈભ્યગ્રામે પ્રદ્રાણક ઉવાસ।૧-૧૦**

એક વા કુરુદેશમાં (હરિયાણાના એક ભાગમાં) બહુ કરા પડવાથી બધો પાક નષ્ટ થઈ ગયો. આવી દુષ્કાળની સ્થિતિમાં ચક્ર નામના બ્રાહ્મણનો દીકરો ચાક્રાયણ ઉષસ્તિ, પોતાની નાની પત્ની આટકી (જેનાં સ્તન વિકસ્યાં નથી તેવી)ને લઈને ભિક્ષાવૃત્તિ કરવા નીકળી પડ્યો. ભિક્ષાવૃત્તિને અતિનિંદિત વૃત્તિ માનવામાં આવી છે. પતિ-પત્ની બંને ભૂખથી તડપી રહ્યાં હતાં. તે સમયમાં લગ્નની વયમર્યાદા નહીં હોય તેથી આટકી કન્યા સાથે લગ્ન થયાં હશે. સુખ-દુ:ખમાં પતિ-પત્ની સાથે જ રહે તે નિયમ પ્રમાણે કપરા કાળમાં પણ બંને સાથે જ ભિક્ષીવૃત્તિ કરવા કોઈ સુખી દેશમાં પહોંચ્યાં હતાં. શૂદ્રાદિ માણસો દુષ્કાળ વખતે મજૂરી કરવા નીકળી પડે, જ્યારે બ્રાહ્મણાદિ ભિક્ષાવૃત્તિ કરવા નીકળી પડે.

આ બંને ઈભ્ય નામના ગામમાં પહોંચ્યાં. ઈભ્ય એટલે હાથીઓનું ગામ. જ્યાં ઘણા લોકો હાથી જેવું મૂલ્યવાન વાહન ધરાવતા હોય, તે સંપન્ન ગામ જ કહેવાય. તે ગામમાં એક હાથીનો મહાવત બેઠો-બેઠો અડદ ખાઈ રહ્યો હતો. ભૂખથી તડપતા ઉષસ્તિએ તેની પાસે અડદ માગ્યા. મહાવતે કહ્યું કે ''મારી પાસે આટલા જ અડદ છે. જે મારા એઠા થઈ ગયેલા છે.'' ઉષસ્તિએ કહ્યું કે ''એઠા તો એઠા પણ મને આપ, મારો જીવ જઈ રહ્યો છે.'' મહાવતે બધા એઠા અડદ આપી દીધા. ઉષસ્તિએ જલદી-જલદી થોડાક રાખીને બાકીના બધા ખાઈ લીધા. થોડાક પોતાની પત્ની માટે રાખ્યા હતા. કપરી પરિસ્થિતિમાં પણ પત્નીની જવાબદારી તે ભૂલ્યો ન હતો. આપત્કાળમાં પણ કર્તવ્ય ન ભૂલે તે સાચો પતિ કહેવાય. તે સાચી પત્ની કહેવાય. મહાવતે કહ્યું કે ''તેં એઠા અડદ ખાધા છે તો હવે મારું એઠું પાણી પણ પી લે આ રહ્યું.'' ઉષસ્તિએ કહ્યું કે 'ના, પાણી નહીં પીઉં. ખાધા વિના મારો જીવ જતો હતો તેથી આપત્કાળ માનીને મેં એઠા અડદ ખાધા, પણ હવે પાણી વિના મારો જીવ જવાનો નથી તેથી જ્યાંથી શુદ્ધ જળ મળશે ત્યાંથી પીશ.'' આમ કહીને તેણે પાણી ન પીધું.

બાકી રાખેલા અડદ લઈને તે પત્ની પાસે આવ્યો, પણ તેને ભિક્ષા મળી ચૂકી હતી તેથી તેને જરૂર ન હતી. તોપણ તેણે વધેલા અડદને રાખી મૂક્યા. ડાહી સ્ત્રીઓ કપરા કાળમાં પણ ઘર ચલાવવાની કળા જાણતી હોય છે. અન્ન અને ધન સંઘરી રાખીને ખરા સમયે કામ કાઢતી હોય છે. અનાડી ઉડાઉ સ્ત્રીને ઘર ચલાવતાં નથી આવડતું. તે બેફામ ઉડાવે છે જેથી પતિ ઘસાઈ જાય છે અને ખરા સમયે બધાં દુ:ખી થાય છે. અવેર વિના ઘર ચાલે નહીં. ઉદાર થવાય પણ ઉડાઉ ન થવાય.

બીજા દિવસે સવાર થયું. ઘણા દિવસે ઉષસ્તિને ખાવાનું મળ્યું હતું, પણ તે તો રાત્રે પચી ગયું હતું. તેથી સવારે ફરી પાછો તે દુર્બળ થઈ ગયો. તેણે પત્નીને કહ્યું કે ''મારામાં શક્તિ નથી. જો મને થોડુંક ખાવાનું મળે તો હું રાજાપાસે જાઉં. રાજા એક મહાન યજ્ઞ કરે છે, મને યજ્ઞની વિધિ આવડે છે, તેથી યજ્ઞમાં ઋત્વિક્ થઈને ધન મેળવત; પણ શું કરું ? મારામાં શક્તિ નથી.'' પત્નીએ ઢાંકી રાખેલા અડદ તેને આપ્યા. ઉષસ્તિએ તે ખાધા. હવે તેનામાં શક્તિ આવી. ઉપનિષદો કોરાં આત્મવાદી નથી. તે દેહનું પુરેપુરું મહત્ત્વ સ્વીકારે છે. અને દેહ અન્નને આધીન છે તેથી અન્નનું મહત્ત્વ પણ જાણે છે.

ઉષસ્તિ તો યજ્ઞમાં પહોંચી ગયો. તેણે જોયું કે યજ્ઞમાં બરાબર વિધિ થતી ન હતી, તેથી તેણે ઋત્વિજોને પ્રશ્ન પૂછ્યા, પછી પ્રસ્તોતાને પ્રશ્નો પૂછ્યા, પછી ઉદ્‌ગાતાને પ્રશ્નો પૂછ્યા, પણ કોઈને પણ સાચા ઉત્તરો આવડ્યા નહીં. તેથી બધા મૌન ધરીને બેસી ગયા.યજ્ઞ અટકી ગયો. એટલે રાજા આવ્યો. ઉષસ્તિએ પોતાનો પરિચય આપ્યો અને કહ્યું કે ''આ યજ્ઞમાં વિધિ બરાબર થતી નથી તેથી હાનિ થશે.'' રાજાએ ક્ષમા માગી અને ઉષસ્તિ ઋષિને આચાર્યપદે સ્થાપિત કર્યા. ફરી યજ્ઞ શરૂ થયો. ઉષસ્તિએ પ્રસ્તોતા, હોતા, અધ્વર્યુ, ઉદ્‌ગાતા વગેરે બધાને પ્રશ્નો પૂછ્યા અને તે-તે મંત્રોના દેવ બતાવ્યા. છેવટે બધા દેવોનો મહાદેવ 'અન્ન' છે એમ બતાવ્યું અને છેવટમાં ઉપદેશ આપ્યો ત કે :

**''અન્નવાનન્નાદો ભવતિ''।૧૩.૪**

અર્થાત જેની પાસે અન્નના ભંડાર હશે તે અન્નવાન શઅન્નદાતા થશે, માટે ઘણું અન્ન પેદા કરો. આ રીતે ખેતી અને અન્ન ઉત્પાદનને મહત્વ અપાયું છે.

❖❖❖

# સોનાની નથણી



મનિષા હાથી

ધનજીના ઘરના આંગણે લોકોની અવરજવર ચાલુ હતી. ધનજીના દીકરા રવજીના લગ્નનો પ્રસંગ હોવાથી લોકોની વાતો અને ચહેરાનો ઉત્સાહ કંઈ અનેરો જ હતો. ઘી માં તળાતા મિષ્ટાનની સોડમ ચારે તરફ ફેલાઈ રહી હતી.

બાજુના ગામડે ગયેલી જાન આજે નવદંપતીને લઈને ઘરને આંગણે આવી પહોંચી હતી. ઝાંઝરના ઝણકાર સાથે નવી વહુએ ફળિયાંમાં પ્રવેશ કર્યો. ઢોલ-નગારાના અવાજ આગળ નવી વહુના ઝાંઝરનો ઝણકાર ક્યાંય દબાઈ ગયો હતો.

ધનજી હવે સસરો બની ગયો હતો. મૂછોને વળ ચડાવતો ખુમારીથી ખુરશીએ બેઠો હતો. અને એની આસપાસ એના ખાસ ચમચાઓ અને બાકી પ્રસંગમાં આવેલા સગાવહાલાઓ બિરાજમાન હતા.

નવી વહુના આવતા જ એની ચારે તરફ સાસુ, નણંદ એના બીજા સગાવ્હાલા અને આજુબાજુ રહેતા લોકો ગોઠવાઈ ગયા હતા. લાલ ઓઢણામાં સજેલી નવી વહુ ઓઢણાની અંદર છુપાયેલી બે આંખો વડે આરપાર બધુ નીરખી રહી હતી.

બૈરાઓની જમાત હજુ બેઠી જ હતી ને એકબીજાના કાનમાં ગુપસુપ શરુ થઈ ગઈ. સાંભળ્યું છે વહુને દહેજમાં કાંઈ આપ્યું નથી. મને કાંઈ ખબર નથી હો....

આ તો ગામમાં વાતો થતી હતી. એકથી બીજા....અને એમ આગળથી આગળ વાતો ચાલતી રહી. અને એમાં એક બે વાતોનો તીખો-મીઠો સ્વાદ હજુ ઉમેરાતો ગયો. કોઈબીજાની વાતો કરવા બસ એક નાની સરખી ચિનગારી જોઈએ. બસ પછી શું ... લોકોની વાતો કૈક આવી હતી ..... વહુએ જે નથણી પેરી સે ને એ ઇ પણ પિતળની હોય એવી લાગે છે દેખાવમાં જો સાવ હલ્કી છે . અને ગળામા સાવ પાતળી ચેન જેવો તો હાર છે. કેવા માઁ-બાપ હશે ? દીકરીને સાવ કોરી મોકલી દીધી હોય એવું લાગે છે.' જેટલા ચહેરા અને એમાંથી નીકળતી અનાપ સનાપ વાણી..

વાતોની ગપસપ ધીરેધીરે વહુની પાછળ જ બેઠેલા બૈરાઓ સુધી પહોંચી ગઈ. એટલે વહુના કાને પણ આ શબ્દો પડતા જ એનો હાથ નાકમાં પહેરેલી નથ ઉપર ફરવા માંડ્યો. જેમાં પોતાના માઁ-બાપૂની જીવનભરની મહેનત દેખાય રહી હતી. માઁ-બાપે પોતાની કેટલીય જરૂરિયાતોને માળિયે ચડાવી દીધી હશે ત્યારે અટલું માંડ ભેગું થયું હશે. બે ઓઢણાને ફાડીને એની પાસે ચાર ઓઢણા હોવાનો દેખાવ કરતી માઁ ... અને બાપુના ખભે પણ એકનો એક ખેસ અને ખેતીની મીઠી માટીમાં રંગાયેલ કપડાં એ પણ ખાલી બે જોડી ..

દરેક દીકરીના માઁ-બાપ પોતાની દીકરી માટે કેટલું કરતા હશે અને અંતે લોકોના મનની બેકાર ઉપજાવેલી વાતો એક ચિનગારી બનીને બધુ જ સ્વાહા કરી દે છે.

મંજુ નાની હતી ત્યારથી પોતાના માઁ-બાપુને ખૂબ મહેનત કરતા જોયા હતા. એનાં માઁ-બાપુમાં સમજદારી પણ ભારોભાર હો. આટલા વર્ષોમાં એ લોકોના ઘરમાંથી એક ઉંચી અવાજ નો' તી આવી. આસપડોશ માં કોઈને અડધી રાતે પણ કોઈ તકલીફ હોયતો બંને જણા મદદ માટે તૈયાર ... ને હું તો એમનું એકનું એક સંતાન .. મહેનત-મજૂરી કરી મને દસમા ધોરણ સુધી ભણાવ્યું હતું. બાપુની રહી સહી જે મૂડી હતી એ અને થોડી રકમ કોઈથી ઉધાર લઈને મારા લગ્નના નામે ખર્ચી નાખ્યા હતા. પોતાની જિંદગી જાણે દાવ પર લગાડી દીધી હોય એમ બધી મૂડી ખર્ચી નાખી હતી. એટલે જ પોતાના માઁ અને બાપુ માટે થતી આવી વાતોથી એનું મન ભરાઈ આવ્યું. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. છતાં પોતાના રુદનને કાબુમાં રાખી ચૂપચાપ બેઠી રહી. મંજુ મનમાં ને મનમાં વિચારતી રહી મારો ધણી રવજી તો સ્વભાવ તો સારો હશે ને ? દીકરી માટે તો સાસરે આવ્યા પછી નવું ઘર, નવા લોકો .....એમ કહો પુરી દુનિયા જ નવી .. અને એવામાં પહેલા જ દિવસે પોતાના માઁ-બાપુ માટેની આવી વાતો કંઈ દીકરી સાંભળી શકે ?

મંજુની પોતાની નણંદના લગ્ન અઠવાડિયા પછી જ હતા . એટલે મહેમાનો તો હજુ એક અઠવાડિયું અડ્ડો જમાવીને જ બેસવાના હતા .

લગ્નના બીજા દિવસની સવાર અને વ્હેલી સવારથી ચહલપહલ ચાલુ જ હતી. મંજૂના કાને શબ્દો પડે એમ લોકો બોલવાનું શરૂ થઈ ગયા. ધનજી મોટી અવાજે પોતાની

પત્નીને કહેતા બોલ્યો ... 'દીકરીને દેવાની એક-એક વસ્તુઓની યાદી કરતા રહેજો. સોનાનો હાર, જુમકા, સોનાના કડા, બુટ્ટી... આ બધી વસ્તુઓની એક લિસ્ટ બનાવજો. દીકરીને તો સરખું દેવું જ પડે ને. આપણે કંઈ બીજાની જેમ દીકરીને ખાલી હાથે થોડી મોકલાશે ?

ચારે તરફ વહુને કંઈ ન આપ્યું ની ચર્ચા ચાલુ જ હતી. એના ગુસ્સામાં ને ગુસ્સામાં સાસુમાં પણ ધુવાંફુવા થઈને ફરી રહી હતી. મંજુ આ બધું સાંભળતા સાંભળતા ચૂપચાપ એનું કામ કરે જતી હતી. ત્યાં આવીને નણંદબા બોલ્યા 'ભાભી તમને માઁ બોલાવે છે.

મંજુના ઓરડામાં જતા જ સાસુમાં એ હુકમ કર્યો. 'તમારા પિયરથી આવેલા સાવ હલ્કા પિતળના દાગીના લાવો સાવ દેખાવ પૂરતું સોનુ આપ્યું છે. એ મને આપી દયો તો એની નણંદોને પહેરામણીમા દેવા કામ આવશે. ત્યાં વળી પાછળથી દાદી સાસુ ટપકીને બોલી ....

'હમણાં થોડા દી રે 'વા દયો વહુ, ઘરમાં આટલા લોકોની સામે કાનમાં કે ગળામાં કાંઈ નહીં પહેર્યું હોયતો આપણું જ નાક કપાશે . જાન આવે ત્યારે ખોટા દાગીના પેરાવી ને આ લઈ લેજો . પછી કાંઈ કોઈનું ધ્યાન નઈ જાય .

ઠીક છે બા એમ કહેતા મંજુની સાસુ ઓરડાની બાર નીકળી અને બોલતી ગઈ 'તમારા સસરાએ કેટલી મહેનત કરી દીકરી માટે ભેગું કર્યું છે અને એ પણ સાવ ઓછું નહીં . પુરા દસ લાખનું તો સોનુ છે સોનુ ને બાકી કરિયાવર આપ્યો છે એ અલગ સમજ્યા ? અને મોઢું મચકોડતા ઓરડાની બાર નીકળી ગયા.

મંજુની એક આંખમાં ગુસ્સો અને એક આંખમાં આંસુ ....

ખૂબ વિકટ પરિસ્થિતિ હતી .

એ દિવસે સાંજે દીકરીને આપવાનું આણું જોણું જોવા લોકો ભેગા થયા હતા. એનો ઓરડો અલગ જ હતો. મંજુ તો જોઈને આભી જ બની ગઈ..અટલું બધું ? પોતાના ધણી રવજીના કાનમાં ધીરે સાદે મંજુ બોલી 'આ અટલું બધુ નણંદબા ને દેવાનું ?'

જવાબમાં રવજી બોલ્યો 'બાપુએ પોતાની સઘળી મૂડી આમાં પધરાવી દીધી. પાછળ કંઈ બચ્યું નથી. બાપુને તો દેખાવ કરવા જોઈએ નકરો દેખાવ. મેં કેટલી ના કીધી પણ મારુ માને ઇ બીજા' લગ્નના આગલા દિવસે વ્હેલી સવારમાં જ રાડારાડ મચી ગઇ. દીકરીને આપવાનો કરિયાવર માંથી મોટા ભાગની વસ્તુઓ ચોરી થઈ ગઈ હતી. ગણ્યું ગાઠયું થોડુંઘણું બચ્યું હતું. રવજી પોતાના બાપુને તુરંત બોલ્યો 'મેં પેલા જ ના પાડી તી...., ઈ ઓરડામાં બધો સામાન ન મુકો પણ આ ઘરમાં મારી વાતતો માને છે જ કોણ ?

મંજુની સાસુ પણ જવાબ આપતા બોલી 'અલ્યા તારી વહુ જ અપશુકનિયાળ લાગે છે. ઘરમાં એના પગલાં પડતા જ આવો અણબનાવ બન્યો. હવે રાતા પાણીએ રોવો બીજું શું ? મંજૂના સસરા તો માથે હાથ દઈને બેસી ગયા. હવે શું કરશુ ? કાલે તો વેવાઈ આંગણે આવીને ઊભા રહેશે. સગાવ્હાલા દરેકના ચહેરા પર એક મૌન છવાઈ ગયું . કોઈ વળી જઈને પોલીસમાં રિપોર્ટ લખાવીને આવ્યું. પુરી રાત ચિંતામાં ને ચિંતામાં ....

રાતનાં રાંધેલા રાંધણ ફીકી સુગંધ ફેલાવતા એમને એમ પડ્યા રયા... વેવાઈને શુ જવાબ આપશુ ? સવારે તો બેન્ડવાજા સહિત જાન આંગણે આવી પહોંચશે. એની ચિંતામાં તો રાત નીકળી ગઈ. જાન આવવા પેલા બધા તૈયાર તો થયા. પણ બધાના મનની હાલત ચિંતાતુર હતી. જાનને આવવાનો સમય અને ધનજી રાહ જોતો ઉભો હતો. બાકી કોઈનામાં હોશ નહોતી કે જાનનું સામૈયું કરે. ધનજી એ જોયું દીકરીના સાસુ, સસરા અને થનાર જમાઈ એમ ત્રણ જણા જ આંગણે આવીને ઊભા હતા.

એ લોકોને જોતા જ ધનજીના મનમાં એક મિનિટમાં તો કેટલાય વિચારો આવી ગયા. ધનજીએ ચહેરા પર ચિંતા સાથે હાથ જોડતા બેસવા માટે કહ્યું અને ધીમી અવાજમાં બોલ્યા અમારે ત્યાં ચોરી થયાની વાત તો તમારે ત્યાં પહોંચી જ ગઈ હશે. એટલે જ તમે લગ્નનું મોકૂફ રાખ્યું લાગે છે. 'મને માફ કરજો પણ હવે બીજું કંઈ થઈ શકે એમ નથી. દીકરીના સસરા ધનજીનો હાથ પકડતા બોલ્યા 'અરે, કેવી વાત કરો છો તમે ? તમે તમારી દીકરી મને આપો છો એનાથી રૂડો શણગાર કોઈ હોય શકે ભલા ?' મને તો એ પહેરેલ કપડે આવશે તો પણ ગમશે. અને હા , દીકરીને દેવાની ક્યાં માઁ-બાપની ઈચ્છા ન હોય ? અને સૌ પોતાની યથાશક્તિ પ્રમાણે આપે જ છે. પણ હા મારા વિચાર મુજબ પ્રમાણસર હોવું જોઈએ. લોકોની દેખાદેખીમાં ચાલશો તો દુનિયા તો બેતરફી છે. દુનિયાની સામે જોશો તો લોકોતો બેફામ વાણી બોલશે. અને મેં તો તમને પેલા જ કીધું હતું કે દીકરીના લગ્નમાં લેવડદેવડની કોઈ વાત જ નહીં. દીકરી તો પોતે જ સોનેથી મઢેલી હોય છે. એને સોનાના દાગીનાની શી જરુર ?, અને બાજુમાં ઉભેલી મંજૂના માથે હાથ ફેરવતા વેવાઈ બોલ્યા. ઘરમાં ચોરી થઈ હોવા છતાં તમે તમારા ઘરની નવી વહુને કેવી સરસ શણગારી છે.

ચાલો હવે એ બધી ચિંતા છોડો અને

અમને ઘરનાં આંગણે જે ભોજન બનાવ્યું હોય એ જમાડો અને અમારી દીકરી અમને સોપો. તમને ખબર છે મેં મારા બધા જ સગાવ્હાલા ને હાથ જોડી માફી માંગી ને કહી દીધું . 'જો વહુ પણ કોઈની દીકરી છે. અને એમાં પણ આવી પરિસ્થિતિમાં હું એમની ઉપર બોજ બનવા નથી માંગતો. અમે ખાલી ત્રણ જણા જઈને વહુને લઈને આવશું. અને વહુના ઘરમાં આવ્યા પછી ખબરદાર જો કોઈએ એને ખરી ખોટી સંભળાવી છે તો. ધનજીના ઘરના દરેકના ચહેરા પરનો ડર તો ગાયબ હતો. પણ દરેકની આંખો શરમના કારણે ઢળેલી હતી. પોતે નવી વહુને કરિયાવર બાબત સંભળાવેલા આક્ષેપો અને પોતાની જ દીકરીના સાસુ સસરાનો વ્યવહાર બંનેની વાતો અને વ્યવહારમાં જમીન આસમાનનો ફરક હતો. મંજુના સાસુ, સસરા, દાદી અને બાકીના સગાંવહાલાંના ગાલ પર કોઈએ જાણે જોરદાર તમાચો માર્યો હોય એવું લાગ્યું. દરેકની આંખો આગળ જાણે અમાવસનો અંધકાર વ્યાપી ગયો હતો . દરેકના ચહેરા શરમને કારણે તારતાર થઈ ગયા .... ઘરમાંથી ચોરી થયાનું દુ:ખ તો મંજુને પણ હતું. પણ આજે એના ચહેરા પરની ચિંતાના વાદળો હટી ગયા હતા. મંજુની સાસુ મંજુની બાજુમાં આવી બોલી : -

'વહુ દીકરા આ ઘૂંઘટ કાઢી નાંખો તમને પીરસવુ નહીં ફાવે. સાસુના આટલા જ બોલાયેલા મીઠા શબ્દોથી મંજુની આંખમાંથી આંસુ સરી પડ્યા. બધાએ ખૂબ હરખભેર દીકરીને વિદાય કરી . દીકરીની વિદાય પછી શાંત થયેલા વાતાવરણ વચ્ચે સૌ ફળિયામાંથી ઓરડામાં જવા રવાના થયા. દાદી સાસુ માંડ ચાલી સકતા હતા એટલે મંજુએ દોડીને એનો હાથ પકડી લીધો. દાદીની આંખોમાંથી અશ્રુઓ વહી રહ્યા હતા. એમ તો દીકરી વિદાય પછી દરેકની આંખો રડી રહી હતી. એ આંસુ દીકરીની વિદાયના કે પછી પશ્ચતાપના એ નો'તી ખબર .

મંજુ ફળિયામાં રહેલ ડેલાને બંધ કરી પાછી વળી અને શાંત વાતાવરણમાં પોતાના ઝાંઝરના ઝણકાર સાથે પુરી ખુમારીથી ઓરડામાં જઈ પહોંચી.

અમુક દિવસો જતા જ ચોર પકડાઈ ગયો. અને ધનજીના ઘેરથી ચોરી થયેલો સઘળો સામાન પરત મળી જતા ઘરમાં ફરી ખુશી લહેરાઈ ગઈ .

સોનાનો દાગીનો એક એક સહી સલામત હતો. પરંતુ આ વખતે મંજૂના સસરાએ સોનાના દાગીનામાંથી બે એકસરખા ભાગ કરી એક ભાગ મંજુને આપતા બોલ્યા 'આખરે તું પણ અમારી દીકરી જ છે ને'

'ચહેરાઓ પણ કેવા કેવા મ્હોરા પેરી લે છે. ક્યાં અને ક્યારે ? ચહેરા બદલાઈ છે ખબર જ નથી પડતી.

❖❖❖

# મા ને ભૂખી કેમ રખાય... !

ચંદ્રકાન્ત મહેતા

મુંબઈની ''બેસ્ટ'' કહેવાતી બસમાંથી ઉતરીને મેં મારા પેન્ટના ખિસ્સામાં હાથ નાખતાં જ હું ચોંકી ઉઠ્યો. મારાથી ચાલાક કોઈ ખિસ્સાકાતરુંએ એની હસ્તકળા સફળતાથી અજમાવી હતી. મારા ખિસ્સામાં હતું પણ શું ? ખિસ્સામાં હતા માત્ર ૯૦ રૂપિયા અને મારી વૃદ્ધ મા ને લખેલુ પોસ્ટ કાર્ડ, જેમાં મેં માત્ર થોડા શબ્દોમાં લખ્યું હતું : ''મા અત્યારે હાલ મારી નોકરી છૂટી ગઈ છે એટલે આ વખતે તને હું પૈસા મોકલી નહિ શકું.''

આ લખેલું પોસ્ટ કાર્ડ ત્રણ દિવસથી પોસ્ટ કર્યા વિનાનું મારા ખિસ્સામાં જ પડી રહ્યું હતું. મને એ પોસ્ટ કરવાનું મન જ થતું ના હતું. માંડ માંડ મા ને મોકલવા માટે બચાવેલા ૯૦ રૂપિયા ખિસ્સાકાતરુએ ચોરી લીધા હતા. જો કે ૯૦ રૂપિયા આમ તો બહુ મોટી રકમ ના કહેવાય પરંતુ જેની નોકરી જતી રહી હોય એને માટે તો ૯૦ રૂપિયા પણ ૯૦૦ રૂપિયા કરતાં જરાય કમ નથી હોતા.

આમ થોડા દિવસો પસાર થઇ ગયા.એક દિવસે મારી મા નો કાગળ મને પોસ્ટમાં મળ્યો. મા એ મોકલેલ આ પોસ્ટ કાર્ડ વાંચતાં પહેલાં હું થોડો ખમચાયો કે જરૂર મા એ પૈસા મોકલવા માટે ઉઘરાણી કરી હશે. પરંતુ જ્યારે મેં એ પત્ર પૂરો વાંચ્યો ત્યારે આશ્ચર્યથી હું છક થઇ ગયો. એ પત્રમાં મા એ લખ્યું હતું:

''બેટા, તેં મોકલેલ ૧૦૦૦ રૂપિયાનું મનીઓર્ડર મને મળી ગયું છે. તું મારો કેટલો સારો છોકરો છે. તારા ખર્ચમાંથી પૈસા બચાવીને મારા માટે પૈસા મોકલવાનું ચૂકતો નથી કે મોકલવામાં થોડી ય આળસ કરતો નથી.''

મા એ લખેલ આ પોસ્ટ કાર્ડ વાંચીને હું તો મૂંઝવણમાં પડી ગયો કે મેં તો મા ને પૈસા મોકલ્યા નથી તો એને મનીઓર્ડરથી પૈસા કોણે મોકલ્યા હશે !

થોડા દિવસો પછી મને એક પત્ર મળ્યો એમાંથી મારી મૂંઝવણનો મને જવાબ મળી ગયો. આ પત્રમાં જલ્દી વાંચી ના શકાય નહી એવા ગરબડીયા અક્ષરોમાં માત્ર થોડી લીટીઓમાં લખ્યું હતું:

''ભાઈ, તારા ખિસ્સામાંથી મળેલા ૯૦ રૂપિયા અને મારા તરફથી એમાં ૯૧૦ રૂપિયા ઉમેરીને મેં તમારી માને ૧૦૦૦ રૂપિયાનું મનીઓર્ડર મોકલી આપ્યું છે,માટે ચીંતા ના કરશો. મા તો બધાંની એક સરખી જ હોય છે ને. મા ને ભૂખી કેમ રખાય ?''

લિખિતંગ .. તારો ખિસ્સા કાતરુ ! ❖

# કુદરતની અમૂલ્ય ભેટ - વિશ્વાસ

સંગીતા મનોજ ઠક્કર

વિશ્વાસ રૂપી ઝરણું તો એટલું મીઠું છે કે એની બાજુમાં મોંઘામાં મોંઘી મીઠાઈ નો સ્વાદ પણ ઓછો મીઠો લાગે. પાણીના ઝરણાંને વહેતાં જોતાં યાત્રીઓના મનમાં મીઠા-મીઠા સપના ઉમળકે છે અને સાંભળ્યું છે કે વહેતા ઝરણાંની ફ્રેમ જો આપણા ઘરના ડ્રોઈંગ રૂમની ડાબી બાજુએ રાખીએ તો ઘરમાં આપણું મન બહુ જ પ્રફુલ્લીત રહે છે. જો પાણીના ઝરણાંનો આટલો પ્રભાવ હોય તો વિશ્વાસ રૂપી ઝરણાં નો કેટલો પ્રભાવ હશે ?

એક નવયુગલ જોડી સ્ટીમર દ્વારા એક દેશથી બીજા દેશ ફરવા જતાં હતા. સમુદ્ર ને જોતાં - જોતાં પતિ પત્ની રજાઓ કેમ પસાર કરવી એના વિચાર કરતા હતા. ત્યાં અચાનક પતિએ પત્નીનું ગળુ દબાવ્યું અને કહ્યું કે હું તને મારી નાખીશ. આ સાંભળી પત્ની હસવા માંડી અને પતિને બહુજ આશ્ચર્ય થયું. તેને પત્નીને પુછયું કે ''તને ડર નથી લાગતો હું તને મારી નાખવાની કોશીશ કરું છું.'' પત્નીએ તરત જ જવાબ આપ્યો કે મને તમારા ઉપર અતૂટ વિશ્વાસ છે કે તમે આવું કામ નહી જ કરો. બીજી જ ક્ષણે દરિયામાં તોફાનમાં આવ્યું અને સ્ટીમર બહુ જ જોરથી હલવા લાગી. પત્ની ગભરાવા લાગી પણ પતિ તો હસવા લાગ્યો, તરત જ પત્નીએ સવાલ કર્યો કે આપણે મરવાની અણી ઉપર છીએ અને તમે હસો છો. તમને ડર નથી લાગતો ત્યારે પતિએ જવાબ આપ્યો કે ''મને મારા સર્જનહાર'' ઉપર અતૂટ વિશ્વાસ છે એ મને આવી રીતે નહી મારે.

વિશ્વાસ બહુ જ મોટી વસ્તુ છે અને એમાંય જો તમારો વિશ્વાસ ભગવાન ઉપર હોય તો એવો હોવો જોઈએ કે ગમે એવી કપરી પરિસ્થિતિમાંથી નીકળવું પડે તો પણ તમારો વિશ્વાસ કોઈ પણ દિવસ ડગમગાવો ન જોઈએ. કેમકે આપણે એના સંતાન છીએ એ આપણને કોઈ દિવસ તકલીફ આપી જ ન શકે. આપણે જે પણ ભોગવીએ છીએ એ આપણા પોતાના જ કરેલા કર્મોનું ફળ છે.



મનુષ્ય હોય કે પશુ-પક્ષી કે પછી જાનવર બધાને જ વિશ્વાસની જરૂર હોય છે. જ્યાં સુધી તમને બીજા ઉપર વિશ્વાસ ન આવે ત્યાં સુધી તમે કોઈ પણ કામ કે નાનામાં નાની વાત પણ બીજી વ્યક્તિ સાથે share કરવાનું પસંદ નહી કરો. દુઃખથી હેરાન થશો, ટાઢથી ઠરશો. તડકામાં તપસો અને વરસાદમાં સતત ભીંજાશો પણ વિશ્વાસુ વ્યક્તિ નહી મળે તો મદદ લેવાનું પસંદ નહી કરો. અને બીજા ઉપર વિશ્વાસ કરવો એ એટલું સહેલું નથી કેમકે જીંદગીના અમુક કડવા અનુભવો આપણને સહેલાઈથી બીજા ઉપર વિશ્વાસ કરતા રોકે છે. હા, કોઈ વિશ્વસનીય મિત્ર મળી જાય એની આશા જરૂર મનમાં હોય છે અને કદાચ એવી વ્યક્તિ સામે આવી પણ જાય છે પણ બાવરું મન નથી માનતું.

મનુષ્યો, પ્રાણીઓ, પક્ષીઓ, બધાના જ મનમાં બીજા પ્રત્યે એક ડર હોય છે એ લોકોનો પણ વિશ્વાસ જીતવો બહુ મુશ્કેલ થઈ જાય છે. વિશ્વાસ જીતવો પણ એટલું જ અઘરું છે. કેમકે લાખ કોશિશ પછી પણ ઘણીવાર એવું બને છે કે તમે કોઈકનું સાંભળવા માગો છો, એને મદદ કરવા માંગો છો, એના હમદર્દ બનવા ચાહો છો, પણ સામેની વ્યક્તિ ને તમારા ઉપર વિશ્વાસ ન જ આવે તો શું કરશો ? આ બધામાંથી બહાર નીકળવાનો એક જ રસ્તો છે અને એ છે પરમાત્મા તરફ અતૂટ વિશ્વાસ. તમે એને એ છે પરમાત્મા તરફ અતૂટ વિશ્વાસ. તમે એને બધું જ કહી શકો છો, એની સામે રડી શકો છો. હસી શકો છો અને તમારા જીવનની બધી જ વાતો કરી શકો છો કેમકે પરમાત્મા સાંભળીને જે જવાબ આપશે. જે પણ રૂપે આપશે એ તમને જ ખબર પડશે. એ બીજા કોઈને કહેવા નહી જાય માટે જીવન સુંદરતાથી અને સરળતાથી જીવવા માટે સર્જનહાર પર અતૂટ વિશ્વાસ રાખશો તો કોઈ તકલીફ જ નહીં આવે.

વિશ્વાસ કેવો હોય ?

૧) જંગલમાં લાગેલી આગની વચમાં જો જાનવરોનું ટોળું ફસાઈ જાય અને સામેથી વિશ્વાસ રૂપી મનુષ્યો જો આવતા દેખાય તો કેવું લાગે ?

૨) કૂવામાં પડી ગયેલા નાના છોકરાને ઉપરથી કોઈ અવાજ દે અને એને બહાર કાઢવાની કોશિશ કરે તો અજાણી વ્યક્તિ તરફ એનો વિશ્વાસ કેવો હોય ?

૩) મેળામાં ફરવા ગયેલા મા-બાપની

નાની છોકરી અચાનક ખોવાઈ જાય અને બીજી અજાણી વ્યક્તિ આવીને એમની છોકરી મળી જાશે તેની ખાતરી આપે તો એમનો એ અજાણી વ્યક્તિ તરફ વિશ્વાસ કેવો હોય ?

૪) એક ભૂખ્યો તરસ્યો વૃદ્ધ માણસ ભીખ માંગવા નીકળે અને અચાનક ભીખમાં એક ધનવાન રૂા. ૧૦૦ ની નોટ આપે તો વૃદ્ધ માણસને વિશ્વાસ આવે કે ન આવે ?

૫) ખૂબજ સંપન્ન ઘરમાં વિદાય કરેલી દીકરીના જો દુ:ખના સમાચાર મળે કે પછી દીકરીની માંદાઈના સમાચાર મળે તો મમ્મી-પપ્પા ને વિશ્વાસ આવે ?

૬) એક વચ્ચાને જન્મ દીધા પછી માઁ પોતે નથી બચવાની એ સમાચાર જો માઁ ને ખબર હોય તો પછી એને એના ભગવાન ઉપર કેવો વિશ્વાસ હોય ?

૭) બે મિત્રો વચ્ચેની અતૂટ દોસ્તી કોઈક ત્રીજી વિશ્વાસુ અથવા તો પોતાની જ વ્યક્તિ મિત્રતા તોડાવી નાખે તો ફરીવાર મિત્ર બનવાનો વિશ્વાસ આવે ખરો ?

ઉપરના બધાંજ પ્રસંગોમાં વિશ્વાસ કરવો કે આવવો બહુજ મુશ્કેલ છે પણ દુનિયામાં આવ્યા છીએ જીવવા માટે તો વિશ્વાસ પણ તો લઈ જ આવવો જોશે ને ! ❖❖❖

## સાટું !

એક અમેરિકન મહાનગરના પુસ્તક-ભંડારમાં એક કૂતરો આંટા મારતો હતો. એના ગળામાં પાટિયું મારેલું હતું : ''વેચવાનો છે.'' દુકાનમાં છાપાં વેચતા છોકરાને એક કાયમી ઘરાકે કૂતરાની કિંમત પૂછી.

''પચાસ હજાર.'' છોકરાએ જણાવ્યું.

''શું ? એ તો ગજબ કહેવાય !'' ઘરાક બોલી ઊઠ્યા. 'પચાસ હજારની કિંમતનો કૂતરો તો કોઈ દી સાંભળ્યો નથી.'

''હું તો એના પચાસ હજાર લેવાનો છું !'' છોકરો બોલ્યો.

માથું ધુણાવતા ઘરાક ચાલ્યા ગયા. થોડાં અઠવાડિયાં પછી એમણે જોયું, તો દુકાનમાં પેલો કૂતરો ન મળે.

''કેમ અલ્યા,'' એમણે છોકરાને કહ્યું, ''તેં તો કૂતરો વેચી નાખ્યો લાગે છે !''

''હો...વે.'' છોકરો બોલ્યો.

''તેં ધારી'તી એટલી કિંમત તેની મળી કે ?''

''હો...વે.''

''પચાસ હજાર ? !''

''હો...વે. પચી-પચી હજારની બે બિલાડી સાથે એનું સાટું કરી નાખ્યું એ તો !'' ❖❖❖

# અભિનંદન

## જેમના માટે વય માત્ર આંક છે

### મુંબઈના હેમંત પારેખ ૬૫ વર્ષે વ્યવસાયની સાથે સંગીત ક્ષેત્રે સક્રિય

સામાન્ય રીતે વધતી વય સાથે લોકોની ગતિ થોડી ધીમી પડતી હોય છે, પણ અમુક એવાય હોય છે જેમના માટે ઉંમર માત્ર એક સંખ્યા છે. એક સક્ષમ ગાયક એવા ૬૫ વર્ષના હેમંત પારેખે છેલ્લા ૧૫ વર્ષ સંગીત પ્રત્યેના પ્રેમ અને જુસ્સાને અનુસરવામાં વીતાવ્યા છે. શરૂઆતના દિવસોમાં તેમણે પરફોર્મ કરવા માટે પૈસા ચૂકવવા પડતા હતા, પણ હવે એવી સ્થિતિ સર્જાઈ છે કે, લોકો તેમનાં ગીતો સાંભળવા માટે તેમના શો નું આયોજન કરે છે.

હેમંત પારેખનો અવાજ જાણીતા પાર્શ્વગાયક મુકેશ જેવો છે. મુકેશના સદાબહાર હિટ ગીતો ઉપરાંત, હેમંત, કિશોર કુમાર અને હેમંત કુમારના ગીતો પણ ગાય છે. પોતાના વ્યવસાય ચલાવવા અને ગાવાની સાથે હેમંત 'હાર્મની હાર્ટ્સ' નામની મ્યુઝિક કંપની શરૂ કરી છે. આ કંપની દ્વારા શો અને કોન્સર્ટનું આયોજન કરે છે, જે લોકોનું મનોરંજન પણ કરે છે, જુલાઈ ૨૦, ૨૦૨૫ ના એક શો કર્યો હતો. તે નોનસ્ટોપ પાંચ કલાક ચાલ્યો હતો, જે YouTube પર બે ભાગ માં મુકવામાં આવેલ હતો.

તેમણે ૫૦ વર્ષની ઉંમરે પણ શીખવાની ધગશ સાથે એક્ઝિક્યુટિવ એમબીએ કર્યું છે. છેલ્લા ૩૦ વર્ષથી તેઓ અમૂલખ શાળામાં કારોબારી સમિતિના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમના સમુદાયમાં શિક્ષણના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે. તેમણે ૬૫થી વધુ વખત રક્તદાન કર્યું છે.

હેમંત પારેખને તેના સંગીત માટે અસંખ્ય પુરસ્કારો મળ્યા છે અને વ્યવસાયમાં તેમની સિદ્ધિઓ માટે સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનું પ્રેરણાદાયી જીવન સાબિત કરે છે કે જુસ્સો અને નિશ્ચય કોઈ પણ ઉંમરે પરિપૂર્ણ અને અર્થપૂર્ણ જીવન જીવી શકે છે.

**શ્રી ઝાલાવાડી સભા દ્વારા ખુબ ખુબ અનુમોદના**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલીત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય નાલાસોપારા ખાતે શાશ્વતી ચૈત્રી આયંબિલ ઓળી તપની આરાધના કાયમી બાંધેલ તીથી ધ્રાંગધ્રા નીવાસી હાલ ઘાટકોપર સ્વ જય અશોકભાઈ મનસુખલાલ સંઘવી તથા આ વર્ષ ના સહયોગી દાતા ઓ તરફથી કરાવવામાં આવેલ.

આ પ્રસંગે આપણી વિનંતી ને માન આપી લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ આચાર્ય ભાવચંદ્રજી ની કૃપા અને પૂ.ભાસ્કર ગુરુદેવ ની આજ્ઞા થી પૂ. પ્રતિતિજી મ.સ.ઠાણા:૩ પધાર્યા હતા તેથી નાલાસોપારા ઉપાશ્રય માં અત્યંત ધર્મ મય વાતાવરણ બની ગયું હતું.

આયંબિલ ઓળી અનુમોદના માટે નવા નામો આવેલા છે તેની યાદી દરેક ના રુપિયા ૧૦૦૦/ છે

(૧) ભાવેશ નગીનદાસ શાહ
(૨) રીટાબેન ચેતનભાઈ શાહ
(૩) ઈન્દુબેન છોટાલાલ ડેલીવાલા
(૪) રીટાબેન વિજયભાઈ વોરા
(૫) કનકબેન રજનીકાંત વોરા
(૬) રજનીકાનત પાનાચંદ વોરા
(૭) રેશમા બેન ઉમેદભાઈ ભાવસાર
(૮) નટવરલાલ અનોપચંદ દોશી
(૯) ભારતીબેન (બકુબેન)નેમચંદ શાહ
(૧૦) મીનાબેન મહેશભાઈ બારભાયા તેમજ

નાલાસોપારા ઉપાશ્રય ના કમીટીના સભ્ય બકુબેન નેમચંદ શાહ ના વર્ષીતપ ની પારણા પ્રસંગ ઉજવવામાં આવેલ તે પ્રસંગે તેઓ તરફથી રુપિયા ૩૫૦૦/- સભા ને ભેટ આપવામાં આવેલ.

દાતાઓ તરફથી સામાયિક ત્રિરંગી, કરનાર ને રુપિયા ૧૦૦/- ની દરરોજ પ્રભાવના કરેલ દરેક ના રૂ ૨૦/- એમાં

(૧) શ્રી અનિલભાઈ વી.સંઘવી કાંદીવલી
(૨) શ્રી પરેશભાઈ બી.શાહ કાંદીવલી
(૩) શ્રી હિતેશભાઈ બી.શાહ મીરા રોડ
(૪) શ્રી કિજલભાઈ યોગેશભાઈ શાહ વસઈ
(૫) અવનીબેન હિમાંશુભાઈ તુરખીયા કાંદીવલી તરફથી હતા.

આયંબિલ કરનાર ને દરરોજ રૂ ૪૦/- રોકડા સભા તરફથી પ્રભાવના હતી

તા ૨૯/૩/૨૬ ના સોનામાં સુગંધ ભળે એમ પૂ.ગુરુદેવ ડૉ નિરંજન મુનીજી અને પૂ. ચેતનમુનીજી મ.સ.પધારેલ અને નમો દંસણસ પદ પર ખુબ જ સરસ સમજણ આપી હતી.

તા ૩૧/૩/૨૬ મંગળવારે મહાવીર જયંતિ નિમિત્તે બુંદી ના લાડવાની પ્રભાવના પૂ.માતુશ્રી મધુબેન અમૃતલાલ શાહ પરિવાર નાલાસોપારા તરફથી કરવામાં આવેલ.

નાની બાળાઓ એ વીર ની ભક્તિ ની નૃત્ય કરી દરેકના મન જીતી લીધા હતા આ બાલીકાઓને રુ:૨૬૦/ નુ ઈનામ આપવામાં આવેલ.

આખી ઓળી તપની આરાધના કરનાર ને રુપિયા ૧૫૦૦/ રોકડા અને સ્ટીલ ડીસ:૧ અને સ્ટીલ ગ્લાસ:૨ ની પ્રભાવના આપવામાં આવેલ.

દર રવિવારે જૈન શાળા ના બાળકો ને જમાડવાનો લાભ લેનાર ભાગ્યશાળી દાતા નું બહુમાન કરવામાં આવેલ.

સમુહ સામાયિક આ મહીનામાં રવિવારે કરાવેલ જેમાં ૧૨૫ ની સંખ્યા માં હાજરી હતી આ સમયે સભાના કમીટીના સભ્યો હાજર રહ્યા હતા અને ગોળ ની પ્રભાવના કરવામાં આવેલ

આ દરેક કાર્યમાં શ્રી મહાવીર સેવા સ્વાધ્યાય મંડળ ના સભ્યો એ ખુબ જ સુંદર સહકાર આપેલ.

લી નાલાસોપારા ઉપાશ્રય ના કન્વીનરો, નાલાસોપારા ઉપાશ્રય કમીટીના સભ્યો અને શ્રી મહાવીર સેવા સ્વાધ્યાય મંડળ ના જય જિનેન્દ્ર

❖

### જીવ ન ચાલ્યો

શશિભૂષણ બંદ્યોપાધ્યાય સરકારી વકીલ હતા. વૈશાખ માસના એક દિવસે બપોરે બે વાગ્યે તે એમના વેવાઈને ગામ જવા નીકળ્યા. જે કામ સારુ એ નીકળ્યા હતા તેમાં એમની પોતાની હાજરીની જરા પણ જરૂર ન હતી. એકાદ ચાકરને ચિઠ્ઠી આપીને મોકલ્યો હોત તો ચાલત. એટલે વેવાઈને ઘેર પહોંચ્યા ત્યાં કોઈએ એમને પૂછ્યું, ''આટલા અમથા કામ માટે આવી વરસતી લૂમાં આપે જાતે શા સારુ ધક્કો ખાધો ?''

જવાબમાં શશિભૂષણબાબુ બોલ્યા, ''પહેલાં તો વિચાર આવ્યો કે એકાદ નોકરને મોકલું; પણ પછી જોયું કે તડકો બહુ આકરો છે, એટલે કોઈ નોકરને મોકલતાં મારો જીવ ન ચાલ્યો.''

# બોરડી-ઘોલવડનો સુંદર દરિયાકિનારો

હેતલ

મહારાષ્ટ્રની સરહદમાં આવેલા આપણા સાખ પાડોશી જેવી બોરડી ઘોલવડનો પ્રવાસ આજે કરાવવો છે. તમને થશે કે બોરડીમાં એવું તે શું હશે ? બહુ બહુ તો નામ મુજબ બોરનાં ઝાડ ? તો જવાબ છે, બોરડીમાં શું નથી ? ૧૭ કિ.મી. લાંબો અણછુપો સમુદ્ર કિનારો, નજીકની ટેકરીઓ, શુદ્ધ હવા-પાણીમાં ઉછરતા રસદાર ચીકુની વાડીઓ અને તેથી વિશેષ નીરવ શાંતિ. બોલો, આથી વધુ શું જોઈએ ? અને તે પણ પાછું સાવ નજીક, તો ઝડપથી બે-ત્રણ દિવસનાં કપડાં તૈયાર કરી લો અને પહોંચી જાવ બોરડી.


(કેવી રીતે જશો ?)

પોતાની કે ભાડાની કાર લઈને જવું હોય તો સુરત-મનોર હાઈવે પર હંકારી દો અને ભિલાડથી નારગોલ થઈ સીધા બોરડી પહોંચી જાવ. ટ્રેનમાં જવું હોય તો, સૌરાષ્ટ્ર એક્સપ્રેસ નજીકના ઘોલવડ ટસ્ટેશને ઊભી રહે છે. તે ઉપરાંત વલસાડ ફાસ્ટ પેસેન્જર પણ ત્યાં ઊભી રહે છે. ઘોલવડથી બોરડી સુધી રિક્ષાવાળા લઈ જાય છે.

થોડાં વર્ષો પહેલાં બોરડીને કોઈ જાણતું ન હતું. આજુબાજુના દહાણુ, દમણ અને ઉમરગામ સુધી પ્રવાસીઓ આવતા પણ બોરડીનું કોઈ નામ જ નહોતું લેતું. બોરડીની ઉપેક્ષા કરી આજુબાજુના પ્રવાસધામોથી પાછા ફરતા કેટલાક લોકો બોરડીનો સમુદ્રકિનારો જોઈ અટક્યા અને પ્રેમમાં પડી ગયા. આમ. બોરડી શોધાયું. આ કદાચ શાંત બોરડીનો અંત હોઈ શકે. પણ સદ્‌ભાગ્યે બોરડી બીજું ગોવા નથી બની ગયું. તેના મૂળ સ્વરૂપનું સ્વનિર્ભર ગામડું હજુ ઉપલબ્ધ છે. બોરડીમાં લાંબો સ્વચ્છ સમુદ્રકિનારો, સંજામ અને ઉદવાડાથી ખસેલા થોડા પારસીઓ અને અત્યારે ફળેલ, રસદાર ચીકુની વાડીઓની ભરમાર છે. અહીં ૧૭ કિ.મી. લાંબો વણ વણછુપ્યો અને એટલે જ અતિ સ્વચ્છ રહી શકેલ દરિયા કિનારો અને દરિયા કિનારો છે. દરિયા કિનારો શરૂ થાય તે પહેલાંની જમીન મુખ્યત્વે સરૂના વૃક્ષોથી છવાયેલી છે અને તે પછીના રોડની બીજી બાજુએ ચીકુની વાડીઓ છે; જે તમને જુદી જ દુનિયામાં લઈ જાય છે. બોરડીના દરિયા કિનારે, સરૂનાં વૃક્ષો તળે આરામથી લંબાવીને તમે કલાકો સુધી શહેરની દોડધામભરી જિંદગીમાં વાંચી શકાતું નથી તે પુસ્તક વાંચવાની અનેરી તક ઝડપી શકો છો. અહીં તમને ફુગ્ગાવાળો કે બુઢ્ઢીના બાલ (કેન્ડીફ્લોસ) વેચવાવાળો ડિસ્ટર્બ નહીં કરે તેની ગેરંટી છે અને સમુદ્રસ્નાનની મજા માણવી હોય તો, બોરડીનો દરિયો શાંત છે, નિશ્ચિત થઈ તમારા તન-મનને ભીંજવી દો. અહીં ઓટના સમયે દરિયાના પાણી લગભગ એક કિલોમીટર જેટલા દૂર જતા રહે છે, પણ ભરતીના સમયે તો દરિયાને સરૂનાં વૃક્ષો સુધી પહોંચવું હોય તેમ ઘૂઘવતો હોય છે. તમને માત્ર દરિયા પસંદ નથી ? તો બોરડીમાં બીજું પણ જોવાલાયક છે.

**અસાવલી ડેમ :** માનવસર્જિત અસાવલી ચેકડેમથી રોકાયેલ પાણીની બીજી તરફ પર્વતો આવેલા છે. ઈજિપ્તના વિશ્વવિખ્યાત પિરામિડની જેમ અસાવલી ડેમ મશીનની મદદ વગર માનવ હાથથી બંધાયેલ છે. ૧૧૬૦ ફૂટ લાંબા અને ૭૮ ફૂટ ઊંચા આ ડેમના બાંધકામમાં એકની ઉપર એક ગોઠવાયેલ શિલાઓ જોઈ તમે વિચારતા થઈ જશો કે, કાળા માથાનો માનવી ધારે તો શું ન કરી શકે ? ડેમ સાઈટ પર ઊભા રહી દૂર દૂર ક્ષિતિજોમાં ભળી જતી પર્વતરેખાઓ કે શાંત સરોવરના નીર પર રમત કરતી હવાની લહેરખીઓ નિહાળતાં જ દુન્યવી ચિંતાઓ ભૂલી જવાય છે. તમે ઈચ્છો તો, થોડા અંતરે આવેલ દીપચારી ડેમ પણ જઈ શકો, જ્યાનું સરોવર અસાવલી ડેમ કરતાં ઘણું વિશાળ, એટલું જ નિર્મળ અને અતિ શાંત છે.

**ઉમરગામ :** પ્રખ્યાત ટીવી સિરિયલ 'રામાયણ'નું શૂટિંગ થયું હતું તે વૃંદાવન સ્ટુડિયો ઉમરગામમાં છે તે તો બધાને ખબર છે, પણ તે ઉપરાંત અહીં સુંદર બોટનીકલ ગાર્ડન પણ છે. સાથે સાથે મલ્લીનાથ જૈન મંદિરના દર્શન પણ કરવા જેવા છે.



ઉમરગામ બોરડીથી માત્ર ૧૦ કિ.મી. દૂર આવેલું છે.

**બાહરોટ ગુફાઓ :** બોરડીથી અસાવલી ડેમ જોઈ આગળ વધતા બાહરોટ ગુફાઓ આવે છે. જો તમે સ્થાનિક વસ્તીને આ નામથી પૂછશો તો કોઈને ખબર નહીં પડે. સ્થાનિક પ્રજામાં આ સ્થળ 'ભારદાના' નામે પ્રચલિત છે. બાહરોટ ગુફાઓ પારસીઓ માટે અત્યંત મહત્વનું ધાર્મિક સ્થળ છે. ઈરાનના રાજાના ત્રાસથી પારસીઓ ભાગીને ભારત આવ્યા હતા અને સંજાણના રાજા સાથે થયેલ દૂધમાં સાકરની વાત તો 'બધા જાણે છે. પરંતુ, તમે જે નથી જાણતા તે વાત એ છે કે, ઈરાનથી પોતાની સાથે લાવેલ પવિત્ર અગ્નિ પારસીઓએ ભારતની ભૂમિ પર સૌ પ્રથમ આ બાહરોટ ગુફાઓમાં સ્થાપ્યો હતો. ભારદાની ટેકરીઓની ટોચે કોતરી કાઢેલ ગુફાઓમાં પવિત્ર અગ્નિ આઠ વર્ષ સુધી



પ્રજ્વલિત રહ્યો હતો અને તેથી વિશ્વભરમાં પથરાયેલા પારસીઓ માટે આ સ્થળ અત્યંત શ્રદ્ધા જન્માવનારું છે. શિવાજીના શાસન સુધી પારસીઓ અહીં શાંતિથી વસતા હતા. પરંતુ શિવાજીના દેહાંત પછી મોગલ સુબાઓના ત્રાસથી પારસીઓએ પવિત્ર અગ્નિને ઉદવાડા ખસેડ્યો. જ્યાં જે આજે પણ પ્રજ્વલિત છે.

પારસીઓના આ યાત્રાધામે પહોંચવા બોરડીથી ગાઈડ મળે છે, તે અવશ્ય સાથે રાખવા જેવો છે કારણ કે અન્યથા ભૂલા પડવાની પૂરી શક્યતા છે. વાહન અસાવલી ડેમથી આગળ જઈ શકતું નથી. એટલે લગભગ ત્રણ કલાક ચઢવાની તૈયારી રાખવી, સાથે પૂરતાં પાણી-નાસ્તો પણ લેવાં. કારણ જઈને પાછા ફરતાં સહેજે પાંચ કલાક થા. છે. થોડી મહેનત થાય પણ જરા યાદ કરો તમે છેલ્લે કુદરતને ખોળે ક્યારે રમ્યા હતા ? રસ્તામાં થાકેલા પગને વિશ્રામ આપવા થોડી બેઠકો, કોઈ ભલા પારસીએ મૂકાવી છે તે ઉપયોગી થઈ પડે છે. ટેકરીની ટોચે પહોંચીને બધો જ થા વિસરાઈ જાય તેવી અનુભૂતિ ન થાય તો જ નવાઈ; કેમ કે ઠંડી હવા ધરાવતા વાતાવરણમાં દૂર દૂર સુધી દેખાતી ટેકરીઓ અને તેના પર છવાયેલ વનરાજી એક અનોખું ચિત્ર ખડું કરે છે. કુલ ચાર ગુફાઓ પૈકીની મુખ્ય ગુફામાં પારસીઓ હજુ પણ પૂજા કરે છે, તે પહેલાં નજીકની ગુફામાંના પાણીમાં સ્વચ્છ થાય છે, મજાની વાત એ કે, આ ગુફામાં બારે મહિના જીવંત રહેતો પાણીનો સ્ત્રોત છે.

**ઘોલવડ :** ઘોલવડમાં શું કરશો ? કશું જ નહીં. હજુ પ્રવાસન ઉદ્યોગ વિકસ્યો નથી, એટલે તમારે થોડી ઓળખાણ શોધવી પડશે, જે દક્ષિણ ગુજરાતથી નજીક હોવાથી અઘરું



નથી. કોઈ પરિચિતની વાડીમાં આવેલ મકાનમાં રહેવાનું ગોઠવી દો તો મજા જ મજા. તમને કુદરતી એલાર્મ કૂકડો જગાડશે અને આંખ ખોલશો તો, ગાઢા લીલાં ચીકુનાં પાંદડા પર નજર ઠરશે. જરાક શ્વાસ ખેંચશો તો નવી જ સુગંધ નાકમાં પ્રવેશી જશે. આ સુગંધ છે ટોફીની. ટોફીની આપણે પીપરમીન્ટથી ઓળખીએ છીએ તે ખરેખર વૃક્ષ પર ઊગે છે ! અને અહીં નીરવ શાંતિ છે. સ્થાનિક વારલી આદિવાસી પ્રજા અત્યંત ભોળી અને ઓછા બોલી છે, રસ્તે મળી જાય તો તમારું નાનકડું સ્મિત તેમના સમગ્ર ચહેરાને હાસ્યથી ભરી દેશે. ઈચ્છા થાય તો તમે અસાવલી ડેમ ચાલતા જઈ શકો છો, જ્યાં ગેટમાંથી ઉછળતું-કૂદતું પાણી તો જોવા નહીં મળે પણ, પ્રજ્વલિત સૂર્યપ્રકાશમાં ઠંડક આપતા શાંત વારિથી ભરેલું સરોવર અહીં છે. બીજા પ્રવાસધામોની જેમ અહીં બોટીંગની સગવડ નથી પણ તેને જરા હટકે કઈ રીતે કહેવાય. જો તમારા પરિચિત યજમાન ગુજરાતી હોય તો તેમને માલા ઊંધિયું જેને અહીં 'ઓભરિયું' કહે છે તે ખવડાવવાની ફરમાઈશ કરો, કરાલના પાંદડાઓની વચ્ચે ભૂંજાયેલ ઊંધિયું તેની સોડમવાળું હોય છે અને તે મીઠાશ તમે ક્યારેય ભૂલી નહીં શકો, જો તમે અત્યારે ઘોલવડ જાવ તો, અહીંના પ્રખ્યાત ચીકુ ખાવાની મજા પડી જશે.

❖❖❖

### કર ઊંચા કરી -

એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ;
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર -
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.
કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;
આંખો જાય ભરાઈ, વાટ તરુની કાંટાળી ડાળી નડે;
આઘે ખેતર જોઉ બે કર કરી ઊંચા મને વારતી -
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી ? !

**Summer fashion emphasizes comfort,** breathability, and light colors, focusing on natural fabrics like cotton and linen to combat the heat. Key trends include airy dresses, co-ord sets, and vibrant prints, paired with strappy sandals and straw hats for sun-safe style. Essential items include white shirts, loose trousers, and versatile accessories.



**Essential Summer Fabrics & Colors**

**Breathable Materials:** Prioritize cotton, linen, rayon, and light viscose to stay cool.

**Light & Vibrant Hues:** Choose light colors to reflect heat, such as mint greens, blush pinks, sunlit yellows, and classic white.



Patterns: Embrace tropical florals, bold stripes, and

**Must-Have Summer Clothing Items**

**Co-ord Sets:** Matching sets offer effortless sophistication, particularly convertible co-ords that transition from day to night.

**Dresses:** Flowy styles like shirt dresses, wrap dresses, and jersey dresses are staples.





**Lightweight Bottoms:** Linen trousers, wide-leg jeans, and cotton palazzos keep you comfortable.

**Tops & Blouses:** Puff sleeves, kimono sleeves, and simple cotton tees.

Advt.

# Summer Care & Makeup Tips for Ladies



**Some simple, practical summer makeup & care tips**
—perfect for busy ladies who want to look fresh and feel comfortable in the heat

1. **Start with Skin Care (Very Important)**
   In summer, your skin needs protection more than heavy makeup.
   - Cleanse your face 2–3 times a day
   - Use a light gel-based moisturizer (not oily creams)
   - Never skip sunscreen (SPF 30 or above)

   **Tip :** Apply sunscreen 15–20 minutes before stepping out.

2. **Keep Makeup Light & Breathable**
   Heavy makeup melts in heat.
   - Use BB cream or tinted moisturizer instead of foundation
   - Choose compact powder to control sweat
   - Go for minimal layers

   Less makeup = more fresh look

3. **Sweat-Proof Your Look**
   - Use waterproof kajal and mascara
   - Apply a primer before makeup
   - Keep blotting paper or tissues handy

   This helps avoid patchy or messy makeup.

4. **Choose Fresh, Natural Shades**
   Summer is all about soft, glowing looks:
   - Lipsticks: peach, pink, nude
   - Blush: light coral or rose
   - Eyes: light browns, gold, or just kajal

   Avoid very dark or heavy shades during the day.

5. **Stay Fresh All Day**
   - Use a face mist or rose water spray
   - Carry a small compact & lipstick for touch-ups
   - Tie hair neatly or go for simple styles to avoid sweat

6. **Inner Care = Outer Glow**
   What you eat shows on your face!
   - Drink plenty of water
   - Eat fruits like watermelon, cucumber
   - Avoid too much oily or spicy food

7 **Simple Night Care**
**Before sleeping:**
- Remove all makeup
- Wash your face
- Apply light moisturizer or aloe vera gel

This keeps your skin healthy and glowing.

**Quick Everyday Summer Look**
**Just 5 steps:**
1. Sunscreen
2. BB cream
3. Compact
4. Kajal + mascara
5. Lipstick or lip balm

Done in 5–7 minutes

**Final Tip:**
In summer, comfort is beauty. When you feel fresh and light, you automatically look beautiful.

Advt.


**April 26 Patrika Sudoko Result**

**SOLUTION**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 4 | 6 | 7 | 8 | 9 | 1 | 2 |
| 6 | 7 | 2 | 1 | 9 | 5 | 3 | 4 | 8 |
| 1 | 9 | 8 | 3 | 4 | 2 | 5 | 6 | 7 |
| 8 | 5 | 9 | 7 | 6 | 1 | 4 | 2 | 3 |
| 4 | 2 | 6 | 8 | 5 | 3 | 7 | 9 | 1 |
| 7 | 1 | 3 | 9 | 2 | 4 | 8 | 5 | 6 |
| 9 | 6 | 1 | 5 | 3 | 7 | 2 | 8 | 4 |
| 2 | 8 | 7 | 4 | 1 | 9 | 6 | 3 | 5 |
| 3 | 4 | 5 | 2 | 8 | 6 | 1 | 7 | 9 |

**1st prize**
Rushabh Rajnikant Shah,
Rajnikant Bhailal Shah - LM02256

**2nd prize**
Teerth Kinjal Shah
Kinjal Suresh Shah - LM06101

**Members who had given correct answer**

1 - Heena Vora
Ashwin C Vora LM01938

2 - Tejal Paresh Doshi
Paresh Rasiklal Doshi LM06170

3 - Kavish Niraj Gosalia
Niraj N Gosalia LM05026

4 - Manisha shah
Mehul N Shah LM04488

5 - Urvi Doshi
Pratik Virendra Doshi LM04599

6 - KAVITA
Chetan Mahasukhlal Shah LM06387

7 - Shruti Ravindra Sanghvi.
Ravindra Jayantilal Sanghvi YM02059

8 - Dhyanam Shah
Saurabh Mahendra Shah LM05102

9 - Alpesh motilal Shah LMO4829

Advt.

## Jain article specially written for teenagers and young youth

**Jainism for Today's Youth: Small Steps, Big Impact**

In today's fast-moving world of social media, competition, and constant pressure, finding peace and purpose can feel difficult. But the principles of Jainism—though ancient—are surprisingly relevant and powerful for today's youth.

1. **Be Kind – Always (Ahimsa)**
   Jainism teaches Ahimsa (non-violence), which doesn't just mean not hurting others physically—it also means being kind in your words and thoughts."In school, college, or online avoid bullying, gossip, and negativity. A kind message can make someone's day.
2. **Speak the Truth (Satya)**
   Being honest builds trust. Whether it's with friends, parents, or teachers—truthfulness makes your life simple and stress-free. No need to remember lies!
3. **Don't Compare or Compete Unfairly (Aparigraha)**
   Today's youth often feel pressure to have the latest phone, clothes, or lifestyle. Jainism teaches us to avoid greed and comparison.
   Be happy with what you have—and focus on your growth, not others'.
4. **Control Yourself (Self-Discipline)**
   From screen time to food habits, self-control is key. Jain values help you build discipline whether it's studying regularly or avoiding harmful habits.
5. **Respect All Living Beings**
   Even the smallest life matters in Jainism. Be mindful—avoid wasting food, water, and harm ing animals.
   Choosing vegetarian or Jain food is not just tradition—it's compassion.
6. **Stay Connected to Your Roots**
   You don't have to be old to follow Jainism.
   Simple habits like:
   - Saying Navkar Mantra
   - Visiting Derasar
   - Listening to Jain stories

   can keep you grounded and peaceful.

**Final Thought**

You don't have to be perfect—just start with small steps.
Being Jain is not just about rituals—it's about becoming a better human being.
Be kind. Be calm. Be conscious. That is true strength.

Advt.

## Hidato

**How to Play**

- Fill the grid with numbers from 1 to 25.
- Each number must connect to the next number (e.g., 7 connects to 8).
- Connections can be horizontal, vertical, or diagonal.
- Each number can appear only once.
- Use the given numbers as clues to complete the path logically.

**Puzzle**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | | 9 | | 25 |
| | | | 11 | |
| 5 | | | | |
| | | 14 | | |
| | | 19 | | 21 |

Advt.

**Dear Zalawadi Patrika Reader**s,

From this month onwards, **we are dedicating 4 special pages of our Patrika for the younger generation** who may not be comfortable with Gujarati but still enjoy reading our publication.

**We have also included fun games and puzzles.** Solve them and submit your answers along with the **following details:**

- Your Name
- Family member's name who is a Zalawadi Sabha member
- Membership Number (mandatory)
- **The winner's name must be included in the Zalawadi Vasti Patrak**

**Submit your entries via:**

- WhatsApp (only): 9819304833
- Email: zalawadipatrika@gmail.com

**Prizes & Rules:**

- 1st Prize : ₹ 1000
- 2nd Prize : ₹ 500
- **Last date for submission: 25th of every month**
- In case of multiple correct entries, **winners will be selected through a lucky draw** (done by wheel of names ) **All winners' names will be published in the next issue of the Patrika.**

**Recipe Corner:**

Send in your Jain & healthy recipes to inspire fellow readers. Your recipe could be featured in our upcoming issue. Entries can be submitted via WhatsApp or email.

**Note: The decision of the management and trustees regarding prize winners, recipe selection, or any other matter will be final and binding.**

This initiative is exclusively for **Zalawadi Sthanakvasi Jain Sabha members and their families, especially ladies and youth.**

Regards,

**Zalawadi Sabha**

Advt.

## Blissful Pan Harmony Ice Cream (Serves 4)

Beat this summer heat with a refreshing, wholesome treat — Blissful Pan Harmony Ice Cream. A completely raw, vegan, sugar-free and jaggery-free indulgence with a unique aromatic twist.

**Ingredients:**



* 8–10 betel leaves * 8–10 dates * 1 cup (200 g) tender coconut pulp
* ½ cup (40 g) desiccated coconut * ½ tsp cardamom powder
* ½ cup (70 g total / ~8–10 almonds + 8–10 pistachios, soaked & peeled)
* ½ cup (70 g total / ~8–10 cashews + 4–5 walnuts, soaked)
* 1½ tsp fennel seeds
* 2 tbsp dried rose petals (plus extra for garnish)

**Method:** Blend soaked nuts to a creamy base. Add dates, tender coconut pulp, desiccated coconut and cardamom; blend well. Mix in finely chopped betel leaves, fennel seeds and rose petals. Pour into a container and freeze for 6–8 hours until set.

Advt.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**આયોજિત**
**માતુશ્રી કંચનબેન વૃજલાલ ત્રિકમલાલ શેઠ પરિવાર**
**અને શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર**
**પ્રેરિત**

## કોલેજ પાઠ્યપુસ્તક યોજના

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે ઉપરોક્ત યોજના અન્વયે સભાના સભ્યોના સંતાનોને કોલેજ ના પાઠ્યપુસ્તક લેવા માટે ૫૦% સુધીની રાહત આપવામાં આવશે.

તમોએ ખરીદેલ પાઠ્યપુસ્તકના બિલની સામે ૫૦% સુધીનો ચેક (વધુમા વધુ રૂા. ૨૫૦૦) તમારા ખાતામાં જમા કરવામાં આવશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા કોલેજના વિદ્યાર્થીઓએ (૧) ગત્ વર્ષનું રિઝલ્ટ (૨) ઈલેક્ટ્રીક બિલ (૩) મેમ્બરશીપ કાર્ડની Photocopy મોકલવાની રહેશે સાથે S.S.C પછીના કોલેજના કોઈ પણ અભ્યાસક્રમ માટે ખરીદેલ (૪) પાઠ્યપુસ્તકનું બિલ તેમ જ (૫) Cancelled Cheque સભાની ઓફિસે આપવાના રહેશે.

તમોએ submit કરેલ ઉપરોક્ત documents ચકાસીને ૩૦ દિવસની અંદર તમારા બિલના ૫૦% અથવા રૂા. ૨૫૦૦ (બંનેમાંથી જે ઓછું હશે તે) તમારા ખાતામાં જમા કરવામાં આવશે.

વિદ્યાર્થી મિત્રોને ઉપરોક્ત યોજનાનો લાભ લેવા વિનંતી.

**વધુ વિગત માટે સંપર્ક**
**મિલનભાઈ તુરખિયા – 9860125136**

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

**પ્રિય સભ્યો,**

૧૦ મુ ધોરણ (ICSE, SSC, CBSE) અને ૧૨મુ (HSC) ધોરણના પરિણામો જાહેર થયા છે.

તમારા પરિવારના કોઈ વિદ્યાર્થીએ 85% કે તેથી વધુ ગુણો મેળવ્યા હોય તો તેની માહિતી અને ફોટો આવનાર ઝાલાવાડી પત્રિકામા પ્રકાશિત કરવામાં આવશે. કૃપા કરીને નીચેની માહિતી ઝાલાવાડી સભાની ઓફીસે ૨૫ જુન ૨૦૨૬ સુધીજ મોકલવી. ત્યારબાદ નામો લેવામાં આવશે નહી.

(૧) વિદ્યાર્થીનું પુરૂં નામ (૨) પિતાનુ અને માતાનું પુરૂં નામ (૩) તમે કયા એરિયામાં રહો છો (૪) મુળ વતન (૫) વિદ્યાર્થીનો Pass Port સાઈજ નો એક ફોટો, ફોટાની પાછળ નામ લખવાનું જરૂરી છે. (૬) H.S.C કે S.S.C) મેળવેલ ટકાવારી (Percentage) (૭) માર્કશીટની Xerox Copy Mobile Number લખવા.

મહેરબાની કરીને માહિતી સંપૂર્ણ અને ચોક્કસ મોકલવી.

**– માનદ્ મંત્રીશ્રી**

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**માતુશ્રી સમતાબેન માણેકલાલ શેઠ સ્કૂલ**
**ફી સહાય યોજના**
**તથા**
**શ્રીમતી કોકિલાબેન વિનોદચંદ્ર વ્રજલાલ શેઠ**
**વિદ્યાર્થી દત્તક યોજના**

શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઝાલાવાડી સભાના સભ્યોનાં બાળકો (વિદ્યાર્થી) ને સ્કૂલ - કૉલેજ ફી સહાય સંસ્થા તરફથી કરવામાં આવે છે. સ્કૂલ ફી/ કૉલેજ ફી માટે GOOGLE LINK ભરવાની રહેશે. આપશ્રી મિલનભાઈ તુરખીયા પાસેથી (Whats up થી Link મેળવી લેશો. મો. ૯૮૬૦૧૨૫૧૩૬ માટે છેલ્લા વર્ષની માર્કશીટ, મેમ્બરશિપ રસીદની ઝેરોક્ષ, છેલ્લુ ઈલેક્ટ્રીક બીલ, રેશન કાર્ડની ઝેરોક્સ સાથે તારીખ ૨૫-૦૭-૨૦૨૬ સુધીજ સાથે Cancel કરેલ ચેકની Copy આપવી તથા ભાડા બીલ, મેઈન્ટેનન્સ, સ્કુલ-કૉલેજની ફી, રસીદ અથવા કાર્ડ, સેલેરી, સર્ટીફીકેટ, ઈન્કમ પ્રુફ, લવાજમ ભર્યાની રસીદ જરૂરી છે.

**– માનદ્ મંત્રીશ્રી**

# JINENDRA CHARITABLE TRUST

Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

## ( ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા ! )



માનનીય દાતાશ્રીઓને હૃદયપૂર્વક જય જિનેન્દ્ર અને જયશ્રી કૃષ્ણ,

ભારતમાં હજુ પણ ૧ કરોડ થી વધુ અંધજનો વસે છે. ૨,૭૦,૦૦૦ બાળકો અંધ છે.

**ફક્ત રૂા.૧૫૦૦/-નું દાન આપી મોતિયાના ઓપરેશન દ્વારા એક અંધભાઈ/બહેન/બાળકને આંખની રોશની આપી નવું જીવન આપી શકો છો.**

એક નેત્રયજ્ઞ માટે રૂા.૧૫૦૦૦/-નું દાન આપી ૨૫ જેટલા અંધજનોને આંખની રોશની આપી શકો છો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય છે. દાતાને ફોટા/દર્દીઓનું લિસ્ટ વગેરેનો રીપોર્ટ આપવામાં આવશે.

આંખની રોશની આપી આશાનું કિરણ આપવા આપને સહકાર આપવા વિનંતી.

લિ. સેવક કિશોરલાલ શાહ (સાયલા નિવાસી)ના જય જિનેન્દ્ર
B.A (Hons) B.Ed. Dip.Ed. (London) Email ID: kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી

Account # : 925010024476033
A / C Name : JINENDRA CHARITABLE TRUST
IFCS Code : UTIB0004518
Bank Details : AXIS BANK LTD (YAGNIK RD BRANCH)

**Office :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

Advt.



## "ખુશ ખબર"

## એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.

**ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*



**૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**



તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી

**સંપર્ક :**
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
**૯૮૨૧૦૨૯૦૫૩**
**પુત્ર - જીગર - ૯૮૨૧૦૨૯૦૮૪**

Advt.

શ્રીજી

**જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસાઈ, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965

**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452
Email : ankitsheth77@gmail.com

**અતુલભાઈ ટી. શેઠ**
સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે,
જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.




**Shubh bandhan**
We find a match truly right for you

Over 20 years of globally trusted & personalised matrimonial services for all Gujarati communities.

9323626815 | 9769726815
www.shubhbandhan.com ShubhBandhanMatrimony

Advt.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

## ભાવભીની શ્રદ્ધાંજલી



### સ્વ. પંકજભાઈ રમણીકલાલ શાહ

**(ખાંડીયા નિવાસી, હાલ ઘટકોપર)**

જન્મ તારીખ : ૨૩.૦૮.૧૯૫૨ । અરિહંત શરણ : ૧૭.૦૪.૨૦૨૬

અમારા કુટુંબના માર્ગદર્શક તેમજ આધાર સ્થંભ સમાન સદૈવ પરોપકારની ભાવના ધરાવતા વિશાળ હૃદયના અમારા પરમ વંદનીય વડીલશ્રીની વિદાયથી સર્જાયેલી ખોટ અમારા કુટુંબ માટે અપૂર્ણીય છે.

પરમકૃપાળું પરમાત્મા એમના આત્માને ચિર શાંતી આપે અને જૈન ધર્મનું શરણ પ્રાપ્ત કરી મોક્ષગતિ પામે એ જ મંગળ પ્રાથના.

**પ્રેમાળ સ્મૃતિમાં**

| | | |
|---|---|---|
| માતા-પિતા | :- | સ્વ. કંચનબેન - રમણીકલાલ નારણદાસ શાહ |
| ધર્મપત્ની | :- | ચંદ્રિકાબેન |
| પુત્ર-પુત્રવધુ | :- | જીગ્નેશ - શ્રેયા |
| | | જીમીત - હિમા |
| પૌત્ર-પૌત્રી | :- | અન્યા-રેયા-અર્નય-ઝીઆ |
| ભાઈ-ભાભી | :- | મહેન્દ્ર-મયુરી |
| બેન-બનેવી | :- | સ્વ.મીનાબેન - સ્વ.મહેશકુમાર ધ્રુવ |
| | | સ્વ. વર્ષાબેન-રમેશચંદ્રગાંધી |
| સાળા | :- | સ્વ. નગીનભાઈ તથા મનહરલાલ ઠાકરશી શાહ |
| વેવાઈ | :- | સ્વ. રમેશભાઈ ભુપતલાલ પારેખ |
| | | કિશોરભાઈ નાનાલાલ શાહ |

**BHARAT CLIP MFG. CO.**
MUMBAI - 400002

(Advt.)

## પાંચમી ભાવભરી શ્રધ્ધાંજલિ

**વઢવાણ પાંજરાપોળમાં ધર્માદારૂપે ૧ લાખ**



### સ્વ. અરવિન્દકુમાર છોટાલાલ શાહ

**વઢવાણ નિવાસી (નાથા ભવાન), હાલ : ઘાટકોપર**

દેહ ધારણ : ૧૮-૯-૧૯૩૨ • દેહ પરિવર્તન : ૧૮-૪-૨૦૨૧

અરવિંદ અરવિંદ, અરવિંદ એવા હતા પ્રેરણારવિંદ,
કરુણા, પ્રેમ, સમર્પણ, શ્રદ્ધા, ગુણોતણા હતા એ રત્નારવિંદ,
સંસારરૂપી કાદવમાં રહ્યા હંમેશાં નિર્મળ જેમના આત્મારવિંદ,
એવા હતા પ્રેરણારવિંદ,
જન્મથી તે મૃત્યુ સુધી સદાય હસતું રહ્યું જેમનું મુખારવિંદ,
સર્વ કુટુંબીજનોના સંગાથે બનીને રહ્યા જે સ્નેહારવિંદ,
એવા હતા પ્રેરણારવિંદ,
ધંધામાં નિતિમત્તા અને પ્રામાણિકતા બની રહ્યા જેમના પ્રાણારવિંદ,
દુ:ખીઓના દુ:ખ જોઈ હદયકમળ બની જતું જેમનું કરુણારવિંદ,
એવા હતા પ્રેરણારવિંદ,
સરળ પવિત્ર જીવનનો સરવાળો પરિણમ્યો બની જ્યાં સુખારવિંદ,
રગે રગમાં ધર્મતણી દ્રઢશ્રદ્ધાનાં પીધા જેણે સુધારવિંદ,
એવા હતા પ્રેરણારવિંદ
એવા નિર્મળ પવિત્ર વિશુદ્ધ આત્માની ઉન્નતિ તણી,
કરીએ છીએ પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થનારવિંદ,
જ્યાં વસે ત્યાં પામે દેવ ગુરુ ને ધર્મ તણાં ચરણારવિંદ.

| | |
|---|---|
| ધર્મપત્ની | : રંજનબેન |
| પુત્રી | : પારુલ અતુલકુમાર ગાંધી |
| પુત્ર | : દીપેન (૯૭૫૭૦૩૮૯૦૭) |
| | ધીમંત (૯૮૬૯૦૮૦૬૦૭) |
| પુત્રવધૂ | : રુપલ - જસ્મીન |
| દોહિત્ર | : ભાવિક |
| સસરા | : શાંતિલાલ સોમચંદ શાહ |
| દુકાન | : કમલા મેચિંગ સેન્ટર, ઘાટકોપર |

Advt.

FLAMINGO transworld pvt. ltd.
You Travel We Care





WHY FLAMINGO?

આપના પ્રવાસ ને યાદગાર બનાવવા માટે, ૨૫૦ થી વધુ કટીબદ્ધ ટીમ મેમ્બર્સ નો કાફલો

સમગ્ર ભારત માં ૫૦ થી વધુ બુકિંગ હબ નુ વિશાળ નેટવર્ક ધરાવતી કંપની

ગુજરાતી – હિન્દી અને અંગ્રેજી ભાષા ના જાણકાર અનુભવી ૩૦૦ ટુર મેનેજર

વિશ્વ ના ખૂણે ખૂણે એટલે કે 80 થી વધુ દેશ ના યાદગાર પ્રવાસ ની મહારથ

વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ વિભાગ

**Scenic South America**
13 Nights / 14 Days
3, 21 July, 7, 23 Aug, 26 Sep, 23 Oct 2026

**Amazing Mauritius**
6 Nights / 7 Days
9, 15, 22, 27 May 2026

**Scenic South Africa with chef**
(With Winery experience)
12 Nights / 13 Days
10, 16, 23, 24, 28 May, 4, 14 June 2026

**Exotic South Africa with Victoria Falls**
13 Nights / 14 Days
18 May, 2 Jun, 24 Aug, 28 Sep 2026

**African Jambo with Kenya**
14 Nights / 15 Days
23 May 2026

**Whole of South Africa with Kruger**
13 Nights / 14 Days
5,15,19,20,25,27 May, 3, 6, 13, 20 Jun, 4,15 Jul, 8, 14 Aug,1, 17 Sep 2026

OUR MUMBAI LOCATIONS
Andheri, Goregaon, Kandivali, Mira Road, Opera House
Sion, Ghatkopar, Thane, Mulund, Kharghar, Pune
+91 98199 30022 www.flamingotravels.co.in

Advt.

# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ
તા. ૧૫-૦૪-૧૯૫૧

અરિહંતશરણ
તા. ૦૩-૦૪-૨૦૨૬

## સ્વ. હર્ષાબેન રસિકલાલ શાહ

વઢવાણ નિવાસી હાલ અંધેરી

જ્યારે મ ને કાનો લાગે,
આખો સંસાર નાનો લાગે!!

ધર્મનો રંગ જેની હાડહાડની મજ્જામાં, શાસનની સુગંધ જેના અસ્તિત્વમાં
વાત્સલ્યનો ધોધ જેના અણુએ અણુમાં
એકાવતારી બની આપ, રહો તીર્થંકર ચરણે સાધનામાં
શબ્દો ઓછા પડે છે આજના, નતમસ્તક વંદન ચરણોમાં આપના...!!!

**આપના સદૈવ ઋણી**

| | | | |
|---|---|---|---|
| **પુત્ર** | : તેજસ રસિકભાઈ ચંપકલાલ શાહ | **પુત્રી** | : પૂજા હિરેનભાઈ શેઠ |
| **પુત્રવધુ** | : નેહા તેજસભાઈ શાહ | **જમાઈ** | : હિરેનભાઈ ઉપેન્દ્રભાઈ શેઠ |
| **પૌત્ર-પૌત્રી** | : દ્વિત, આશ્ની | **દોહિત્ર** | : આગમ, આહાન |

**તુ ઝાકળ માઁ, તુ વાદળ માઁ, તુ છાયા માઁ, તુજ છે મારા-માઁ**
**તુ શ્વાસ માઁ, તુ યાદ માઁ, તુ વાત માઁ, તુજ મારો આત્-માઁ**

Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન
# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૦૧-૦૯-૧૯૪૬



અરિહંત શરણ :
તા. ૧૧-૦૫-૨૦૨૫

## સ્વ. રંજનબેન ચંદુલાલ શાહ
### દાણાવાડા નિવાસી - હાલ બોરીવલી. મુંબઈ.

તમારી વસમી વિદાય ને આજે એક વર્ષ પૂર્ણ થાય છે.
હૃદય અમારા રડી પડે છે, જોઈ તસ્વીર આપની
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની
વસતી વિદાય તમારી ને કાળજુ વીંધાય જાય....
અણુએ અણુમાં બસ અમને તમારી જ પ્રતિતિ થાય.

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની શક્તિ હતી
ધર્મ કદી ભૂલ્યા નથી... વ્યવહાર કદી ચૂક્યા નથી
પરિવાર માટે ફૂલો પાથરી ગયા
એવા દિવ્ય આત્મા ને પરમ પદ ની પ્રાપ્તિ થાય એજ અમારી આપને ભાવભીની શ્રદ્ધાંજલિ

**શ્રદ્ધાંજલિ અર્પતા આપના સદૈવ ઋણી**

પતિ - સ્વ. ચંદુલાલ ઝવેરચંદ શાહ
પુત્ર-પુત્રવધુ - ભાવિન-અમી, પૌત્ર-પૌત્રી - રીવાન અને શ્રેયા
પુત્ર-જમાઈ - મનીષાબેન-રાજેશકુમાર, દોહિત્રી-કૃણાલી અને તૃષા
તથા શાંતાબેન શાંતિલાલ શાહ પરિવાર (મુળી વાળા)
જય જિનેન્દ્ર-જય મહાવીર

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/ WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


# અશ્રુભીની શ્રદ્ધાંજલી



**સ્વ. શાન્તાબેન જયંતીલાલ શાહ**

જન્મ : ૧/૫/૧૯૪૧ • સ્વર્ગવાસ : ૨૭/૯/૨૦૧૦



**સ્વ. જયંતીલાલ ચંદુલાલ શાહ**

જન્મ : ૧૫/૯/૧૯૩૭ • સ્વર્ગવાસ : ૨/૫/૧૯૯૩

ત્વમેવ માતાય પિતા ત્વમેવ । ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।।
ત્વમેવ સ્વામી શરણાગતાનમ્ । ત્વમેવ સંસાર નિવાર કોસિ ।।

Gautam
ADVERTISING
Accredited with: THE I.N.S. NEW DELHI

ચંદુલાલ ચુનીલાલ શાહ પરિવાર તથા
ગૌતમ એડવર્ટાઈઝીંગ સ્ટાફ

Advt.


Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002.